
વર્ષ : ૪૬ ❖ અંક : ૦૭
જુલાઈ-૨૦૨૨

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

Retail Price Rs. 5/- Each

# દિવ્યધ્વનિ



"હું આત્મા છું.



આત્માનો સેવક છું,



સૌનો મિત્ર છું."

**ગુરુદેવ તારા ચરણમાં ફરી ફરી કરું હું વંદના,**
**સ્થાપી અનંતાનંત તુજ ઉપકાર મારા હૃદયમાં...**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
મો.નં. ૯૪૨૮૬૬૨૩૮૬ (કાર્યાલય / એકાઉન્ટ્સ), ૯૪૨૮૬૬૨૩૭૬ (રિસેપ્શન / આવાસ)
Mail : mail@shrimadkoba.org, Web : www.shrimadkoba.org

# મુંબઇની ધર્મયાત્રા વેળાની તસવીરો (તા. ૦૧-૦૬-૨૦૨૨ થી તા. ૦૬-૦૬-૨૦૨૨)



શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, ઘાટકોપરમાં સ્વાધ્યાય વેળાએ



સ્વામિનારાયણ મંદિર, પવઇના ટ્રસ્ટીઓ સાથે કોબાના ટ્રસ્ટીઓ અને મુમુક્ષુઓ



શ્રી સ્થાનકવાસી ઉપાશ્રય, મલાડમાં સ્વાધ્યાય



'કમલા' વાલકેશ્વરમાં સ્વાધ્યાય



સપ્ત વ્યસનત્યાગની પ્રતિજ્ઞા લેતા મુમુક્ષુઓ - બોરીવલી



શ્રી શરદભાઈ ડેલીવાળાના નિવાસે સત્સંગ



શ્રી દર્શનભાઈ જશવાણીના નિવાસે સત્સંગ



શ્રી શાંતિભાઈ શાહ પરિવાર, વાલકેશ્વર



શ્રી કિંતનભાઈ મણિયારના નિવાસે સત્સંગ



શ્રી શિરીષભાઈ મહેતા પરિવાર સાથે

# દિવ્યધ્વનિ


**-: પ્રેરક :-**

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

**-: તંત્રી - સંપાદક :-**

**શ્રી મિતેશ એ. શાહ**

(મો) ૯૪૨૭૦૬૪૪૭૯

**-: સ્વત્વાધિકારી :-**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

**-: મુદ્રક-પ્રકાશક :-**

**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

**-: પ્રકાશન સ્થળ :-**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન:૯૪૨૮૬૬૨૩૮૬ (કાર્યાલય/એકાઉન્ટ્સ)

૯૪૨૮૬૬૨૩૭૬ (રિસેપ્શન/આવાસ)

**-: લવાજમ શ્રેણી :-**

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220


## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ............... શ્રીમદ્ રાજચંદ્રજી ...... ૫

(૨) ગુરુ તમારા સંગમાં .......... પૂજ્યશ્રી આત્માનંદજી... ૬

(૩) મેરી ભાવના-એક અનુચિંતન .......... પૂજ્ય બહેનશ્રી.....૯

(૪) ગુરુ બિન મૈં અનાથ હૂં .... સમણ શ્રુતપ્રજ્ઞજી ..... ૧૧

(૫) જીવનનું સમરાંગણ ... પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ .... ૧૪

(૬) શ્રી પૂજ્યપાદ આચાર્ય ..... પ્રા. ચંદાબહેન પંચાલી ..... ૧૬

(૭) શ્રી દેવચંદ્રજી ચોવીસી ....... શ્રી અશોકભાઈ શાહ.... ૧૯

(૮) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર... ..શ્રી મહેન્દ્રભાઈ ખંધાર ... ૨૨

(૯) સદ્‌ગુરુ :સંસ્કૃતિન આધારસ્તંભ..શ્રી ગુણવંત બરવાળિયા . ૨૬

(૧૦) જીવનમાં ગુરુનું મહત્ત્વ .... શ્રી પારુલબેન ગાંધી ..... ૨૯

(૧૧) સ્મરણીય સદ્‌ગુરુ ..... શ્રી ભાનુબેન શાહ ....... ૩૧

(૧૨) જીવન સુધાકર - દિવાળી પુસ્તિકા .................... ૩૨

(૧૩) સમાજ-સંસ્થા દર્શન .............................. ૩૪



**વર્ષ : ૪૬** **જુલાઈ-૨૦૨૨** **અંક-૦૭**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

**કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)**

**ફોન: ૯૪૨૮૬૬૨૩૮૬ (કાર્યાલય/એકાઉન્ટસ)**

**૯૪૨૮૬૬૨૩૭૬ (રિસેપ્શન/આવાસ)**

mail@shrimadkoba.org, www.shrimadkoba.org


**બેંકમાં સીધું દાન ભરવા માટેની વિગત**

**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank :** Kotak Mahindra Bank

**Branch :** Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839

**BANK DETAILS FOR FOREIGN DONORS**

**IN FAVOUR OF :** SHREE SATSHRUT SEVA SADHANA KENDRA

**NAME of BANK :** STATE BANK OF INDIA

**BRANCH :** NEW DELHI, MAIN BRANCH 11, PARLIAMENT STREET-110001

**A/C NO. :** 40102524216 **IFSC CODE :** SBIN0000691

**SWIFT CODE :** SBININBB104

**INCOME TAX EXEMPTION UNDER SECTION (80G) 5 OF THE INCOME TAX ACT, 1961. VIDE NO. CIT / GNR / 80G / GNR89 / 2008-2009**

**INCOME TAX REGISTRATION U/S. 12AA. 041910192**

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**ગ્રાહકોને નમ્ર વિનંતી**

આપના હાલના મોબાઇલ નંબર તેમજ E-mail એડ્રેસ સંસ્થાને આપના ગ્રાહક નંબર સાથે રેકર્ડ અપડેશન માટે તુરત જ મોકલી આપવા વિનંતી.

**મો.નં.** ૯૪૨૮૬૬૨૩૭૬,

**વોટ્સએપ નં.** ૯૩૨૭૦૯૦૩૯૩

**: મુદ્રણસ્થાન :**

**ભગવતી ઑફસેટ**

૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,

અમદાવાદ - ૩૮૦ ૦૦૪

ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

સિદ્ધ ભગવંત અરિહંત ભગવંત કરતાં ગુણમાં ચડિયાતા હોવા છતાં, શ્રી નમસ્કાર મહામંત્રમાં અરિહંત ભગવંતને પ્રથમ નમસ્કાર કરવામાં આવ્યા છે, કારણ કે સિદ્ધ ભગવંતને બતાવનારા તેઓ છે. તેવી જ રીતે અમને વીતરાગ પ્રભુના સનાતન આત્મધર્મની સાચી સમજણ આપનારા આપ છો, તેથી અમે પણ આપને પ્રથમ નમસ્કાર કરીએ છીએ. આપ અમારા ગુરુ છો - પરમગુરુ છો. એમ કહેવાય છે કે -

ગુરુ ગોવિંદ દોનોં ખડે, કિસકો લાગું પાય ?<br>
બલિહારી ગુરુદેવકી, જિસને ગોવિંદ દીયો બતાય.

આપશ્રીએ પણ શ્રી આત્મસિદ્ધિની ૧૨મી ગાથામાં કહ્યું છે કે-

"સદ્ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;<br>
સમજ્યા વણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ."

તે કારણે શ્રી વીતરાગ ભગવંતોએ પ્રણીત કરેલા અચિંત્ય ચિંતામણિસ્વરૂપ, પરમહિતકારી, પરમ અમૃતસ્વરૂપ એવા શાશ્વતધર્મના માર્ગે જેઓ ચાલી રહ્યા છે, સાત ક્ષેત્રોને સદા નવપલ્લવિત કરી રહ્યા છે, એવા શ્રી સદ્ગુરુ ભગવંતોને તથા દાન, શીલ, તપ અને ભાવમાં જે જીવન વિતાવતા હોય તે સર્વને વંદન કરીએ છીએ.

"નમન નમન હો અરિહંતોને, અંતરશત્રુના હણનાર,<br>
નમન નમન હો સિદ્ધ સકલને, અજરામર પદના ધરનાર,<br>
કોટિ નમન હો આચાર્યોને, પાળે પળાવે પંચાચાર,<br>
નમસ્કાર હો ઉપાધ્યાયને, ભણે ભણાવે આગમસાર,<br>
નમો લોકમાં સર્વસાધુને, પંચ મહાવ્રત પાલનહાર,<br>
નમસ્કાર એ પાંચે નિશદિન, સર્વ દૂરિતોને હરનાર,<br>
સર્વમંગલમાં છે એ પ્રથમ મંગલ, સર્વનું મંગલ છે કરનાર."

પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમજ્ઞાન સુખધામ;<br>
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ


# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક-૨૧૩

મુંબઈ, ફાગણ સુદ ૪, શનિ, ૧૯૪૭

**પુરાણપુરુષને નમોનમઃ**



આ લોક ત્રિવિધ તાપથી આકુળવ્યાકુળ છે. ઝાંઝવાનાં પાણીને લેવા દોડી તૃષા છિપાવવા ઇચ્છે છે, એવો દીન છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઈ જવાથી ભયંકર પરિભ્રમણ તેને પ્રાપ્ત થયું છે. સમયે સમયે અતુલ ખેદ, જ્વરાદિક રોગ, મરણાદિક ભય, વિયોગાદિક દુઃખને તે અનુભવે છે; એવી અશરણતાવાળા આ જગતને એક સત્પુરુષ જ શરણ છે; સત્પુરુષની વાણી વિના કોઇ એ તાપ અને તૃષા છેદી શકે નહીં એમ નિશ્ચય છે. માટે ફરી ફરી તે સત્પુરુષના ચરણનું અમે ધ્યાન કરીએ છીએ.

સંસાર કેવળ અશાતામય છે. કોઇ પણ પ્રાણીને અલ્પ પણ શાતા છે, તે પણ સત્પુરુષનો જ અનુગ્રહ છે; કોઇ પણ પ્રકારના પુણ્ય વિના શાતાની પ્રાપ્તિ નથી; અને એ પુણ્ય પણ સત્પુરુષના ઉપદેશ વિના કોઇએ જાણ્યું નથી; ઘણે કાળે ઉપદેશેલું તે પુણ્ય રૂઢિને આધીન થઇ પ્રવર્તે છે; તેથી જાણે તે ગ્રંથાદિકથી પ્રાપ્ત થયેલું લાગે છે, પણ એનું મૂળ એક સત્પુરુષ જ છે; માટે અમે એમ જ જાણીએ છીએ કે એક અંશ શાતાથી કરીને પૂર્ણકામતા સુધીની સર્વ સમાધિ તેનું સત્પુરુષ જ કારણ છે; આટલી બધી સમર્થતા છતાં જેને કંઇ પણ સ્પૃહા નથી, ઉન્મત્તતા નથી, પોતાપણું નથી, ગર્વ નથી, ગારવ નથી, એવા આશ્ચર્યની પ્રતિમારૂપ સત્પુરુષને અમે ફરી ફરી નામરૂપે સ્મરીએ છીએ.

ત્રિલોકના નાથ વશ થયા છે જેને એવા છતાં પણ એવી કોઇ અટપટી દશાથી વર્તે છે કે જેનું સામાન્ય મનુષ્યને ઓળખાણ થવું દુર્લભ છે; એવા સત્પુરુષને અમે ફરી ફરી સ્તવીએ છીએ.

એક સમય પણ કેવળ અસંગપણાથી રહેવું એ ત્રિલોકને વશ કરવા કરતાં પણ વિકટ કાર્ય છે; તેવા અસંગપણાથી ત્રિકાળ જે રહ્યા છે, એવાં સત્પુરુષનાં અંતઃકરણ, તે જોઇ અમે પરમાશ્ચર્ય પામી નમીએ છીએ.

હે પરમાત્મા ! અમે તો એમ જ માનીએ છીએ કે આ કાળમાં પણ જીવનો મોક્ષ હોય. તેમ છતાં જૈન ગ્રંથોમાં ક્વચિત્ પ્રતિપાદન થયું છે તે પ્રમાણે આ કાળે મોક્ષ ન હોય; તો આ ક્ષેત્રે એ પ્રતિપાદન તું રાખ, અને અમને મોક્ષ આપવા કરતાં સત્પુરુષના જ ચરણનું ધ્યાન કરીએ અને તેની સમીપ જ રહીએ એવો યોગ આપ.

હે પુરુષપુરાણ ! અમે તારામાં અને સત્પુરુષમાં કંઇ ભેદ હોય એમ સમજતા નથી; તારા કરતાં અમને તો સત્પુરુષ જ વિશેષ લાગે છે; કારણ કે તું પણ તેને આધીન જ રહ્યો છે; અને અમે સત્પુરુષને ઓળખ્યા વિના તને ઓળખી શક્યા નહીં; એ જ તારું દુર્ઘટપણું અમને સત્પુરુષ પ્રત્યે પ્રેમ ઉપજાવે છે. કારણ કે તું વશ છતાં પણ તેઓ ઉન્મત્ત નથી, અને તારાથી પણ સરળ છે, માટે હવે તું કહે તેમ કરીએ.


હે નાથ ! તારે ખોટું ન લગાડવું કે અમે તારા કરતાં પણ સત્પુરુષને વિશેષ સ્તવીએ છીએ. જગત આખું તને સ્તવે છે; તો પછી અમે એક તારા સામા બેઠા રહીશું તેમાં તેમને ક્યાં સ્તવનની આકાંક્ષા છે; અને ક્યાં તને ન્યૂનપણું પણ છે ?

જ્ઞાનીપુરુષો ત્રિકાળની વાત જાણતાં છતાં પ્રગટ કરતા નથી, એમ આપે પૂછ્યું; તે સંબંધમાં એમ જણાય છે કે ઇશ્વરી ઇચ્છા જ એવી છે કે અમુક પારમાર્થિક વાત સિવાય જ્ઞાની બીજી ત્રિકાળિક વાત

**(અનુસંધાન પાના નં. ૧૩ પર)**

# ગુરુ તમારા સંગમાં...

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



મનુષ્યભવ સફળ કરવા માટે ભક્તિ-સત્સંગ કરવાં. જે વસ્તુ જ્યાં મળતી હોય ત્યાં જવું પડે. જો આપણે શાંતિ, પવિત્રતા જોઈતી હોય, સદ્‌ગુણો પ્રગટાવવા હોય, મુમુક્ષુતા વર્ધમાન કરવી હોય તો આપણે સંતો પાસે જવું.

**સેવે સદ્‌ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજ પક્ષ;**
**પામે તે પરમાર્થને, નિજ પદનો લે લક્ષ.**

જ્ઞાનીઓ કહે છે કે મરીને પણ આત્મા જાણો- આત્માને જાણતાં જો મરી જશો તો અમર થઈ જશો. કારણકે મૃત્યુ તો એક દિવસ આવશે જ પણ કાંઈ આત્મા તે મૃત્યુથી મરતો નથી. મૃત્યુ એટલે શરીર અને આત્માનું અલગ થઈ જવું. એક ભક્તિપદ વિચારીએ.

**ગુરુ તમારા સંગમાં,**
**ભક્તિને સત્સંગમાં,**
**જીવન વીતી જાય;**
**એક તમારી ચાહના,**
**બીજી કોઈ આશ ના,**
**મમ જીવન અજવાળ..**

કોઈ વિરલા મહાપુરુષો જે પૂર્વભવનું ભાથું લઈને આવ્યા હોય તે જ સંતના ચરણની સેવા કરી શકે.

*સંત પરમ હિતકારી, જગતમાંહી,*
*સંત પરમહિતકારી(૨)*
*બ્રહ્માનંદ સંતનકી સોબત,*
*મિલત હૈ પ્રગટ મુરારી..*

મારું જીવન સદ્‌ગુરુના સમાગમમાં, પવિત્ર વિચારોમાં, આજ્ઞાનું પાલન કરવામાં અને દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય વગેરે ગુણોની પ્રાપ્તિમાં વીતે તો મારા જીવનમાંથી સ્વચ્છંદનો નાશ થાય અને આત્મકલ્યાણ થાય.

જેમ જેમ સાધનામાં આગળ વધીએ તેમ તેમ મુશ્કેલીઓ વધતી જાય. જેને ભગવાન જોઈતા હોય તેણે સંસાર પ્રત્યેની આસક્તિ ઘટાડવી જોઈએ. 'એક તમારી ચાહના' માત્ર સદ્‌ગુરુ સિવાય, સત્સંગ સિવાય દુન્યવી ઇચ્છાઓનો ત્યાગ કરવો.

*"જહાં કામ તહાં રામ નહીં,*
*રામ તહાં નહીં કામ;*
*દોહુ સાથ મિલત નહીં,*
*દિન-રજની એક સાથ."*

ગુરુનો બોધ વાણીથી તો માત્ર ૨૦ ટકા જ મળે. બાકી તો તેમની આંખો જુઓ, તેમની મુદ્રા જુઓ, તેમનું હાલવું - ચાલવું - બોલવું - ખાવું જુઓ; તેમની સર્વ ક્રિયામાં ચૈતન્યની ઝલક છે. આવા ચૈતન્યની ઝલક જોનારી આંખ મુમુક્ષુની હોવી જોઈએ.

*'મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લે છે.'*

જેમ જેમ સત્પુરુષની આજ્ઞા અને સત્પુરુષની મુદ્રા તેમજ ગુણોનો રંગ ચઢતો જાય તેમ તેમ આત્મા ઉપરથી મોહ હટતો જાય. આવા ગુરુ કેવા હોય? તેનું આગળની કડીમાં વર્ણન કર્યું છે :-

**પીપળાની શીળી છાયા જેવો વિશાળ તું,**
**મીઠી પરબના પાણી તરસ્યાને પાય તું,**
**પીપળાની શીળી છાંયડી, મીઠા જળની પરબડી,**
**સૌની પ્યાસ બુઝાવ (૨)**

દુનિયામાં ચાર વસ્તુ નિઃસ્પૃહ છે, જેનું જીવન સદા પરોપકારી હોય છેઃ-

*"સરોવર, તરુવર, સંતજન, ચોથા વરસે મેહ;*
*પરમારથ કે કારણે, ચારો ધરીયા દેહ."*

આપણી સંસ્કૃતિમાં પર્યાવરણની શુદ્ધિ માટે પીપળો અને વડ શ્રેષ્ઠ છે માટે આ બન્ને ઝાડને પૂજ્ય ગણવામાં આવે છે. કારણકે તે કાર્બનડાયોક્સાઈડ લે છે અને ઓક્સિજન છોડે છે. આ તો વ્યવહારિક વાત થઈ પણ સંતજનના તો શરીરમાંથી, આત્મામાંથી, તેમની વાણીમાંથી તેમના

વ્યવહારમાંથી તથા તેમના સમુચ્ચય વ્યક્તિત્વમાંથી જ્ઞાન અને આનંદની લહેરીઓ છૂટે છે, જે યોગ્ય મુમુક્ષુ જીવના હૃદયની આરપાર નીકળી જાય છે. પણ અત્યારે સાચા જ્ઞાની અને પોતાનું હૃદય જેણે પવિત્ર કર્યું હોય અને સદ્ગુરુના બોધને ગ્રહણ કરવા માટે ચિત્તની જેણે શુદ્ધિ કરી હોય તેવા મનુષ્યો પણ વર્તમાનમાં દુર્લભ છે, પણ છે ખરા.

*"આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય;*
*થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહિ કોઈ."*

ભગવાન મહાવીરે પણ કહ્યું છે કે ૨૧૦૦૦ વર્ષ સુધી કોઈક કોઈક સાચા સંતો થશે માટે આપણે એવા થવાનો પ્રયત્ન કરવો. પીપળાની શીળી છાયા... અહીંતો જે મુમુક્ષુને ગુરુ મળ્યા છે તેની વાત છે. વૃક્ષનો છાંયડો પ્રાણીમાત્ર માટે છે, તેમ સંતની વાણી અને સંતોનો સમાગમ લૂંટી શકાય તેટલો લૂંટો કેમકે આપણું આયુષ્ય થોડું છે, ઘડપણ આવશે એટલે દેખાશે નહીં, સંભળાશે નહીં માટે જ્ઞાનીઓ કહે છે કે,

*"રે આત્મ તારો ! આત્મ તારો! શીઘ્ર એને ઓળખો,*
*સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો."*

અત્યારે પાણી પૈસાથી વેચાય છે! પહેલાં ઠેર ઠેર ઉનાળામાં પાણીની પરબો હતી પણ સંતો કહે છે કે અમારે ત્યાંથી મફતમાં ઠંડુ પાણી પેટ ભરીને પીઓ. સંતો પાસે કેવું પાણી છે? જ્ઞાન, ધ્યાન, વૈરાગ્ય, ભક્તિ રૂપી પાણી મફતમાં પીવો.

*"લાખ વિનાના લેખા નહિને, પાર વિનાની પૂંજી;*
*વ્હોરવું હોય તો વ્હોરી લેજો, કસ્તુરી છે સોંઘી*
*અમે તો રામનામના વહેપારી..."*

'સૌની પ્યાસ બુઝાવ' એટલે જેની જેટલી શક્તિ હોય તેટલું તે લે. ગંગાનદી વહે છે તો કોઈ ખોબો, કોઈ ગ્લાસ, કોઈ ઘડો તો મ્યુનિસિપાલિટી ટેન્કર ભરીને પાણી લે છે. આમ, લૂંટો ભાઈ લૂંટો, સત્સંગનો લ્હાવો લૂંટો અને તેને હૃદયસ્થ કરો. સંતોની વાણી માત્ર સાંભળવા માટે નથી, તેને હૃદયમાં એવી ફીટ કરવી કે આખું જીવન તે યાદ રહે તથા શરીરના મૃત્યુ વખતે પણ તે હાજર રહે કારણકે આત્મા અમર છે. તે મરવાનો નથી, માત્ર તેનું સ્થાનાંતર થવાનું છે.

**"બોધિધારા તારી પાવન, પતિતોને તારતી**
**મુરઝાતી માનવતાને, ફરી વિકસાવતી,**
**જ્ઞાનની તું ગંગોત્રી, ભક્તિની તું યમનોત્રી**
**તું છે ધરતી વિશાળ (૨)."**

જ્ઞાન ચોપડીમાંથી ન આવે. જ્ઞાન થાય એટલે પાતાળકૂવો ફૂટે. એકવાર પાતાળકૂવો ફૂટે તો ઉનાળો આવે તો પણ પાણી સુકાય નહીં કે ખૂટે નહીં. તેમ આત્મામાં અનંત જ્ઞાન છે. જો આત્મા પરથી મોહનો પડદો ખસી જાય તો તેનું જ્ઞાન વધતું જાય. ત્રણવાર એટલે કહ્યું કારણ કે આ કોઈ પુસ્તકનું જ્ઞાન નથી, પોથી પંડિતનું જ્ઞાન નથી, કોઈ ભાષા કે કોમ્પ્યુટરનું કે સાંભળેલું જ્ઞાન નથી પણ અનુભવનું જ્ઞાન છે. તે જ્ઞાન કેવું છે?

*"ખરચે ન ખૂટે વાકો ચોર ન લૂંટે, દિન દિન બઢત*
*સવાયો, પાયોજી મૈને રામ રતનધન પાયો...."*

જ્ઞાનીનું જ્ઞાન ક્યાંયથી સાંભળેલું, ગોખેલું કે ભેગું કરેલું નથી. તેમની વાણી સહજ હોય છે. જે ઉત્તમ મુમુક્ષુ જ્ઞાનીગુરુનો બોધ ગ્રહણ કરે તો અનાદિકાળના અજ્ઞાન અંધકારનો નાશ થઈ જાય અને અંદરમાં ઝળહળ જ્યોતિ સ્વરૂપ જ્ઞાન-આનંદનું વેદન થાય છે, માટે ગમે તે ઉપાયો કરી સર્વ પ્રથમ જ્ઞાનીની વાણી સાંભળવી અને તે સાંભળવા જતાં પહેલાં ઉત્તમ મુમુક્ષુતા પ્રગટ કરવી કારણ કે તે બન્નેનો સમાગમ થાય તો મોહગ્રંથિનો-આત્મભ્રાંતિનો નાશ થાય અને ચૈતન્યજ્યોતિ પ્રગટે. મુરઝાતી માનવતાને... અત્યારે તો સાવ માનવતા મુરઝાતી જાય છે. માનવતા પ્રગટાવવા શં કરવું?

*"સૌ ભૂતમાં સમતા મને, કો સાથ વેર મને નહીં;*
*આશા ખરેખર છોડીને, પ્રાપ્તિ કરું છું સમાધિની."*

કોઈને મારી સાથે ફાવે કે ન ફાવે પણ મને તો બધાની સાથે ફાવશે. જ્ઞાનીના જીવનનું સૂત્ર છે કે,

*"ચાલશે, ફાવશે, ભાવશે અને ગમશે."*

I have NO complain in my life.

જે થાય તે યોગ્ય જ માનવામાં આવે એવું આપણું જીવન બનાવવા પ્રયત્ન કરવો. ઝઘડો કરવો કે ફરિયાદ કરવી તે ઉપાય નથી. આપણને તો કોઈ દુઃખ નથી. સીતામાતાને કેટલુ દુઃખ હતું તેનો વિચાર કરવો માટે Adjust, Adopt, Accomodate.

ભારતમાં ગંગા, યમુના અને સરસ્વતી ત્રણ મહત્ત્વપૂર્ણ છે તેમ પરમાર્થમાં સાચી શ્રદ્ધા, સાચું જ્ઞાન અને સાચું ચારિત્ર પૂજનીય છે, જેને પ્રાપ્ત

કરવાથી મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે. કૃપાળુદેવને જ્ઞાનાવતાર કહેવાય છે. શ્રદ્ધા કેવી કરવી? તો,

*"મેરુ તો ડગે પણ જેનાં મન ના ડગે રે,*
*ભલે ભાંગી પડે બ્રહ્માંડ રે,*
*વિપત પડે પણ વણસે નહીં,*
*સોહી હરિજનનાં પરમાણ રે."*

'તું છે ધરતી વિશાળ' માતા અને ધરતી બન્નેને ગમે તેટલું કષ્ટ આપો તો પણ તે આપણને આશીર્વાદ જ આપે છે. બધા અવતારી પુરુષો, ૨૪ તીર્થંકરો ભારતમાં જ થયા છે. આપણને બધા દેશો પ્રત્યે આદર છે પણ ભારતભૂમિ મહાન છે. અહીં થયેલા સંતોની વાણીની ઉપાસના કરવી અને જીવનમાં નિશ્ચય કરવો કે હું સત્સંગ-ભક્તિ જરૂર કરીશ જ અને આ સત્સંગ- ભક્તિ દ્વારા હું મારા જીવનને નિર્મળ બનાવીશ. બસ, આટલો જ મોક્ષનો માર્ગ છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

## શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર ...

પાના નં. ૨૫ પરથી ચાલુ...

આત્મદર્શન કરે છે. ત્રણેય ગઢ ત્રણ ભૂમિકાઓ છેઃ સામાન્ય પુણ્ય, ઉત્કૃષ્ટ પુણ્ય અને પરમ પુણ્ય. આ ત્રણેય ગઢ મોહાત્મક દ્રવ્ય છે. એટલે તે દ્રવ્યોના મોહને છોડીને પ્રભુને (વ્યવહારથી) અને આત્માને (નિશ્ચયથી) પ્રેમ કરવો તે આ શ્લોકનો આધ્યાત્મિક સંદેશ છે.

● **ઉત્થાનિકા :** આગળના શ્લોક-૨૮માં, પ્રભુનું ઐશ્વર્ય (આંતરિક) અને પૂજ્યતા વિશેષપણે દર્શાવે છે.

● **અંતમંગળ :** અંતમાં સૌ જીવ પ્રભુના કાંતિ-પ્રતાપ-કીર્તિ આદિ વૈભવ અને ઐશ્વર્યથી તેમના પ્રત્યે પ્રેમ અને પૂજ્યતાથી પોતાનું આત્મકલ્યાણ કરે એવી મંગલભાવના સાથે, જિનાજ્ઞા અને જિનવાણીથી કાંઇ વિપરીત લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

●●●

## સ્વભાવ : જીવનનું સમરાંગણ ...

પાના નં. ૧૫ પરથી ચાલુ...

તમે ઘણી વ્યક્તિ એવી જોઈ હશે કે જે એમ કહેતી હોય કે આ ગુસ્સાનો વારસો તો મને મારા પિતા અથવા તો દાદા તરફથી મળ્યો છે. હકીકતમાં સ્વભાવનો વારસો કોઈની પાસેથી મળતો નથી. આપણે જેવો સ્વભાવ ઘડીએ તેવો આપણો સ્વભાવ બને. આપણે ધારીએ તો આપણા સ્વભાવને સ્વ-ભાવમાં પરિવર્તિત કરી શકીએ છીએ, પરંતુ સ્વભાવમાં રહેલા અહંકારને જાળવી રાખવા માટે ખોટી બહાનાબાજી કે બચાવનામું ઊભું કરીએ છીએ અને અવિવેકી સ્વભાવના બચાવ માટે કેટલાંય તર્ક-કુતર્ક ઊભા કરીએ છીએ.

સમાજમાં જોઈએ છીએ કે ઘણીવાર વ્યક્તિના સ્વભાવનું પરિવર્તન થતું હોય છે. એક સમયનો ક્રોધી માનવી વિનમ્ર બની જતો હોય છે, ત્યારે સવાલ એ જાગે કે એણે શા માટે આટલાં બધાં વર્ષો ક્રોધમાં ગુમાવ્યાં ? એક સમયનો લોભી માનવી ઉદાર બની જતો હોય છે અને ત્યારે પ્રશ્ન એ ઊઠે કે એ માણસે અત્યાર સુધી મૂંજી અને કંજૂસ જેવું જીવન જીવવામાં કેટલાં બધાં વર્ષો પસાર કરી દીધાં.

એણે પોતાના સ્વભાવની મર્યાદાઓ જાણવી જોઈએ અને જાણ્યા પછી એક માનવી તરીકે પોતાનો સ્વભાવ ઉમદા રીતે ઘડવા માટે પ્રયત્ન કરવો જોઈએ. આમ કરે તો એ પોતાનો સ્વભાવ સુધારી શકે છે અને એનામાં સૌજન્ય, નમ્રતા, સદ્ભાવ અને શાંતિનો ઉદ્ભવ થાય છે. એ જેમ જેમ પોતાના સ્વભાવને ઓળખતો જાય છે, તેમ તેમ એને પોતાની મર્યાદા સમજાતી જાય છે અને એ રીતે એના સ્વભાવનું ક્રમશઃ પરિવર્તન થતું જાય છે. એને સ્વ-દોષોની ઓળખ સાંપડે છે અને ધીરે ધીરે એ દોષો દૂર કરીને પોતાની જાતનું પરિવર્તન સાધે છે. આવી વ્યક્તિ સમય જતાં પરમાત્માની સાધના તરફ વળે છે અને ત્યારે સ્વામી રામતીર્થનું એ વચન યાદ આવે કે 'મનુષ્યની સાચી પ્રકૃતિ એ ઈશ્વરત્વ છે.'

●●●

શ્રી જુગલકિશોરજી મુખ્તાર 'યુગવીર' વિરચિત

# મેરી ભાવના - એક અનુચિંતન

(આધારઃ પૂજ્યશ્રી આત્માનંદજી કૃત વિવેચન)

**પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી**

(ગાથા-૨)

**विषयोंकी आशा नहीं जिनके,**
**साम्यभाव धन रखते हैं;**
**निज परके हित साधनमें जो,**
**निशदिन तत्पर रहते है,**
**स्वार्थत्यागकी कठिन तपस्या,**
**बिना खेद जो करते है;**
**ऐसे ज्ञानी साधु जगत के,**
**दुःखसमूह को हरते हैं ।**

### ગુજરાતી ગદ્યાનુવાદ

જેણે પાંચ ઇન્દ્રિયોના વિષયસુખની ઇચ્છા છોડી દીધી છે અને સામ્યભાવ, સમતાભાવ, શુદ્ધભાવ, શુદ્ધ ઉપયોગ એ જ આત્મિક ધન જેણે પ્રાપ્ત કર્યું છે, પોતાના તથા પરના કલ્યાણના સાધનોમાં જેઓ નિશદિન તત્પર રહે છે, ઇન્દ્રિયવિષય આદિ સાંસારિક સુખરૂપ સ્વાર્થનો ત્યાગ કરવાથી તથા સાંસારિક ભોગની ઇચ્છા માત્રનો ત્યાગ કરવાથી ખરી તપસ્યા જે કરી રહ્યા છે એવા આત્મજ્ઞાની ત્યાગી ધર્માત્મા જગતના જીવોના સત્ય માર્ગદર્શક બની સાધકજીવોના સર્વ દુઃખસમૂહને હરે છે.

### વિશેષ વિચારણા

ઉપરોક્ત ગાથામાં સત્પુરુષ (સદ્‌ગુરુ) ના સ્વરૂપનું વર્ણન છે. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં નીચે પ્રમાણે સદ્‌ગુરુનું સ્વરૂપ કહ્યું છેઃ-

**"આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;**
**અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય."**

- શ્રી આ.સિ. શાસ્ત્ર ગાથા-૧૦

ઉપરોક્ત લક્ષણો ઉપદેશક અર્થાત્ માર્ગપ્રકાશક સદ્‌ગુરુના કહ્યાં છે. ઉપદેશક સદ્‌ગુરુ છઠ્ઠા ગુણસ્થાને કહી શકાય.

ચોથે-પાંચમે ગુણસ્થાને વર્તતા આત્મજ્ઞાની મહાત્માને ઘણી વિશુદ્ધિ પ્રગટે છે. પરમકૃપાળુદેવ વચનામૃત પત્રાંક-૭૬ માં સત્પુરુષના સ્વરૂપનું વર્ણનકરતાં ફરમાવે છે,

"સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે; શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી, છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે; અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે."

### ગાથાના આધારે સદ્‌ગુરુના લક્ષણો :

**(૧) અસ્તિથી :** સમતાભાવ - સમસ્ત પદાર્થોમાં - વ્યક્તિઓમાં સમબુદ્ધિ

**(૨) નાસ્તિથી :** પાંચ ઇન્દ્રિયોના ભોગના પદાર્થોની આશાનો ત્યાગ.

(૩) આત્મજાગૃતિ તથા સ્વ-પરના કલ્યાણની ભાવના જે નિરંતર કરે છે.

(૪) સ્વાર્થત્યાગરૂપ તપસ્યા તેમનું મુખ્ય લક્ષણ છે. તેઓનું જીવન અત્યંત સાદું હોવાથી જગતના કોઇ પદાર્થો પર્ત્યે કોઇ સ્વાર્થ નથી હોતો.

જીવનમાં ક્ષમા, વિનય, સરળતા, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય, બ્રહ્મચર્ય તેમનામાં સહજ પ્રગટી જાય છે.

પોતે નિઃસ્પૃહ હોવાથી તેમના સંસર્ગમાં આવતા બીજા મનુષ્યોને તેમની યોગ્યતા પ્રમાણે બોધ આપી તેઓને સંસારના દુઃખોથી તરવાનો માર્ગ બતાવે છે.

આવા સંતો-સત્પુરુષોનું સાન્નિધ્ય આપણા સૌ માટે કલ્યાણ પામવાનું ઉત્તમ નિમિત્ત છે.

★ **સદ્‌ગુરુની બીજી વ્યાખ્યાઓ :**

विषयाशावशातीतो निरारम्भोऽपरिग्रहः ।
ज्ञान-ध्यान-तपो रक्तः तपस्वी स प्रशस्यते ।

**- શ્રી રત્નકરંડશ્રાવકાચાર**

★ પરિપૂર્ણ પંચાચારમાં વળી, ધીર ગુણ ગંભીર છે;
પંચેન્દ્રિગજના દર્પદલને, દક્ષશ્રી આચાર્ય છે.
રત્નત્રયે સંયુક્ત ને, નિઃકાંક્ષભાવથી યુક્ત છે,
જિનવર કથિત અર્થોપદેશે શૂરશ્રી ઉવઝાય છે.
નિર્ગ્રંથ છે નિર્મોહ છે, વ્યાપારથી પ્રવિમુક્ત છે,
ચઉવિધ આરાધન વિષે,નિત્યાનુરક્ત શ્રી સાધુ છે.

- શ્રી નિયમસાર ગાથા-૭૩, ૭૪, ૭૫

આ પ્રમાણે શ્રી નમસ્કાર મહામંત્રમાં પ્રથમ બે પદ અરિહંત અને સિદ્ધ પરમાત્માના છે તથા શ્રી આચાર્ય, ઉપાધ્યાય તથા સર્વસાધુ એ ત્રણ પદ શ્રી **સદ્‌ગુરુના** છે.

**શ્રી સદ્‌ગુરુનું સ્વરૂપ અને માહાત્મ્ય દર્શાવતા શ્લોકો, વચનો, દોહરા :**

★ ગુરુર્બ્રહ્મા, ગુરુર્વિષ્ણુ, ગુરુર્દેવો મહેશ્વરઃ
ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ, તસ્મૈશ્રી ગુરવે નમઃ।

★ અજ્ઞાનતિમિરાન્ધાનાં જ્ઞાનાંજનશલાક્યાઃ
ચક્ષુરુન્મિલિતં યેન, તસ્મૈ શ્રી ગુરવે નમઃ।

★ સદ્‌ગુરુ પદમેં સમાત હૈ અરિહંતાદિ પદ સર્વ,
તાતેં સદ્‌ગુરુ ચરણકો, ઉપાસો તજી ગર્વ.

★ પારસ મેં ઔર સંતમેં, બડો અંતરો જાન,
વો લોહા કંચન કરે, વો કરે આપ સમાન.

★ ગુરુ કારીગર સારીખા, ટાંકી વચન વિચાર;
પત્થર સે પ્રતિમા કરે, પૂજા લહે અપાર.

- બૃહદ આલોચના પાઠ

★ સત્ કી નાવ ખેવટિયા સદ્‌ગુરુ ભવસાગર તરિ આયો...
પાયોજી મૈને રામરતન ધન પાયો

★ પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર.

**- શ્રી આ.સિ. શાસ્ત્ર ગાથા-૧૧**

★ આગમ વિષે કૌશલ્ય છે ને મોહદૃષ્ટિ વિનષ્ટ છે,
વીતરાગ ચરિતારૂઢ છે તે મુનિમહાત્મા ધર્મ છે.

**- શ્રી પ્રવચનસાર-૯૨**

★ દયાળુતા દાક્ષિણ્ય વિનય ને પરોપકારીપણું જ્યાં છે,
હિતમિત પ્રિય ભાષણ આ સર્વે, લક્ષણશ્રી સદ્‌ગુરુનાં છે

★ આત્મા ઔર પરમાત્મા, અલગ રહે બહુ કાલ,
સુંદર મેલા કર દિયા, સદ્‌ગુરુ મિલા દલાલ.

★ સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્‌ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય.

**- શ્રી આ.સિ. શાસ્ત્ર ગાથા૧૩૫**

★ જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત.

**- શ્રી આ.સિ. શાસ્ત્ર ગાથા-૧**

★ જે કોઇ જ્ઞાન બોધે, સમૂલ અવિદ્યા છેદે,
ઇન્દ્રિયદમન પ્રતિપાદે, તે જ સદ્‌ગુરુ જાણવો.

**- દાસબોધ**

**ઉપસંહાર**

આ પ્રમાણે શ્રી સદ્‌ગુરુના સ્વરૂપને જાણીને, તેમના અપૂર્વ અલૌકિક માહાત્મ્યનો અંતરમાં સ્વીકાર કરી તેમને તન, મન, ધન સર્વથી સમર્પણ થઇ જઇએ એ જ શુભ ભાવના.

**- શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ**

(ક્રમશઃ)

●●●

★ પંડિત સિર્ફ હાથકી લકીરેં દેખ સકતે હૈ ઔર સદ્‌ગુરુ હાથકી લકીરેં બદલ સકતે હૈં.

★ નમન કરું ગુરુદેવકો, દિનમેં સો સો બાર,
કાગ પલટ હંસા કિયા, કરત ન લાગી વાર.

★ ગુરુ જૈસા ન આશરા,
ગુરુ જૈસા ન મીત,
ગુરુકૃપાસે પાઇએ,
ચંચલ મન પર જીત.

# ગુરુ બિન મૈં અનાથ હૂં

સમણ શ્રુતપ્રજ્ઞજી

ગુરુર્બ્રહ્મા ગુરુવિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વરઃ
ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ।।

ધન્ય છે તે લોકો કે જે આવા ગુરુ સાથે સંપર્કમાં છે અને જેમને તેમના સાન્નિધ્યમાં જીવનનું થોડું જ્ઞાન અને શિક્ષણ પ્રાપ્ત કરવાની તક મળી હોય. ગુરુ શબ્દ અને ગુરુનું જીવન સમુદ્રથી પણ ઊંડું છે, જેનું વર્ણન કરી શકાતું નથી. ગુરુ એક તત્ત્વ છે, એક ઊર્જા છે. ગુરુ વગર એક ડગલું પણ આગળ વધવું સંભવ નથી. કદમ આપણા ચાલે પરંતુ ઊર્જા સદ્‌ગુરુ આપે છે. હોઠ આપણા હલતા હોય પણ શબ્દ સદ્‌ગુરુની કૃપા છે. આપણા જેવા લોકો માટે સદ્‌ગુરુ નિતાંત અનિવાર્ય છે. ગુરુ વગર વ્યક્તિ પાસે બધું હોય છતાં તે પોતાને અનાથ અનુભવે છે.

*"આખી ધરતીને કાગળ કરું, બધી વનરાઈની કરું લેખની,*
*સાત સમુંદરની શાહી કરું, ગુરુ ગુણ લીખ્યા ન જાય.*
*કર્તા કરે ન કર શકે, ગુરુ કરે સબ હોય,*
*સાત દ્વીપ નૌ ખંડ મેં ગુરુ સે બડા ન કોઈ."*

**ગુરુની આવશ્યકતા કોને ?**

જીવનમાં રાગ અને રંગથી, ભોગ અને રોગથી, તારા અને મારાથી ઉપર ઉઠવું હોય તો જીવનમાં ગુરુ હોવા અનિવાર્ય છે. માત્ર શરીર, ઇન્દ્રિય અને મનના મોજશોખ ભોગવવા હોય અને આત્મિક ચેતનાની ભૂખ ન હોય તો એવા સંસારી લોકોને કોઇ ગુરુની જરૂર નથી. કરોડો લોકોમાં આત્માની આવી સાચી ભૂખવાળા અલ્પ સંખ્યામાં માંડ હશે. આવા સાધકોને યોગ્ય ગુરુ મળી જાય તો એમનો બેડો પાર થઇ જાય. બાકી જેને સંસારના ભોગ જ ભોગવવા છે, આસક્તિ અને અતૃપ્તિમાં જ જીવવું છે, નામના અને કામનાઓ જ સંતોષવી છે, ધન, યશ અને પદની પાછળ જ દોડવું છે, એના માટે ગુરુની કોઇ આવશ્યકતા નથી. શિષ્યને આત્મખોજની તરસ હોય, છટપટાહટ હોય, આત્મવિરહની બેચેની હોય તો ગુરુની નિતાંત આવશ્યકતા છે. પહેલા તમે તમારું લેવલ જોઇને નક્કી કરી લો કે તમને ગુરુની જરૂર છે કે નહિ ? ગુરુનો ઉપયોગ ક્યારેય સંસારની ઇચ્છાઓની પૂર્તિ માટે ન કરવો જોઇએ, ગુરુએ પણ શિષ્યો પાસેથી સાંસારિક કામનાઓ ન કરવી જોઈએ. આવા ગુરુ દોષના ભાગીદાર છે. કબીરની ભાષામાં ગુરુનો ઉપયોગ માત્ર કલ્યાણ માટે છે, અને સમર્થ ગુરુનું એક માત્ર કર્તવ્ય શિષ્યોને ભવ પાર કરાવવાનું છે.

**સમર્થ ગુરુનો અભાવ :**

ગુરુની નિખાલસતા એટલી હોવી જોઈએ કે એ જો શિષ્યોનું આત્મકલ્યાણ કરી શકે તેમ ન હોય તો ચોખ્ખા શબ્દોમાં ના કહી દેવી જોઈએ, જેથી શિષ્ય ભટકે નહિ. ગુરુ બની જવું સહેલું છે પણ ગુરુની ગુણવત્તા અને કસોટીમાં પાસ થવું બધા માટે સંભવ નથી. આત્મજ્ઞાનનું લક્ષ્ય અને એ દિશામાં નિરંતર સાધના એ જ સાચા ગુરુનું પહેલું અને છેલ્લું લક્ષણ છે. મને આત્મજ્ઞાન ન હોય અથવા મારી એ દિશામાં ગતિ અને સાધના ન હોય તો હું શિષ્યોનું ભલું નહિ કરી શકું - આ વાત અસમર્થ ગુરુએ નિખાલસતાપૂર્વક સ્વીકારવી જોઈએ. આજના સમયમાં આત્મજ્ઞાની અને સમર્થ ગુરુઓનો અભાવ વર્તાઈ રહ્યો છે. લાખો ગુરુઓમાં બેચાર એવા સમર્થ ગુરુઓ હોય છે અને આવા ગુરુઓને શોધવા પડે છે, રસ્તામાં આવા આત્માઓ રેઢા મળી જતા નથી. આત્મજ્ઞાન ન હોવા છતાં પોતાને આત્મજ્ઞાની માનવાની એક ફેશન શરૂ થઈ છે, અને એમને પાછો પોતાનો શિષ્ય-પરિવાર વધારવાનો એક નશો ચઢેલો હોય છે. આવા ગુરુ પોતે તો ડૂબે જ છે, શિષ્યને પણ ડૂબાડે છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહેલું કે, હે લલ્લુજી મુનિ! જાગવું હોય તો હમણાં જાગી જાઓ, સાક્ષાત્ ગુરુ પ્રાપ્ત છે. અત્યારે નહિ જાગો તો પછી સાચા ગુરુઓનો એટલો અભાવ વર્તવાનો છે કે હજારો યોજન સુધી ભટકશો

તો પણ ગુરુની પ્રાપ્તિ નહિ થાય.

**સૂફી પરંપરામાં ત્રણ ડગલાંની સાધનાઃ-**

સૂફીઓની પરંપરા અધ્યાત્મનું એક ઉજ્જવળ નક્ષત્ર છે. એ અધ્યાત્મ માર્ગમાં ઉપાસનાનું વિશેષ મહત્વ છે. સૂફીઓની પરંપરામાં માત્ર ત્રણ ડગલામાં આ ઉપાસના પૂરી થઈ જાય છે. એ ત્રણ ડગલાં આ પ્રમાણે છેઃ-

પહેલું ડગલું છે- જીવને જીવનમાં ગુરુની કમી મહેસૂસ થયા કરે અને તેને શોધવાની ઝટપટાહટ જાગે. આ સૂફી ઉપાસનાનું પહેલું કદમ છે.

બીજું ડગલું છે- ગુરુના સાન્નિધ્યમાં રહેવાની ઇચ્છા થાય, ગુરુની નજીક રહેવું અથવા એમની આજ્ઞામાં રહેવું બંને એક જ વાત છે. ગુરુની આજ્ઞા પ્રમાણે ચાલતો શિષ્ય ગુરુથી લાખો યોજન દૂર હોય તો પણ ગુરુની પાસે જ છે.

ત્રીજું ડગલું છે- હવે અહીંથી જવું નથી, શ્રદ્ધાથી પૂર્ણ સમર્પણ થઈ જાય. ગુરુના ચરણોમાં મન ઠરી જાય, પ્રશ્નો શમી જાય. ગુરુની ઑરામાં તમે સ્વયંને પ્રકાશિત અનુભવ કરી શકો તો આ ત્રીજું ડગલું છે.

**જીવનમાં ગુરુની ભૂમિકા :-**

**ગુરુ એ દરેક સવાલનો જવાબ છેઃ** શિષ્યનું સદ્ભાગ્ય છે કે ગુરુ બોલે છે. ગુરુ જો મૌન થઈ જશે તો શિષ્ય અનાથ થઈ જશે. ગુરુની વાણીમાં શિષ્યને શાસ્ત્રોની દિવ્યધ્વનિ સંભળાય છે.

**ગુરુ એ દરેક મુશ્કેલીની યુક્તિ છેઃ** ગુરુ પ્રત્યેની શ્રદ્ધા અને સમર્પણ શિષ્યના દરેક પ્રોબ્લેમ દૂર કરી શકે છે. કદાચ 'પ્રોબ્લેમ' દૂર ન પણ થાય છતાં ગુરુ-કૃપા થકી શિષ્યને હવે પ્રોબ્લેમમાં પણ પોતાનું પરમ હિત દેખાય છે.

**ગુરુ એ જ્ઞાનનો ભંડાર છેઃ** ગુરુનું જ્ઞાન ગુગલમાંથી નથી આવતું, ગુરુનું જ્ઞાન પરમ સાથેના અનુસંધાનમાંથી આવે છે.

**ગુરુ માર્ગદર્શક છેઃ** જીવનમાં સાચો રસ્તો કોણ બતાવશે? સંસારી લોકો તો તમારા મનને બહેકાવશે અને તમને ભૌતિક આકર્ષણોમાં અટવાવશે. આત્મહિતનો માર્ગ એક માત્ર ગુરુ જ બતાવશે. માર્ગ મળ્યા પછી સાધનાનો તમારે જાતે પ્રયત્ન કરવો પડશે. ગુરુએ જે રસ્તો બતાવ્યો છે, તે પ્રમાણે તમારે ચાલવું પડશે. ગુરુએ જે ઉપદેશ આપ્યો છે, તે પ્રમાણે અનુસરવું પડશે. મુક્તિ કે મોક્ષ માત્ર ગુરુની વાહ વાહ દ્વારા પ્રાપ્ત થતો નથી, પરંતુ ગુરુવચન પ્રમાણે ચાલવાથી પ્રાપ્ત થાય છે.

**ગુરુ એ અનુભૂતિ છેઃ** શિષ્યની અનેક જન્મોની સાધના પરિપક્વ થાય ત્યારે તેને ગુરુમાં ભગવાન દેખાય છે. એ ભગવાન દેખાવવા એક અનુભૂતિ છે. એટલે આપણે કહીએ છીએ ગુરુર્બ્રહ્મા, ગુરુર્વિષ્ણુ.... આ શિષ્યના મનમાં જાગેલી ગુરુની અનુભૂતિ છે.

**ગુરુ એ પ્રેમ છેઃ** ગુરુનો પ્રેમ જે શિષ્ય પામી લે છે તેને પછી દુન્વયી પ્રેમની જરૂર રહેતી નથી. ગુરુ પ્રેમમાં મીરાં જ ગાઈ શકે, મેરે તો ગિરધર ગોપાલ, દુસરો ન કોઈ......

**ગુરુ એ આપણા જીવનનો ચમત્કાર છેઃ** ગુરુ મળી જવા એ જ ચમત્કાર છે. ગુરુપ્રાપ્તિ સામે બાકીના બધા ચમત્કારો ટૂંકા પડે છે.

**ગુરુ એક મિત્ર છેઃ** શિષ્યના હૃદયમાં જેમ જેમ પ્રેમની સરવાણી ફૂટશે તેમ તેમ તેને લાગશે કે ગુરુ મારા સખા છે. કૃષ્ણ એટલે જ અર્જુનને કહે છે કે હું તારો સખા છું.

**ગુરુ એ આધ્યાત્મિકતાની વ્યાખ્યા છેઃ** અધ્યાત્મની સાચી સુગંધ મહેસૂસ કરવી હોય તો ગુરુનું ઉપનિષદ સેવી જોજો. આત્માની અનુભૂતિમાં જે લબાલબ ડૂબેલા હોય ત્યાં શબ્દોની જરૂર રહેતી નથી. ગુરુના મૌનમાં અધ્યાત્મના શાસ્ત્રો ઝરતા હોય છે.

**ગુરુ પ્રત્યેનો આપણો વ્યવહાર :-**

ગુરુદ્વાર પર જ્યારે જવું હોય ત્યારે હૃદય શુદ્ધ કરીને જ જવું. જ્યારે ગુરુની વાત સાંભળતા હો ત્યારે તમારા કાન ખુલ્લા રાખો. ગુરુમાં વિશ્વાસ કરવો હોય તો તમારી આંખો બંધ રાખો. જ્યારે ગુરુને સમર્પિત થવું હોય ત્યારે માથું નમાવતી વખતે અહંકાર નમાવી, તમારું હૃદય ગુરુ સામે ખુલ્લું રાખો. જ્યારે ગુરુનો સત્સંગ સાંભળતા હોય ત્યારે તમારું મો બંધ રાખો. જ્યારે ગુરુની સેવા કરતા હોઈએ ત્યારે તમારી ઘડિયાળ બંધ રાખો. જ્યારે ગુરુ પાસે

વિનંતી કરવાની આવે ત્યારે તમારા દિલને બાળકની જેમ ખોલી નાખો.

**ગુરુના પ્રકાર :-**

**૧. પરમગુરુ**- આવા ગુરુ હોય છે છતાં દેખાતા નથી. આવા ગુરુ છાયાની જેમ આપણી આસપાસ હોય છે.

**૨. સદ્‌ગુરુ** - જેમને આખી દુનિયા પ્રેમ કરે, દુશ્મન પણ જેમને પ્રેમ કરે. આવા ગુરુને ધર્મના કોઈ સીમાડા નડતા નથી. આવા ગુરુ ઉદાર હોય છે. આવા ગુરુ એટલે કે જે બીજાને લઘુ ના રહેવા દે.

**૩. જગતગુરુ** - લોકમાં જેમનો જયજયકાર થતો હોય એવા ગુરુ. આવા ગુરુ પ્રેમ નહિ કરી શકે. આવા ગુરુની વાહ વાહ બહુ જ થાય પણ આવા ગુરુ પ્રેમને પાત્ર નથી હોતા અને ન આવા ગુરુ કોઈને પ્રેમ આપી શકે છે.

**૪. ધર્મગુરુ** - આવા ગુરુ શાસનસમ્રાટ કહેવાય પણ આવા ગુરુ લોકોને ધર્મના નામે સતત ડરાવતા હોય છે. આ નિયમો નહિ પાળો તો દુર્ગતિના દુઃખો ભોગવવા પડશે, યાતનાઓ ભોગવવી પડશે એમ કહે છે.

**૫. કુલગુરુ** - પરંપરાથી કે જન્મજાત જે આપણા ગુરુ હોય છે એ કુળગુરુ છે. આવા ગુરુ ચારેય બાજુ ઉપલબ્ધ છે. કુળગુરુ આત્મકલ્યાણ ન કરાવી શકે.

**ગુરુનું સાન્નિધ્ય શું આપે? :-**

ગુરુના સાન્નિધ્યથી પાંચ વિદ્યાઓ પ્રાપ્ત થાય છેઃ-

**૧. શાસ્ત્રવિદ્યા** - ગુરુના સાન્નિધ્યથી શાસ્ત્રોના રહસ્યો ઉઘાડા થાય છે.

**૨. યોગવિદ્યા** - ગુરુની કૃપા અને માર્ગદર્શનથી સાધક યોગમાર્ગે ગતિ કરે છે. ચક્રોના ચમત્કાર ગુરુ કૃપા વિના અનુભવી શકાતા નથી.

**૩. અધ્યાત્મવિદ્યા** - ગુરુ સ્વાર્થી નથી, પરમાર્થી છે. ગુરુ સાધકને અંતર્મુખી બનાવે છે. ગુરુના સાન્નિધ્યમાં સાધક મૌનમાં ડૂબી જાય છે.

**૪. બ્રહ્મવિદ્યા** - ગુરુકૃપાથી શિષ્યને સ્વરૂપનો બોધ થાય છે.

**૫. પરાવિદ્યા** - ગુરુ શિષ્યને સંસારની મોહમાયાથી પરે કરી દે છે. પારલૌકિક અનુભૂતિમાં શિષ્યને ધકેલીદે છે.

**તું જ તારો ગુરુ થા :-**

દરેક સાધકે કે શિષ્યે એક વાત સમજી લેવી જોઈએ કે ગુરુ બે જગ્યાએ હોય છે- એક પોતાની ભીતરમાં અને બીજા બહારમાં. પોતાની ભીતરના અવાજ પ્રમાણે અનુસરવું એ ભીતરનો ગુરુ છે, જેને હું વિવેક કહું છું. માણસ જ્યારે કંઈક ખોટું કરવા જાય ત્યારે અંદરથી એક ઝીણો અવાજ આવે છે અને એ અવાજ આપણને સાવધાન કરે છે અને કહે છે કે આવું તારાથી ન થાય, તું અટકી જા. આ અંદરના અવાજને સાંભળી શકે અને એ પ્રમાણે કરી શકે તો વ્યક્તિનો પોતાનો વિવેક જ એનો ગુરુ છે. એને બહાર ક્યાંય ગુરુ શોધવાની જરૂર નથી. હા, તમારામાં આ પ્રમાણે કરવાની ક્ષમતા ન હોય તો બહાર કોઈક ગુરુ જોઈશે. રેડ સિગ્નલ પર સમજીને ગાડી ઊભી રાખો તો પોલીસની શી જરૂર? પણ જો રેડ સિગ્નલ ઓળંગવાનું મન થાય તો પોલીસ જોઈએ, જે તમને અટકાવે. ગુરુ માટે પણ આવું જ છે. એક જ પ્રાર્થના કે ગુરુ વધુ અંતર્મુખી બને અને શિષ્ય ગુરુમુખી બને. ગુરુ તત્ત્વ જ્યાં પણ છે તેને પ્રણામ કરું છું અને એમનું યોગબળ જગતનું કલ્યાણ કરે એવી ભાવના ભાવું છું.

---

## શ્રી સદ્‌ગુરુપ્રસાદ ...

પાના નં. ૫ પરથી ચાલુ...

પ્રસિદ્ધ ન કરે; અને જ્ઞાનીની પણ અંતર-ઈચ્છા તેવી જ જણાય છે. જેની કોઇ પણ પ્રકારની આકાંક્ષા નથી, એવા જ્ઞાનીપુરુષને કંઇ કર્ત્તવ્યરૂપ નહીં હોવાથી જે કંઇ ઉદયમાં આવે તેટલું જ કરે છે.

અમે તો કંઇ તેવું જ્ઞાન ધરાવતા નથી કે જેથી ત્રણે કાળ સર્વ પ્રકારે જણાય, અને અમને એવા જ્ઞાનનો કંઇ વિશેષ લક્ષે નથી; અમને તો વાસ્તવિક એવું જે સ્વરૂપ તેની ભક્તિ અને અસંગતા, એ પ્રિય છે. એ જ વિજ્ઞાપન.

'વેદાંત ગ્રંથ પ્રસ્તાવના' મોકલાવ્યું હશે, નહીં તો તરત મોકલાવશો.

●●●

પરમનો સ્પર્શ - ૧૩૧

# સ્વભાવ : જીવનનું સમરાંગણ કે સમતાંગણ ?

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

સ્વભાવના આધ્યાત્મિક અર્થની નહીં, પણ વ્યવહારિક અર્થની વિચારણા કરીએ. માનવી પોતાની ઓળખ આપતા વારંવાર 'સ્વભાવ' શબ્દનો ઉપયોગ કરે છે. એ તમને પહેલી મુલાકાતમાં જ એના પોતાના સ્વભાવની વાત કરી દેશે. આનંદી વ્યક્તિ હોય તો એ પોતાના આનંદી કાગડા જેવા પ્રસન્ન સ્વભાવની વાત કરશે અને જો કોઈ વિષાદગ્રસ્ત નિરાશ માનવી હોય, તો તે એમ કહેશે કે મારા સ્વભાવમાં જ નિરાશા વસી ગઈ છે અને તેથી મને જીવનમાં કશો કસ કે રસ લાગતો નથી.

ક્રોધી સ્વભાવ ધરાવનાર શાંતપળોમાં સ્વીકાર કરશે કે એ સહેજ વાતમાં ગુસ્સે થઈ જાય છે. કેટલાક તો પોતાના ક્રોધી સ્વભાવનું 'ગૌરવ' અનુભવતા હોય છે. એક સજ્જને એમ કહ્યું કે મારો સ્વભાવ તો એવો ગુસ્સાવાળો છે કે મારો ગુસ્સો ફાટે, તો આખું ઘર ફફડી ઊઠે. મારી પત્ની થરથર ધ્રુજી ઊઠે અને બાળકો ગભરાઈને ક્યાંક સંતાઈ જાય.

આ રીતે પોતાના ગુસ્સાવાળા સ્વભાવને કેટલાક પોતાની આવડતમાં ખપાવતા હોય છે. વળી આવો સ્વભાવ ઉચિત નથી, અંતે ભારે નુક્સાનકારક છે, એવું જાણતા હોવા છતાં એમણે ચહેરા પર ઓઢેલો ગુસ્સાનો બુરખો કાઢવા તૈયાર હોતા નથી અને સમય જતાં એ બુરખો જ-એ ગુસ્સો જ એમનો ચહેરો બની જાય છે.

કેટલાકને તલવારના ઘા જેવી, તોછડી અને કડવી વાણી બોલવાનો સ્વભાવ હોય છે અને આપણે જાણીએ છીએ કે દ્રૌપદીએ દુર્યોધનને કહેલું વાક્ય 'આંધળાનાં દીકરા આંધળા જ હોય' એમાંથી તો આખું મહાભારત સર્જાયું હતું. આટલા નાનકડા વાક્યને પરિણામે જાગેલું યુદ્ધ અઢાર-અઢાર દિવસ સુધી ચાલ્યું અને મહાસંહાર થયો. 'મહાભારત'માં દુર્યોધન અહંકારી સ્વભાવનું મૂર્તરૂપ છે, જે એની વાણીમાં સતત પ્રગટ થાય છે. હસ્તિનાપુરની રાજસભામાં હોય કે પછી અન્ય કોઈ સ્થળે હોય, તો પણ દુર્યોધનના સ્વભાવમાં રહેલો અહંકાર સતત પ્રગટતો, વાગતો અને છલકાતો રહે છે. એના મામા શકુનિમાં રહેલી લુચ્ચાઈ 'મહાભારત'માં ઠેર ઠેર જોઈએ છીએ ! સામે પક્ષે યુધિષ્ઠિરનું શુદ્ધ ચારિત્ર્ય કેવું ઝળહળે છે ! યુધિષ્ઠિર સર્વત્ર પ્રેમ વહેંચે છે, તો દુર્યોધનનો અહંકાર એને એવો તો ઘેરી વળ્યો છે કે એ કર્ણ, શકુનિ, અશ્વત્થામા જેવા એના અહંકારને ઉત્તેજનારા સાથીઓનો સાથ છોડીને પ્રજાની વચ્ચે આવતો જ નથી.

ઘણી વ્યક્તિઓનો સ્વભાવ અત્યંત ભીરુ કે રોતલ હોય છે. એમને કોઈ સહેજ ઊંચા સાદે કંઈ કહે એટલે રડવા માંડે અને એ પછી રડતા રડતા સ્વીકાર પણ કરે કે મારો સ્વભાવ એવો છે કે કોઈ સહેજ ઠપકો આપે ને આંખમાંથી આંસુની ધારા વહી જાય છે.

વ્યક્તિનો સ્વભાવ પ્રગટ થાય છે એની વાણીથી. આથી એણે કોઈની સાથે વાતચીત કરતી વખતે પોતાની વાણીનો વિચાર કરવો જોઈએ. ઉપવાસ કરવા સરળ છે, પરંતુ વાણી અંગે સભાન રહેવું અત્યંત મુશ્કેલ છે. જો વ્યક્તિનો સ્વભાવ ગુસ્સાવાળો હશે, તો એ સતત ગુસ્સો કરતો કરશે. મજાની વાત એ છે કે આવો સ્વભાવ ધરાવનારી વ્યક્તિ માનતી હોય છે કે એનો આ સ્વભાવ બદલી શકાય તેવો નથી. આથી એને બદલવાનો કોઈ સભાન પ્રયત્ન કરવાને બદલે એને સ્વીકારીને, વધુને વધુ બહેકાવતા રહીને જીવન ગાળતો હોય છે. હકીકતમાં એ એના સ્વભાવનું પરિવર્તન કરી શકે તેમ છે. માત્ર એ માટે એનામાં દૃઢ સંકલ્પ હોવો જોઈએ. સ્વજીવનનો વિકાસ સાધનારી વ્યક્તિઓએ આવો દૃઢ સંકલ્પ કર્યો હોય છે. આવા સંકલ્પને પરિણામે

જે રોહિણેય ચોર ભગવાન મહાવીરની ઉપદેશવાણી (દેશના) સાંભળીને જીવન-પરિવર્તન પામે છે. વાલિયો લૂંટારો એ ઋષિ વાલ્મિકી બને છે અને ભગવાન બુદ્ધને કારણે અંગુલિમાલનો હિંસક સ્વભાવ પલટાઈ જાય છે.

કેટલીક વ્યક્તિઓ એમ કહે છે કે એ જાણે છે કે એમના સ્વભાવમાં ગુસ્સો છે, ઉતાવળ છે, અધીરાપણું છે, અતિ વાચાળતા છે, નૅગેટિવ જોવાની વૃત્તિ છે અને એ આ બધામાંથી બહાર નીકળવાની કોશિશ કરે છે. એ એમ કહે છે કે અનેક કોશિશ કરવા છતાં મારા ક્રોધી સ્વભાવને હું બદલી શક્યો નથી. હકીકતમાં આ કોશિશ હોય છે, નિષ્ઠાભર્યો પ્રયત્ન નહીં, વિચાર હોય છે, સંકલ્પ નહીં. ઉપરછલ્લી ઇચ્છા હોય છે, કિંતુ દૃઢ સંકલ્પપૂર્ણ આચરણ નહીં. એ માત્ર વાતો કરે છે, પરંતુ એ પ્રમાણે કોઈ કાર્ય કરતો નથી. જો પોતાની વાતને એ કાર્યમાં ઉતારે તો જરૂર એ એનો સ્વભાવ બદલવાની ક્ષમતા ધરાવે છે.

મનુષ્યનો સ્વભાવ એ એના આદર્શો અને સિદ્ધાંતોથી પણ પ્રબળ છે. 'હિતોપદેશ' તો બધી બાબતોમાં સ્વભાવને જ સર્વોપરી માને છે અને વ્યક્તિ જો ગુણશીલ સ્વભાવ ધરાવતી ન હોય, તો એ વેદોનું અધ્યયન કરે તો પણ એનો કશો અર્થ નથી.

અહીં એક સાંકળનો વિચાર કરવો જોઈએ. મારા મત પ્રમાણે વિચાર એ સર્વોપરિ મહત્ત્વની બાબત બને છે. શુભ વિચાર આવે, તો તે પહેલાં ચિત્તમાં ઠરે છે. એ પછી વિચાર રૂપે આવીને વર્તનમાં પ્રગટે છે. આ જ એની પ્રકૃતિ કે સ્વભાવ બને છે.

આનો અર્થ એ થયો કે માણસ એના સ્વભાવને ઘડે છે. સ્વભાવ માણસને ઘડી શકતો નથી, પરંતુ જો માણસ અમુક રીતે વિચારો અને વાસનાઓમાં રહેવા ટેવાઈ જાય, તો મોહ, કામ, ક્રોધ કે લોભ એનો સ્વભાવ કે પ્રકૃતિ બની જાય છે અને એકવાર વ્યક્તિના સ્વભાવમાં ક્રોધ જોર જમાવી ગયો, તો સમય જતાં એ મહાક્રોધી બને છે અને જો લોભ પેસી ગયો, તો એ ધીરે ધીરે મહા લોભી બની જાય છે. આ ક્રોધી સ્વભાવ કે લોભી સ્વભાવ એ જ વ્યક્તિના આચરણ પર છવાઈ જાય છે અને તે જ એની પ્રકૃતિ બની જાય છે અને તેને પરિણામે એ એમાં વધુ ને વધુ ખૂંપતો જાય છે.

વ્યક્તિનો સ્વભાવ દુષ્ટ હશે, તો એ હંમેશાં અધમ કાર્યો કરવાનાં મનસૂબા કરશે અને એને આચરણમાં મૂકશે. જો એનો સ્વભાવ ગુસ્સાવાળો હોય, તો એ વિનાકારણે ગુસ્સો કરશે, વેર કે અણગમો વહોરી લાવશે અને આમ વ્યક્તિ પોતાના સ્વભાવના શરણે જશે. સ્વભાવ આવી રીતે ઘડાય એટલે એનો સૌથી વધુ ગેરલાભ એ વ્યક્તિને થાય છે. એના ક્રોધી કે લોભી સ્વભાવથી સમય જતાં સ્વયંને નુકસાન કરે છે. લોકો પણ મુખ્યપણે એના સ્વભાવની આ મર્યાદાને જોતા હોય છે અને એની બીજી બધી ક્ષમતા કે યોગ્યતાને નજરઅંદાજ કરે છે.

વાત એવી છે કે આવા ગુસ્સાવાળી વ્યક્તિ એની હાથ નીચેના લોકો પર ગુસ્સો કરતી હોય છે, પરંતુ એના ઉપરીઓ આગળ એ અતિ નમ્રતાયુક્ત કે ખુશામતભર્યો વ્યવહાર કરતી હોય છે. વળી આને પરિણામે ક્રોધી વ્યક્તિ એનું જીવન ક્રોધમાં ગાળે છે. સંત કબીરે એમની માર્મિક વાણીમાં કહ્યું છે,

**'યહ જગ કોઠી કાઠ કી, ચહું દિસિ લાગી આગ;**
**ભીતર રહૈ સો જલિ મુએ, સાધુ ઉબરે ભાગ.'**

'આ સંસાર એ તો લાકડાનું મકાન છે અને એની ચારેબાજુ ક્રોધની આગ લાગી છે. જે આવી ક્રોધની આગની અંદર રહેશે, તે બળી મરશે. માત્ર સાધુજનો જ એનાથી દૂર ભાગીને ઊગરી ગયા છે.'

આમ, ક્રોધ એ બાળનારો છે, વ્યક્તિને દુઃખ અને સંતાપ આપનારો છે. ગુસ્સાવાળો સ્વભાવ વ્યક્તિને માટે નુક્સાની આપનારો અને પરેશાની કરનારો છે અને આવી વ્યક્તિ સૌથી મોટી ભૂલ એ કરે છે કે એ પોતાના સ્વભાવમાં પરિવર્તન કરવાને બદલે આવા સ્વભાવના શરણમાં જીવવાનું પસંદ કરે છે. પોતાની દૂષિત આદતો બદલવાને બદલે એ આદતોનો સ્વીકાર કરીને ચાલે છે.

**(અનુસંધાન પાના નં. ૮ ૫૨)**

श्री पूज्यपाद आचार्य विरचित

# સમાધિતંત્રનું અમૃતરસપાન (ક્રમાંક-૯૦)

**પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)**

શ્રદ્ધામાં સમયસાર, જ્ઞાનમાં પ્રવચનસાર, ચારિત્રમાં નિયમસાર સમા જીવંત અભિલાષી પરમકૃપાળુદેવ સનાતન વીતરાગમાર્ગને વર્ણવે છે. પરમકૃપાળુદેવની સત્‌ગિરા લખે છે, "મૂળમાર્ગ પ્રગટતામાં આણવો હોય તો પ્રગટ કરનારે સર્વસંગ પરિત્યાગ કરવો યોગ્ય; કેમકે તેથી ખરેખરો સમર્થ ઉપકાર થવાનો વખત આવે." પત્રાંક ૫૬૮માં લખે છે, "આત્મસ્વરૂપનો નિર્ણય થવામાં અનાદિથી જીવની ભૂલ થતી આવી છે, જેથી હમણાં થાય તેમાં આશ્ચર્ય લાગતું નથી. સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો આત્મજ્ઞાન સિવાય બીજો કોઇ ઉપાય નથી. સદ્‌વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં, અને અસત્સંગ-પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી એમાં કિંચિત્‌માત્ર સંશય નથી. આત્મપરિણામની સ્વસ્થતાને શ્રી તીર્થંકર 'સમાધિ' કહે છે. આત્મપરિણામની અસ્વસ્થતાને શ્રી તીર્થંકર 'અસમાધિ' કહે છે. આત્મપરિણામની સહજ સ્વરૂપે પરિણતિ થવી તેને શ્રી તીર્થંકર 'ધર્મ' કહે છે. આત્મપરિણામની કંઇપણ ચપળ પરિણતિ થવી તેને શ્રી તીર્થંકર 'કર્મ' કહે છે." આત્મપરિણામની સૂક્ષ્મતા વ્યક્ત થઇ છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય સમાધિતંત્ર ગ્રંથમાં બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માના અંતરંગ ભાવોને સરળ શૈલીમાં સમજાવે છે. આપણે શ્લોક અઠ્ઠાવનમાં વિચાર્યું કે જ્ઞાની વિચારે છે કે અજ્ઞાની જીવો અજ્ઞાનતાને કારણે સમજાવ્યા વિના આત્મસ્વરૂપ જાણતાં નથી, તેમ તેમને આત્મસ્વરૂપ સમજાવવામાં આવે, તો પણ તેઓ અજ્ઞાનતાને કારણે સમજવાના નથી. તેથી તેમને આત્મસ્વરૂપ સમજાવવાનો પ્રયત્ન વ્યર્થ છે. હવે શ્લોક ઓગણસાઇઠમાં (૫૯) માં આ દૃષ્ટિને બીજી રીતે સમજાવે છે.

**यद् बोधयित्तुमिच्छामि तन्नाहं यदहं पुनः ।**
**ग्राह्यं तदपि नान्यस्य तत्किमन्यस्य बोधये ॥५९॥**

**અન્વય :** यत् बोधयितुं इच्छामि तत् न अहं पुनः यत् अहं तदपि अन्यस्य ग्राह्यं न तत् अन्यस्य किं बोधये॥

**શબ્દાર્થ : यत्** = જેને-દેહાદિકને, **बोधयितुं** = સમજાવવાને, **इच्छामि** = હું ઇચ્છું છું, **तत्** = તે, **न अहं** = હું નથી, **पुनः** = વળી, **यत् अहं** = જે હું છું, **तदपि** = તે પણ, **अन्यस्य** = બીજાને, **ग्राह्यं न** = બીજાને સમજાવી શકાય તેવું નથી, **तत्** = તેથી, **अन्यस्य किं बोधये** = બીજાને શા માટે બોધ કરું ?

**ભાષાંતર :** દેહાદિકને સમજાવવાને હું ઇચ્છું છું તે આત્માનું વાસ્તવિક સ્વરૂપ નથી. (હું નથી) જે જ્ઞાનાનંદમય સ્વયં અનુભવગમ્ય આત્મસ્વરૂપ છે તે પણ બીજાને સમજાવી શકાય તેમ નથી તેથી બીજાને હું શા માટે બોધ કરું ?

**ભાવાર્થ :** શ્રી આચાર્યભગવન્ત જ્ઞાની જ્ઞાયકમાં રહીને સ્વસ્થિરતા સાધે તે તેઓનું ખરું કર્તવ્ય છે. મૌન ધારણ કરી આત્માના નિજાશ્રયમાં જામી જવું તે જ્ઞાનીનો હૃદયભાવ છે. બીજાને સમજાવવા ઇચ્છું છું તે વાસ્તવિક સ્વરૂપ નથી. વાણીમાં આત્મસ્વરૂપ આવી શકે નહિ. વાણી અને વિકલ્પ વડે તેથી હું શું સમજાવું ? સામા જીવને પણ વાણી સામે જોઇને વિકલ્પ થાય છે. ખરેખર આત્મસ્વરૂપ અનુભવગમ્ય છે. જે સ્વસંવેદન ગમ્ય આત્મતત્ત્વ છે તે બીજા જીવોને વાણીથી કે વિકલ્પથી સમજાય એવું નથી. તેથી બીજા જીવોને હું શું સમજાવું ?

આત્મજ્ઞાની અનુભવના વિષયમાં વિકલ્પની વ્યર્થતા સમજે છે. આત્માની અનુભૂતિ મને થઇ તેને વાણીમાં કેવી રીતે સમજાવું ? બાવન અક્ષરમાં અનુભૂતિ બતાવી શકાય નહિ. તત્ત્વ તો બાવન અક્ષર

બારું છે. તે સ્વરૂપને સમજાવવા અન્ય વાણી તે શું કરે ? અનુભવગોચર આત્મા છે. જયાં લગી આત્મતત્ત્વ ચીન્યો નહિ, ત્યાં લગી સાધના પણ શું કરે ? સાધનાથી પાર આત્મતત્ત્વ છે માટે કહ્યું કે વિકલ્પ કે વાણીથી કહેવું અગોચર છે. **चिदानंद रूपः शिवोऽहं शिवोऽहं** – મૌનમાં સમાય એવી અનુભૂતિ છે.

**દૃષ્ટાંન્ત :** ભારત દેશમાં અનેક સાધનાસ્થાનો છે તેને આશ્રમ શબ્દથી ઓળખાવે છે. 'શ્રી નિરંજનાનંદ આશ્રમ' છે. શ્રી ગુરુદેવ ત્યાં બિરાજે છે. ઉચ્ચ ભૂમિકાના સાધક ભીતરી સાધનારત છે. અન્ય સાધકો પૂ. ગુરુદેવના માર્ગદર્શન સાથે આત્મસાધનારત છે. અનેક મુમુક્ષુ આશ્રમમાં આવે છે. ઉત્તમ પાથેય સાથે સ્વગૃહે ગમન કરે છે. શ્રી નિરંજનાનંદ આશ્રમના પૂ. ગુરુદેવ સ્વાનુભૂતિના અમૃતરસાનંદ માણતા રહે છે. તેથી વધુ મૌનદશામાં રહે છે. અનેક વિદ્વાનો પંડિતો, આચાર્યો, સંતો, આશ્રમમાં આવી પૂ. ગુરુદેવ સાથે સંવાદ પણ કરે છે. કોઇ ચમત્કારના અભિપ્રાયમાં રહેતા સાધુઓ 'હું પાણી ઉપર ચાલી શકુ છું' એવું કહે છે. કોઇ 'આકાશગમન કરી શકું છું' એવું કહે છે. કોઇ 'પ્રાણી, પક્ષીની ભાષા જાણી શકું છું' એવું કહે છે. ''આત્માનો અનુભવ આ બધાથી પાર છે. તેની સિદ્ધિ એ જ મનુષ્યત્વનું પરમ સત્ય છે'' એમ પૂ. ગુરુદેવ કહે છે.

એકદા શાસ્ત્રના અભ્યાસુ, બધા ધર્મોના ગ્રંથોમાં પારંગત, વાદવિવાદમાં પ્રથમ સ્થાને રહે તેવા એક પંડિતનું આગમન થાય છે. પૂ. ગુરુદેવ જે સદા આશ્રમસ્થ રહ્યા છે, તેઓને વાદવિવાદ માટે પૂછીને-આપણે શાસ્ત્રાર્થ કરીએ તેમ જણાવે છે. પૂ. ગુરુદેવ મૌન સાથે અનુમતિ આપે છે. આશ્રમસ્થ સહુ સાધકો બેસે છે. અન્ય મુમુક્ષુઓ આશ્રમમાં આવ્યા છે તેઓને પણ આ ચર્ચામાં વાદવિવાદમાં ઉપસ્થિત રહેવા કહ્યું છે, તેથી સહુ સાથે બેસે છે. ચર્ચાનો પ્રારંભ થાય છે. આગન્તુક પંડિત પ્રથમ બધી વાત કરે છે. શાસ્ત્રાર્થ બધા ધર્મોની વાત કરે છે. વેદ, ઉપનિષદ, આગમ, અન્ય આચાર્ય રચિત ગ્રંથો-એક પછી એક પ્રશ્ન-સમાધાન થતાં જાય છે. કેટલાક ઉપસ્થિત વ્યક્તિઓને પંડિત ઉપર બહુમાન આવે છે. આવા ઉત્તમ પંડિતને આપણે ક્યારેય સાંભળ્યા નથી. પૂ. ગુરુદેવ મૌનભાવે સાંભળે છે. તેમને જ્યારે વાણી પ્રગટ કરવાની થશે ત્યારે બોલશે. પછી પંડિતે કહ્યું, ''આ તર્કની બધી સ્પષ્ટતા હવે આપ કરો.'' પૂ. ગુરુદેવનો પ્રત્યુત્તર અદ્‌ભૂત છે, ''હે મહોદય ! આપે જે શાસ્ત્રાર્થ કર્યો-વાણીમાં બધું વ્યક્ત કર્યું તે તમારી દૃષ્ટિએ યથાર્થ છે. પણ તમે જે શાસ્ત્રાર્થ કર્યો તે આપ બોલીને-વાણીમાં વ્યક્ત કરો છો તે સર્વને હું નિરંતર અનુભવું છું.'' અનુભવની ભાષા મૌન છે. એટલા શબ્દો પંડિત માટે જાગૃતિ રૂપ હતા. પંડિત પોતાના આસનથી ઊભા થઇ પૂ. ગુરુદેવના ચરણોમાં નમી પડ્યા. સમજી ગયા કે અધ્યાત્મ વાણીનો વિષય નથી, અનુભવનો વિષય છે. કાયમ માટે પંડિત 'શ્રી નિરંજનાનંદાશ્રમ' માં રહી ગયા. સ્વમાં સ્થિર થઇ ગયા.

હવે જે આત્મસ્વરૂપને વાણીથી કહી શકાય તેમ નથી તથા જેને કહીએ તે વિકલ્પ અને વાણીમાં રહી જાય છે તેને સમજાવવાનો પ્રયત્ન વ્યર્થ છે. પૂ. આચાર્યદેવની ભાવના એવી છે કે સ્વાત્મમાં સ્થિર થઇ, આત્મદશામાં વૃદ્ધિ પામી, કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, સિદ્ધદશાને વરી લે તે પરમ કલ્યાણકારી છે.

આત્મમયતામાં સ્થિત જ્ઞાનીનો જે ઉપદેશ પ્રગટ થાય તેની જાત જુદી હોય છે. જ્ઞાની આત્માને અંતર્મુખ થવાનું કહે છે. બહિર્મુખ વલણમાં આત્માને કિંચિત્ લાભ નથી માટે વાણી અને વિકલ્પનું અવલંબન છોડીને મહિમાપૂર્વક આત્મસ્વભાવનું અવલંબન પરમોચ્ચ દશાનું કારણ બને છે. જ્ઞાની થયા પછી ઉપદેશ આદિની ઘટના ઘટે નહિ એમ નથી પણ ઉપદેશ આદિમાં જ્ઞાનીને એવો અભિપ્રાય નથી. મારાથી બીજા સમજી જાય અથવા આવા વિકલ્પથી મને લાભ થાય એવી વિચારણા જ્ઞાનીને નથી. બહિરાત્મા સ્વયં પરાશ્રય બુદ્ધિ છોડીને અંતર્મુખ થઇને સ્વસંવેદન કરશે ત્યારે જ તે પ્રતિબોધ પામશે. તેથી જ્ઞાની કહે છે કે આવું અનુભૂતિ સ્વરૂપ આત્માનું

છે તે કેવી રીતે કહું ? કહેવાથી શું ? માટે મારો પરિશ્રમ વ્યર્થ છે. જ્ઞાની તો નિજસ્વરૂપમાં જ રહેવા માંગે છે. બાહ્યચેષ્ટામાં મારે શા માટે રહેવું ? અધ્યાત્મરસને આરાધી નિજ સ્વરૂપમાં રહે છે. પૂ. આચાર્યદેવની ઉત્કૃષ્ટ ભાવના છે.

હવે શબ્દોથી વિશેષાર્થના ભાવ વિચારીએ.

(૧) **यत् बोधयितुं इच्छामि** = વિકલ્પરહિત આત્મસ્વરૂપને સમજાવવા ઇચ્છું છું. **तत् न अहं** = તે હું નથી. હું બીજાને સમજાવવા ઇચ્છું છું. તે વિકલ્પ છે. વિકલ્પથી રાગ ઉત્પન્ન થાય છે. રાગ તે આત્માનું સ્વરૂપ નથી. શબ્દોથી શબ્દાતીતને કેમ સમજાવી શકાય ?

ब्र. पंडित शीतलप्रसादजी लिखते है, ''जिन के मोह का तीव्र उदय होता है वे तो पदार्थ के समझने की रुचि भी नहीं करते तथा समझाने जाने परभी उनके दिल में कुछ असर नहीं होता, परन्तु जिनके मंद उदय होता है उनको पर का उपदेश निमित्त पड़ जाता है। किसी भी तरह तत्त्वज्ञानीको परोपदेश के अहंकार में पड़कर अपने समाधिभाव को न गंवाना चाहिये । समाधिभाव का साधन परोपदेश की उपेक्षाबुद्धि से ही होता है । यह ही कारण है जो तीर्थंकर महाराज तप को धारण करके केवलज्ञान होने तक मौन रहते हैं । धर्मोपदेश नहीं देते ।''

(૨) **पुनः यत् अहं तदपि अन्यस्य ग्राह्यं न** = જે આનંદમય સ્વરૂપ અનુભવગમ્ય છે તે બીજાને સમજાવી શકાય તેમ નથી.

નિજાત્મ જ્ઞાનાનંદ સુખ સ્વરૂપ શબ્દો દ્વારા કે વિકલ્પો દ્વારા સમજાવી શકાય તેમ નથી, સ્વાનુભવને વાણીમાં લાવી શકાય તેમ નથી કે વિકલ્પોમાં આવી શકે તેમ નથી. સ્વાનુભવગમ્ય છે. સ્વસંવેદન સ્વરૂપ છે.

પરમકૃપાળુદેવ લખે છે.

અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.
ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવાવત્, એ ઉપકાર અમાપ.

ઉપકારની ભાવના વેદાય પણ સ્વસંવેદનગમ્ય આત્મા સ્વયં અનુભવે છે. સ્વના સ્વાધીન પુરુષાર્થથી વેદાય છે. તેથી જ્ઞાની કહે છે કે મારે બોધ દેવો તે વ્યર્થ છે. નિજ સ્વરૂપમાં રહેવાની ખટક છે. રુચિ છે.

(૩) **तत् अन्यस्य किं बोधये** = તેથી અન્યને કેમ બોધ આપું ? બોધ તે વાણીનો વ્યાપાર છે. વિકલ્પનો વ્યાપાર છે, માટે જ્ઞાનને નિરંતર સ્વમાં લીન થવાના ભાવ વર્તે છે.

પૂજ્ય બેનશ્રી ચંપાબેનની સ્વાનુભવ વિભૂષિત સરસ્વતી કહે છે, ''જ્ઞાનીને સ્વાનુભૂતિ વખતે કે ઉપયોગ બહાર આવે ત્યારે દૃષ્ટિ તળ ઉપર કાયમ ટકેલી છે. બહાર એકમેક થયેલો દેખાય ત્યારે પણ તે તો (દૃષ્ટિ અપેક્ષાએ) ઊંડી ઊંડી ગુફામાંથી બહાર નીકળતો જ નથી.... સહજ તત્ત્વનો કદી નાશ થતો નથી. તે મલિન થતું નથી, તેમાં ઊણપ આવતી નથી. શરીરથી તે ભિન્ન છે. ઉપસર્ગ તેને અડતાં નથી, તરવાર તેને છેદતી નથી, અગ્નિ તેને બાળતો નથી, રાગદ્વેષ તેને વિકારી કરતાં નથી. વાહ! તત્ત્વ ! અનંતકાળ ગયો તો પણ તું તો એવું ને એવું જ છે.''

સહજ આત્મ મહિનામા ભાવો અહીં વ્યક્ત થયા છે.

જે ઉપદેશવા ઇચ્છું, તે હું ના, મુજ રૂપ જે-
તે તો ના અન્યથી ગ્રાહ્ય; બોધું હું કેમ અન્યને ?-૫૯

**- પૂ. બ્રહ્મચારીજી**

सद्‌बोध शिष्य-दल को जब मैं दिलाऊँ,
स्वामी ! निजानुभव मैं तब हा ! न पाऊँ ।
ना शब्दगम्य निजगम्य, अमूर्त हूं, मैं कैसे ?
किसे ? कब उसे ? दिखला सकूं मैं ॥ ५६॥

**- પૂ. આચાર્ય વિદ્યાસાગરજી**

જે ઇચ્છું છું બોધવા, તે તો નહીં 'હું' તત્ત્વ,
'હું' છે ગ્રાહ્ય ન અન્યને, શું બોધું હું વ્યર્થ ? ૫૯

**- શ્રી છોટાલાલ ગાંધી**

(ક્રમશઃ)

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

**અશોકભાઈ પી. શાહ**

**ચોવીશીનું એક વિહંગાવલોકન (ભાગ-૧)**

વર્તમાન અવસર્પિણીકાળના ચોવીસ તીર્થંકરોની અનન્ય સ્તવનારૂપ 'શ્રી દેવચંદ્રજી ચોવીશી' ની વિચારણા શ્રી દેવ-ગુરુ-ધર્મના પ્રતાપે પૂર્ણાહુતિ પામી. આ અવસરે તે સ્તવનોનું એક વિહંગાવલોકન કરી લઈએ તો તે અસ્થાને નહીં ગણાય. આપણે જોયું કે દરેક સ્તવન તીર્થંકરદેવે પ્રરૂપેલા ધર્મની કંઇક વિશિષ્ટતા લઈને આવ્યું હતું - ક્યારેક વિશિષ્ટ દાસાનુદાસ ભક્તિ તો ક્યારેક અંતર્મુખતા તરફ લઈ જતી ભક્તિ; ક્યારેક દ્રવ્યાનુયોગ તો ક્યારેક કરણાનુયોગ - એમ અનેક વૈવિધ્યતાથી સુશોભિત સ્તવનો ઉપર આપણી રુચિ-ભક્તિ-પાત્રતા અનુસાર પરાવર્તન થાય, એટલું જ નહિ પણ આપણી સાધનામાં જે જે સ્તવનો વિશેષ પ્રેરણાબળ પૂરું પાડતા હોય તેને ફરી ફરી ભક્તિગાન સાથે વાગોળીએ, એ જ માત્ર પ્રયોજન છે આ વિહંગાવલોકનનું. દરેક સ્તવનમાં ગણિશ્રી દેવચંદ્રજીએ એવું દૈવત પૂર્યું છે કે ઋષભદેવથી માંડીને મહાવીરસ્વામી સુધીના કરોડો વર્ષોના ગાળામાં થયેલ કોઈપણ તીર્થંકર સાથે આપણા ભાવ અને ભક્તિને જોડી આપે, Connect કરી આપે. આ અંકમાં આપણે પહેલા આઠ તીર્થંકર સ્તવનોની પરાવર્તના કરીશું.

સૌ પ્રથમ સ્તવન દેવચંદ્રજી શ્રી ઋષભદેવ સાથે આનંદઘનજીની જેમ જ પ્રીતિનો સંબંધ જોડીને શરૂ કરે છે. તે પ્રીતિ "કિમ કીજે હો કહો ચતુર વિચાર" એટલો મુદ્દાનો પ્રશ્ન જ પ્રીતિ જોડવામાં સમર્થ છે. સિદ્ધલોકમાં અળગા જઇ બેઠેલા પ્રભુ સાથે પ્રીતિ કઇ રીતે જોડવી ? પણ દેવચંદ્રજી આપણને ભાવોના ઉચ્ચ સ્તરે લઇ જતાં સ્વયં તેનું સમાધાન કરે છે કે જો તું અનંત પરપદાર્થોની અનંતી (અનંતાનુબંધી) પ્રીતિ, આસક્તિ તોડે તો તે પ્રીતિ પ્રભુ સાથે જોડાય અને તેનું કેવું સુંદર ફળ કે, "પ્રભુજીને અવલંબતાં, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ !" જુઓ, મોક્ષમાર્ગ કેટલો સરળ કરી આપે છે દેવચંદ્રજી !

બીજા સ્તવનમાં જ્ઞાનાદિક અનંત ગુણસંપદા ધરાવનાર શ્રી અજિતનાથ ભગવાનને "અજિત જિન તારજો" ની ભાવપૂર્વક વિનંતી દેવચંદ્રજી કરે છે. ત્યારબાદ ગાથા ૨ થી ૫ માં નિમિત્ત - ઉપાદાનના સંદર્ભમાં કર્તા-કારણ-કાર્યનો સંબંધ સમજાવી, ઘેંટા સાથે ભળેલા સિંહના બચ્ચાનું દૃષ્ટાંત લઇ, પ્રભુરૂપ ઉત્તમ નિમિત્તના અવલંબનથી આપણામાં ગર્ભિતપણે રહેલ પરમાત્મારૂપ સિંહત્વને જગાડે છે. આગળ પ્રભુના અનેક ગુણોને યાદ કરી પ્રભુ થકી પોતાને થયેલ અનેક લાભ-જેમ કે, કલ્પિત સુખનો ભ્રમ ટળી નિજ અવ્યાબાધ સુખનું ભાન થવું; આત્માના કેટલાક વિશિષ્ટ અનોખા ગુણો - ગ્રાહકતા, સ્વામિત્વતા, વ્યાપકતા, ભોક્તાપણું - આદિ સર્વનું સ્વરૂપ તરફ વળવું; શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર અને દાનાદિક પરિણામ આત્મસત્તાના રસિક થવાપણાનો ઉલ્લેખ કરી અંતે પ્રભુને ભવરોગના 'વૈદ્ય' અને સંસારથી બચાવનાર 'ગોપ' આદિ અનેક ઉપમાઓ આપી કૃતજ્ઞતા દર્શાવતી ભક્તિથી સ્તવન પૂર્ણ કરે છે.

ત્રીજા શ્રી સંભવનાથ તીર્થંકર સ્તવનમાં સૌ પ્રથમ તો "પૂજો, પૂજો" કહીને સૌને પ્રભુભક્તિનો પરમાનંદ માણવા માટે દેવચંદ્રજી આહ્‌વાન કરે છે. ત્યારબાદ પ્રભુને "અવિસંવાદી નિમિત્ત" અને "ઉપાદાન આતમ સહી, પુષ્ટાલંબન દેવ" - એમ જણાવી નિમિત્ત - ઉપાદાનની સુયોગ્ય સંધિનો દોર ચાલુ રાખે છે. કારણ-કાર્ય સંબંધમાં પણ અહીં બે નોંધપાત્ર વાત એ છે કે : (૧) પ્રભુની જે સર્વ સિદ્ધિ છે તે જ સાધકની મોક્ષસાધનાનું કારણ બની જાય છે અને (૨) પ્રભુવંદનારૂપી કારણ પણ સ્વચ્છંદે નહીં પણ 'આગમ અનુસાર' અને ઉલ્લાસપૂર્વક થવું જોઇએ તો ચોક્કસ આ જન્મ કૃતાર્થ થયો લેખાશે. આમ, આ સ્તવનમાં પ્રભુઅવલંબનરૂપ નિમિત્ત-કારણની મુખ્યતા રહી છે પણ ઉપાદાનરૂપ આત્માને લક્ષમાં રાખીને ! અંતમાં પ્રભુ તો "ગુણ અનંતનું ઠાણ", શુદ્ધ, સિદ્ધ, સુખની ખાણ છે એમ ગુણગાનથી સ્તવન

પૂર્ણ થાય છે.

ચોથા શ્રી અભિનંદનસ્વામી સ્તવનમાં "કયું જાણું કયું બની આવશે"- પ્રભુ સાથે રસમય પ્રીતિ કઇ રીતે બનશે એવા પ્રશ્નનો માર્મિક ઉત્તર આપતા દેવચંદ્રજી કહે છે, "પુદ્‌ગલ અનુભવ ત્યાગથી"- પૌદ્‌ગલિક પદાર્થોનો તેમજ તેના રાગના ત્યાગથી જ તે પ્રીતિ થઇ શકે. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ પત્રાંક-૬૯૮ માં આ પંક્તિનો મર્મ પ્રકાશ્યો છે. જ્ઞાન-વૈરાગ્યના બોધથી પરાભક્તિ સુધી પહોંચાડતા દેવચંદ્રજી આગળ ફરમાવે છે કે : "દ્રવ્યે દ્રવ્યે મિલે નહીં" એ ન્યાયે પ્રભુ ભલે "વસ્તુગતે અલિપ્ત" હોય, પરંતુ જીવ તે પુદ્‌ગલરૂપી એંઠને "અશુદ્ધ પર હેય" જાણી, "શુદ્ધ નિમિત્તી પ્રભુ"ના સ્વરૂપનું અવલંબન લઇ ચિત્તવૃત્તિને તે સ્વરૂપ સાથે 'એક તાન' કરે તો તેનો આત્મા પણ એ "પ્રભુસેવના" થી "પરમાનંદ વિલાસ" પામશે !

પાંચમાં તીર્થંકર શ્રી સુમતિનાથ સ્તવનમાં પ્રભુના અતિ વિસ્મયકારક ગુણો વર્ણવતાં સ્વયં અહોભાવ અને આશ્ચર્યથી બોલી ઊઠે છે કે : "અહો શ્રી સુમતિ જિન શુદ્ધતા તાહરી !" વિસ્મયતા એ છે કે આત્માના પ્રતિપક્ષી ગુણો જેમ કે, નિત્યતા - અનિત્યતા, એકતા-અનેકતા આદિ અવિરોધપણે પ્રભુમાં શોભી રહ્યાં છે. પ્રભુ અનંત ગુણોના ભોગી હોવા છતાં અભોગી,અકામી; દરેક ગુણોના કાર્યમાં ભેદ છતાં પ્રભુ તો અભેદી; નિજસ્વરૂપના કર્તારૂપે પરિણમનશીલ છતાં કૂટસ્થ ત્રિકાળી ધ્રુવ - એમ અનેક પ્રકારે "ઉપજે વ્યય લહે તહવિ તેહવો રહે" - 'ઉત્પાદ્ વ્યય ધ્રુવ યુક્તં સત્'ના સિદ્ધાંત અનુસરતા પ્રભુના આશ્ચર્યકારક ગુણો દર્શાવીને દેવચંદ્રજી "જીવ નવિ પુગ્ગલી...." એ ગાથા વડે જડ-ચેતનનું તદ્દન ભિન્નપણું સિદ્ધ કરે છે. (શ્રીમદ્‌જીએ આ ગાથાનું સુંદર વિવેચન પત્રાંક-૩૨૨ માં કર્યું છે.) ત્યારબાદ સાધક કઇ રીતે પ્રભુના અનોખા સ્વરૂપમાં રુચિ જાગવાથી પ્રભુભક્તિનું અવલંબન લઇ, સમાધિને પામી મોક્ષમાર્ગમાં આગળ વધે છે તે દર્શાવી "માહરી શુદ્ધ સત્તાતણી પૂર્ણતા, તેહનો હેતુ પ્રભુ તુંહિ સાચો" એમ ઉપકારવેદનથી સ્તવના કરી દેવચંદ્રજી અંતમંગળ કરે છે.

છઠ્ઠા તીર્થંકર શ્રી પદ્મપ્રભુ સ્તવનમાં દેવચંદ્રજી આપણને ભક્તિરસમાં તરબોળ કરે છે. ઉપાદાન-નિમિત્તના સંબંધમાં અહીં હવે નિમિત્તનું પલ્લુ ભારે છે ! મને મોક્ષ અપાવનાર પ્રભુ જ મારા "વાલ્હેસર" અને દરેક ચરણમાં આ શબ્દ મૂકીને દેવચંદ્રજી પ્રભુ પ્રત્યે અત્યંત 'વહાલપ' દર્શાવે છે. પહેલી ગાથામાં જ "જિન ઉપકાર થકી.... ભવ્યજન સિદ્ધિ પામે છે" એમ જણાવી ભક્તિમાર્ગનો સાર કહી દીધો. આગળ વધતાં પ્રભુદર્શનનું સ્વરૂપ અને પ્રભુભક્તિથી થતાં અદ્‌ભુત લાભ એકેક ગાથામાં દૃષ્ટાંત સહિત બતાવતાં જાય છે. પ્રથમ તો શબ્દનય, સંગ્રહનય અને એવંભૂતનય-એમ ત્રણ નય વડે પ્રભુદર્શનનું રહસ્ય ખોલે છે, જેમાં તત્ત્વજ્ઞાનની પણ થોડી ઝલક મળે છે. ત્યારબાદ જળ, જમીનના સંયોગથી બીજનું વૃક્ષ થવું એ દૃષ્ટાંતે પ્રભુસંયોગથી સાધકની આત્મસંપત્તિનું પ્રગટવું; પ્રભુધ્યાનરૂપ સૂર્યના ઉદયથી આત્મામાં ચિદાનંદની વિલાસતામાં વૃદ્ધિ થવી; મંત્રથી જેમ કોઇને લબ્ધિ-સિદ્ધિ પ્રગટે છે તેમ પરમાત્માના રંગથી સાધકમાં અધ્યાત્મરૂપી તત્ત્વતા પ્રગટવી; લોહ-પારસ-કંચનના દૃષ્ટાંતે પ્રભુના ગુણગ્રામથી ઉચ્ચ અધ્યાત્મદશા પ્રગટવી; ભવસાગર તરવામાં સેતુ એવા જિનરાજનું નામસ્મરણ, એમ અનેક પ્રકારે આપણામાં ભક્તિમાર્ગ દૃઢ કરાવી દેવચંદ્રજી અંતે રક્તવર્ણી પરમૌદારિક કાયાને ત્યાગી અરૂપી, અશરીરી સિદ્ધપદે બિરાજમાન શ્રી પદ્મપ્રભુની સ્તવના કરતાં રૂપાતીત ધ્યાન તરફ દોરી જાય છે.

સાતમા તીર્થંકર શ્રી સુપાર્શ્વનાથ સ્તવનમાં પ્રભુને "શ્રી સુપાસ આનંદમેં, ગુણ અનંતનો કંદ હો જિનજી" એમ બિરદાવી દેવચંદ્રજી અનેક પ્રકારે ભગવાનના વૈવિધ્ય ધરાવતા ગુણો મૌલિકતાથી રજૂ કરી આખા સ્તવનમાં પ્રભુના ભરપૂર ગુણગાન ગાય છે, જેનાથી પ્રભુની તાત્ત્વિક ઓળખાણ કરવી સહેલી બની જાય છે. તો જોઇએ ગાથામાં ક્રમશઃ આવતા તે ગુણોઃ પૂર્ણ જ્ઞાનાનંદ અને પવિત્ર ચારિત્રાનંદના ધારક, સંરક્ષણની જેને કોઇ આવશ્યકતા નથી એવા અનાથના નાથ, અનંત ઐશ્વર્યથી ધનવંત, યોગક્રિયા રહિત છતાં સ્વરૂપના કર્તા, અજેય સંત, અગમ-અગોચર-અમર, અવ્યય ઋદ્ધિના ધારક, સ્પર્શાદિ પૌદ્‌ગલિક ગુણોથી

ભિન્ન, અનંત શુદ્ધ ગુણોની પ્રદેશે પ્રદેશે બનેલ વ્યૂહ રચનાના ભોક્તા, અનંતવીર્યના પ્રભાવથી દાનાદિ પાંચ લબ્ધિના ભોક્તા અને પ્રભુના સુખનું વર્ણન તો એટલું આહ્‌લાદક છે કે તે વિશેષણો જોતાં તેવા સુખ માટે આપણો પુરુષાર્થ ઊપડ્યા વિના ન રહે ! કહે છે, પ્રભુનું સુખ એકાંતિક, આત્યંતિક, સહજ, અકૃત્રિમ, સ્વાધીન, નિરુપચરિત, દ્વંદ્વાતીત, અહેતુક અને પુષ્ટ છે ! વળી તે સુખની 'અનંતતા' લોકાલોકના સર્વ પ્રદેશોની અનંતતાને વટાવી જાય તેવી છે ! આવા અનંત ગુણોના ભોગથી શ્રી સુપાર્શ્વનાથ પરમાનંદમાં બિરાજે છે. જે સાધક પ્રભુના આવા અવ્યાબાધ સુખની રુચિ પ્રગટાવી, તે માટે સાધના કરે તે અવશ્ય પરમાત્મપદ પામે એવા આશીર્વાદ સહિત દેવચંદ્રજી સ્તવનને વિરામ આપે છે.

આઠમા તીર્થંકર શ્રી ચંદ્રપ્રભ સ્તવનમાં "શ્રી ચંદ્રપ્રભ જિનપદ-સેવા, હેવાએ જે હલિયાજી"- એમ ઉલ્લાસપૂર્વક પ્રભુસેવાથી ટેવાયેલા ઉત્તમ સાધકની જિનસેવાનું સ્વરૂપ વિવિધ નયો દ્વારા દેવચંદ્રજી સમજાવે છે. પ્રથમ તો સેવાના બે પ્રકાર કહે છે - દ્રવ્યસેવા અને ભાવસેવા. પ્રભુને વંદન, નમન, અર્ચન, ગુણગાન આદિ દ્રવ્યસેવા છે, જે પ્રભુ સાથે અભેદ થવારૂપ ભાવસેવાના લક્ષે થાય છે. ભાવસેવાના બે પ્રકાર છે - અપવાદ અને ઉત્સર્ગ. સ્વાત્મોપલબ્ધિરૂપ સાધ્યની પ્રાપ્તિ માટે જિનેશ્વરની ભક્તિ આદિ આત્માના વિશુદ્ધ પરિણામરૂપ જે સાધન છે તે ભાવસેવાનો અપવાદમાર્ગ છે અને તે જિનભક્તિરૂપ સાધનથી જ્યારે સ્વાત્મોપલબ્ધિરૂપ સાધ્યની સિદ્ધિ થાય ત્યારે ઉત્સર્ગમાર્ગરૂપ ભાવસેવા થઇ કહેવાય. આ બન્ને પ્રકારને દેવચંદ્રજી સાત નય - નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત - દ્વારા સમજાવે છે. પ્રયોજન એ છે કે પ્રભુસેવાના આ નિશ્ચય-વ્યવહારરૂપ પ્રકારોને અનેકાંતપૂર્વક સેવીને સાધક જિનસેવાથી નિજસેવારૂપ પરમપદને પામે. આ સર્વે નય દ્વારા જિનસેવાને વિસ્તારથી સમજવા સ્તવનના વિવેચનમાં (દિવ્યધ્વનિ/મે-જૂન-૨૦૧૮) જવું અપેક્ષિત છે. આવતા અંકમાં બીજા આઠ તીર્થંકર સ્તવનોની પરાવર્તના કરીશું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

- શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ

## ભારતીય ગુરુ પરંપરાના સંદર્ભે ...

પાના નં. ૨૮ પરથી ચાલુ...

અહંનું વિસર્જન થયું છે, મનનું મૃત્યુ થયું છે. આ જગતમાં આત્માથી શ્રેષ્ઠ કશું જ નથી અને મને આત્માનું દર્શન કરાવનાર તો ગુરુ જ છે, જેથી આત્મા પણ તેનો જ છે તો હું ગુરુને શું આપી શકું? આમ લઘુતાભાવ પ્રગટ થાય તો જ શિષ્યત્વ આદર્શ બની શકે છે. ગુરુભક્તિની પરાકાષ્ઠારૂપ શ્રીમદ્‌જીની ગાથા દ્વારા આપણે આ વિષયનું સમાપન કરીશું.'

**અહો! અહો! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;**
**આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.**
**શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;**
**તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.**
**દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;**
**તે જ્ઞાનીના ચરણમાં હો વંદન અગણિત.**

સંત દત્તાત્રેયે પશુ-પંખી અને પ્રાણીઓમાં દૈવી ગુણોની વિશિષ્ટતાનાં દર્શન કર્યાં તો તેમણે એ બધાને ગુરુપદે સ્થાપી દીધાં. ધન્ય છે તેમની ગુણાનુરાગી દૃષ્ટિને! દતાત્રેયને માનવી, પ્રાણી અને પ્રકૃતિમાં જે સદ્‌ગુણો દેખાયા તેને તેમણે ગુરુ માન્યા. ધરતી, આકાશ, સમુદ્ર, વાયુ, અગ્નિ, ઈયળ, ચંદ્ર, સૂર્ય, અજગર, જળ, પતંગિયું, હાથી, મધપૂડો, હરણ, માછલી, ગણિકા, બાળક, કુંવારી કન્યા, લુહાર, સર્પ, મધમાખી અને કૂતરો - આમ આ ચોવીશ ગુરુઓ બતાવ્યા છે.

અખો, કબીર, મહાત્મા ગાંધી અને સ્વામી વિવેકાનંદના ગુરુસંબંધી ચિંતનમાં એક સૂર પ્રગટે છે, "તું તારો ગુરુ થા!" સદ્‌ગુરુની શોધ કરવા, ગુરુની પ્રાપ્તિ માટે તું જ સ્વયં તારો ગુરુ થઈને પુરુષાર્થ કર તો જ તને સત્પુરુષની પ્રાપ્તિ થશે. વ્યાસમુનિ-નારદ, ભીષ્મના ગુરુ પરશુરામ, આરુણિ-ઉપમન્યુ, સત્યકામ-જૈમીન, પરશુરામ-કર્ણ, ભગવાન મહાવીર-ગણધર ગૌતમ, વશિષ્ઠ-રામ, કૃષ્ણ-સાંદીપનિ, દ્રોણાચાર્ય-એકલવ્ય, રામકૃષ્ણ-વિવેકાનંદ જેવા મહાન ગુરુ-શિષ્યનું પાવન સ્મરણ કરી સંસ્કૃતિના આધારસ્તંભ સમા સદ્‌ગુરુને વંદના!

('દશાશ્રીમાળી' માંથી સાભાર)

# શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર (ક્રમાંક-૨૭)

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

**પ્રભુનો વૈભવ (ઐશ્વર્ય) અને પૂજ્યતા-૧**

● **મૂળ શ્લોક :** (વસંતતિલકા)

**स्वेन प्रपूरित जगत्त्रय पिंडितेन,**
**कान्ति प्रताप यशसामिव संचयेन ।**
**माणिक्य हेम रजत प्रविनिर्मितेन,**
**सालत्रयेण भगवन्नभितो विभासि ॥२७॥**

● **અન્વયાર્થ :**

(हे) भगवन् ! प्रपूरित जगत्त्रय पिंडितेन स्वेन कान्ति प्रताप यशसाम् संचयेन इव माणिक्य हेम रजत प्रविनिर्मितेन सालत्रयेण अभितः (त्वं) विभासि ॥

● **શબ્દાર્થ : स्वेन** - આપના, **प्रपूरित** - ભરી દીધેલ, **जगत्त्रय** - ત્રણેય જગતરૂપી, **पिंडितेन** - પિંડને, **कान्ति** - કાંતિ, **प्रताप** - પ્રતાપ, **यशसाम्** - યશના સમૂહની, **इव संचयेन** - ની સમાન શોભાયમાન, **माणिक्य** - માણેક, રત્ન, **हेम** - સુવર્ણ, **रजत** - ચાંદી, **प्रविनिर्मितेन** - થી બનેલા, **साल**- ગઢથી, કોટોથી, **त्रयेण** - ત્રણ, **भगवन्** - હે ભગવાન (આપ), **अभितः** - ચારે બાજુ, ફરતાં ફરતાં, **विभासि** - શોભાયમાન દેખાઓ છો, શોભો છો.

● **સમશ્લોકી ગુજરાતી પદ્યાનુવાદ :**

(હરિગીત)

**કીર્તિ, પ્રતાપજ, કાંતિ કેરા સમૂહથી ત્રૈલોક્ય આ,**
**ગોળા રૂપે ભગવાન! જયમ આપે પૂરેલાં હોય ના;**
**રૂપું, સુવર્ણ, અને વળી માણિક્યથી નિર્મિત ખરે,**
**ચોપાસથી શોભી રહ્યા ત્યમ આપ ત્રણ કિલ્લા વડે! (૨૭)**

(મંદાક્રાંતા)

**આપ્યો જેણે ત્રણ ભુવનને એક રૂપે જ યોગ,**
**જાણે કાંતિ તપ યશ તણો જામતો રે સુયોગ;**
**સોના રૂપા મહિ વળી મણિ તેજ ઓપી રહ્યાં છે,**
**એવા કિલ્લા ત્રણ મહિ અહા નાથ શોભી રહ્યા છે. (૨૭)**

● **ભાવાર્થ :** અહો ભગવાન! આપની ચારે બાજુ મણિ-રત્નો, સુવર્ણ તથા રૂપાથી બનેલા સમોસરણના ત્રણ ગઢ (કોટ)થી આપ અત્યંત શોભી રહ્યા છો. તે ત્રણ ગઢ જાણે કે આપના શરીરની કાંતિ, આપનો પ્રતાપ અને આપનો યશ ત્રણ લોકમાં સર્વત્ર ફેલાયા પછી, આપની ચારે બાજુ ત્રણ ગઢના રૂપમાં પિંડરૂપ ગોળાકારે થઈ ગયા છે.

● **વિશેષાર્થ / પરમાર્થ :** આ **કલ્યાણમંદિર સ્તોત્ર**માં, સિદ્ધસેન દિવાકર સૂરિજી ૧૯ થી ૨૬ શ્લોકમાં પ્રભુના ૮ અતિશય (પ્રાતિહાર્ય) વર્ણવે છે. ૨૭-૨૮ શ્લોકમાં પાર્શ્વપ્રભુનો વૈભવ અને ઐશ્વર્ય દર્શાવે છે.

આચાર્યશ્રી ૮ પ્રાતિહાર્યના વર્ણનરૂપે સ્તુતિ કરીને હવે રત્ન-સુવર્ણ-ચાંદી વડે નિર્માણ કરાયેલ સમોસરણના ત્રણ ગઢમાં વચ્ચે બિરાજમાન થવા રૂપે (શ્લોક-૨૭) અને દેવેન્દ્રોથી વંદનીય હોવા રૂપે (શ્લોક-૨૮) પ્રભુની સ્તુતિ કરે છે. આ બન્ને શ્લોકમાં લોકોત્તર બે અતિશયો કહે છે.

શ્લોક-૨૭માં પ્રભુની ભૌતિક રિદ્ધિની પરાકાષ્ઠા વર્ણવે છે. શ્લોક-૨૮માં પ્રભુના આંતરિક વૈભવ અને પૂજ્યતાની ઉત્કૃષ્ટતા દર્શાવે છે.

આચાર્યશ્રી ૧૯ થી શરૂ કરી ૨૬માં શ્લોક સુધીમાં ભગવાનને પ્રગટ થતાં જુદા જુદા ૮ અતિશયો (પ્રાતિહાર્યો) તથા તેના વિશિષ્ટ અર્થો સમજાવીને આપણને ધન્ય કરે છે. પ્રભુજીને પ્રગટતા ૩૪ અતિશયમાંના સિદ્ધસેન દિવાકર સૂરિજીએ વર્ણવેલા ૮ અતિશય આ પ્રમાણે છે :- (૧) ધર્મ દેશના સમયનું અશોકવૃક્ષ, (૨) દિવ્ય પુષ્પવૃષ્ટિ, (૩) દિવ્યવાણી, (૪) ચામર, (૫) સિંહાસન, (૬) ભામંડળ, (૭) દેવદુંદુભિ અને (૮) છત્ર. શ્લોક ૨૭-૨૮માં વર્ણવેલ બે લોકોત્તર અતિશયો છેઃ (૯) સમવસરણ અને (૧૦) દેવેન્દ્રોની વંદના. આ દસે અતિશયો એક સાથે વિચારીને પ્રભુનું ચિત્ર ખડું કરીએ તો પ્રભુની

પ્રતિભા, બાહ્ય વૈભવ, આંતર ઐશ્વર્ય અને પૂજ્યતાનું આપણને સાચું લક્ષ થાય છે.

પ્રભુ જે જગ્યાએ દેશના પ્રકાશવાના હોય, તે જગ્યાને સ્વચ્છ અને પવિત્ર કરવા તથા લોકોને દેશનાની જાણ કરવા માટે દેવો દિવ્ય (અચેત) પુષ્પવૃષ્ટિ કરે છે. તે સાથે આકાશમાં મોટા નાદે દેવદુંદુભિ વગાડે છે. વળી, દેશનાના સ્થળે મણિ-રત્ન, સુવર્ણ તથા રૂપાના એમ ત્રણ ગઢવાળા સમવસરણની રચના કરે છે. તેની મધ્યમાં અશોક-વૃક્ષની નીચે સુવર્ણના રત્નમય સિંહાસન ઉપર પ્રભુ બિરાજે છે. તેમને બન્ને બાજુએ દેવો રચિત શ્વેત ચામરો વિંઝાય છે. મસ્તકની પાછળ દિવ્ય ભામંડળ પ્રકાશે છે અને પ્રભુના મસ્તક ઉપર ત્રણ શ્વેત છત્રો છાયા કરે છે. આવા અતિશયોની વચ્ચે વીતરાગ પરમાત્મા ૐ (ઓમ) ધ્વનિરૂપ દિવ્યવાણી પ્રકાશે છે, જે જગતના સર્વ જીવોને કલ્યાણરૂપ હોય છે. આ બધા અતિશયોથી વિભૂષિત થયેલા પાર્શ્વ પ્રભુનો સમગ્રપણે વિચાર કરીએ ત્યારે પ્રભુનું માહાત્મ્ય આપણી સમક્ષ પ્રગટ થાય છે. ધ્વનિ સિવાયના બધા અતિશયો દેવકૃત છે, અને ધ્વનિ એ સ્વયં પ્રગટતો અતિશય છે પણ આ અતિશય સૌથી મહત્ત્વનો છે. બીજા અતિશયો જોઈને, પ્રભુના બાહ્ય વૈભવથી લોકો તેમના પ્રત્યે આકર્ષાય છે, અને તેમની પાસે આવીને વીતરાગી બોધ સાંભળી જગતના જીવો આત્મકલ્યાણના પંથે પ્રગતિ સાધે છે. સુપાત્ર દેવોને સર્વજ્ઞ પ્રભુનું અત્યંત મહત્ત્વ હોય છે અને તે અહોભાવ દર્શાવવા માટે જ દેવો આ અતિશયો રચે છે.

શ્લોક-૨૭માં સમવસરણનું માહાત્મ્ય પ્રગટ કરે છે. આચાર્યશ્રી પાર્શ્વપ્રભુને કહે છે કે હે ભગવાન! સમવસરણના મણિ-રત્નના, સોનાના અને રૂપાના ત્રણ ગઢ વડે આપ ચારે બાજુ પ્રકાશો છો. તે ત્રણ ગઢો જાણે કે આપની કાંતિ, પ્રતાપ અને યશના સમૂહના ત્રણ ગોળા હોય અને તેનાથી ત્રણે લોકને ભરી દીધા હોય એમ દેખાય છે.

કેવળજ્ઞાન થયા પછી તીર્થંકર પ્રભુ જ્યારે દેશના આપે છે ત્યારે દેવલોકના દેવો ઉલ્લસિત થઈ સમવસરણની રચના કરે છે. તે સમવસરણમાં સંસારના દુઃખથી છુટવાના ઇચ્છુક જીવો પ્રભુનો ઉપદેશ શ્રવણ-ગ્રહણ કરે છે.

સમવસરણમાં ચારે દિશાએ ચાર દરવાજા હોય છે અને અંદરના ભાગમાં, જુદી જુદી દશાના તથા જુદી જુદી ગતિના જીવોને બેસવાના જુદા જુદા વિભાગ હોય છે. ચારેય ગતિના જીવોને સમોસરણમાં આવવાનો અધિકાર છે. તેમાં મનુષ્યગતિ ઉત્તમ હોવાથી તેના જીવો વિશેષ હોય છે. મનુષ્યગતિના વિભાગોમાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા ચતુર્વિધ સંઘ ઉપરાંત ગણધર, કેવળી, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, ૧૪ પૂર્વધારી વગેરે શ્રોતાસમુદાય હોય છે. દેવો બધાને બેસવાના અલગ સ્થાન અને આસન રચે છે. બધી ગતિના શ્રોતા માટે જુદા જુદા વિભાગો રચવા સમવસરણમાં કોટ તથા ગઢની રચના દેવો કરે છે. તેમાં ૧૨ પર્ષદા બેસે છે.

(૧) ત્રણ ગઢોમાં, સોનાના કાંગરાવાળો **રૂપાનો ગઢ** પ્રભુની **કીર્તિનું પ્રતિબિંબ** લાગે છે.ધર્મસ્થાપન, આત્મશુદ્ધિ અને તીર્થંકરપદની પ્રાપ્તિથી પ્રભુની કીર્તિ ચારે દિશામાં ફેલાય છે. તેમાંથી જીવોને શીતળતા મળે છે. ચાંદીનો શ્વેત રંગ કીર્તિમાં રહેલી પવિત્રતા સુચવે છે. આ ગઢ પ્રથમ અને સૌથી મોટો છે.

(૨) રૂપાના ગઢની અંદરના ભાગમાં **સુવર્ણનો ગઢ** આવે છે, જેના ઉપર રત્નના કાંગરા હોય છે. આ ગઢ પ્રભુના **પ્રતાપના પ્રતીકરૂપે** છે. પ્રભુજીનો પ્રતાપ એવો હોય છે કે તેમની ચોતરફના એક જોજન (એક અપેક્ષાએ ૮૦૦૦ માઈલ) વિસ્તારમાં કોઈપણ પ્રકારની અશુદ્ધિ ન હોય. કોઈ પણ પ્રકારના દુર્ભિક્ષ કે રોગ નથી હોતા. રત્નના કાંગરાવાળો સોનાનો ગઢ એ વિશુદ્ધિનું પ્રતીક છે. સુવર્ણની તેજસ્વિતા અને રત્નોની ચમક પ્રભુના પ્રતાપ રૂપે છે.

(૩) ત્રીજો અને પ્રભુની સમીપનો મણિરત્નના કાંગરાવાળો **રત્નનો ગઢ** પ્રભુની **કાંતિનું પ્રતીક** છે. પ્રભુના આત્માની કાંતિ તેમના દેહ દ્વારા પ્રગટ થાય છે (બાહ્ય, સ્થૂળ, ભૌતિક અપેક્ષાએ). કાંતિ એ

આત્માનો નજીકનો ગુણ છે, ત્યારે પ્રતાપ અને કીર્તિ એ પરિણામરૂપ છે. કાંતિ અર્થાત્ તેજસ્વીતા પ્રભુના આત્મામાંથી પ્રગટે છે. તથા તેમની શુદ્ધતાના કારણે આવિર્ભાવ પામે છે. આથી તેમનો પ્રભાવ ચોતરફ ફેલાય છે, એ પ્રભુનો પ્રતાપ છે. આ પ્રભાવને અનુભવનારાઓ પ્રભુની કીર્તિ ફેલાવે છે કે પ્રભુ આવા અતિ પ્રભાવશાળી આત્મા છે. પ્રભુના આત્માની પરિપૂર્ણ વિશુદ્ધતાને લીધે પ્રગટતી કાંતિનો પ્રભાવ (પ્રતાપ) કીર્તિરૂપે દશે દિશામાં ફેલાય છે. આમ, કાંતિનું ઘણું મહત્ત્વ હોવાથી તેના પ્રતીકરૂપે રચાયેલો મણિરત્નનાં કાંગરાવાળો રત્નનો ગઢ, પ્રભુની સમીપમાં તથા સૌથી વધુ મુલ્યવાન છે.

શ્લોકમાં **भगवन्** શબ્દનો પ્રયોગ છે. **भग** શબ્દના ૧૪ અર્થો શાસ્ત્રમાં કહેલા છે. તેમાંથી આ ૧૨ અર્થવાળા ભગવાન કહેવાય છે : (૧) ઐશ્વર્ય, (૨) જ્ઞાન, (૩) માહાત્મ્ય, (૪) યશ, (૫) વૈરાગ્ય, (૬) મુક્તિ, (૭) રૂપ, (૮) વીર્ય, (૯) પ્રયત્ન, (૧૦) ઇચ્છા, (૧૧) લક્ષ્મી અને (૧૨) ધર્મ.

પાર્શ્વનાથ પ્રભુના શરીરનો વર્ણ (કાંતિ) નીલ (લીલો) છે અને ત્રીજો (અંદરનો) ગઢ માણિક્ય રત્નનો બનેલો છે, જે નીલવર્ણી રત્ન છે. આથી તે પ્રભુના શરીરની કાંતિ (પ્રભા) સમાન છે.

બીજો ગઢ સોનાનો છે અને તે પ્રભુના પ્રતાપ (પ્રભાવ) જેવો છે. શાસ્ત્રમાં પ્રતાપને તપેલાં સુવર્ણવર્ણ જેવો કહ્યો છે.

પહેલો (બહારનો) ગઢ ચાંદી-રૂપાનો છે તે પ્રભુના યશ (કીર્તિ)ના સમૂહ જેવો છે. કવિઓએ યશને સફેદ કહેલો છે અને રજતનો ગઢ પણ સફેદ છે. આ ત્રિગડા ગઢનો લોકોત્તર અતિશય છે.

સિદ્ધસેન દિવાકર સૂરિજી અહીં કાંતિ-પ્રતાપ-કીર્તિના સંચય/સંગ્રહ/સમૂહના બે વિશેષણો કહે છે :-

**(૧) स्वेन** - એટલે પોતાના સ્વકીય અર્થાત્ તે કાંતિ વગેરેનો સંચય પાર્શ્વનાથ પ્રભુનો પોતાનો છે.

**(૨) प्रपूरित जगत्त्रयपिंडितेन** - એટલે કાંતિ-પ્રતાપ-યશનો સંગ્રહ સમુદાય કેવો છે તે કહે છે. જેનાથી ત્રણે લોક સંપૂર્ણ ભરાઈ ગયા પછી વધેલાં કાંતિ-પ્રતાપ-કીર્તિ (યશ) પિંડરૂપ બનેલાં છે અને તે જ સમવસરણના રત્ન-સુવર્ણ-રૂપાના ત્રણ ગઢ છે.

આચાર્યશ્રી પાર્શ્વપ્રભુને કહે છે કે કાંતિ અને કીર્તિના પુંજથી સુશોભિત અહો ધર્મરાજ્ય સમ્રાટ! આપ સમવસરણમાં ચોમેર શોભી રહ્યા છો. હે પ્રભુ! મણિમય રત્નો, સુવર્ણ અને ચાંદીથી બનેલા સમવસરણના ત્રણ ગઢથી આપનું ઐશ્વર્ય ઝળકી રહ્યું છે. ખરેખર આ ત્રણ ગઢ નથી પરંતુ આપની આત્મિક સંપદાના ત્રણે જગતમાં ઝળહળતા પુંજ છે.

આ શ્લોક-૨૭માં પ્રભુના સમવસરણમાં જે ત્રિગડા ગઢની રચના દેવો કરે છે. તેના દ્વારા પ્રભુના ગુણોની સ્તુતિ કરવામાં આવી છે. જે ક્ષેત્રમાં અન્ય મતાવલંબી અધિક હોય અર્થાત્ મિથ્યાત્વનું વધારે પ્રમાણમાં જોર હોય અથવા જ્યાં પુષ્કળ પ્રમાણમાં શ્રોતાજનો આવે ત્યાં દેવો સમવસરણની રચના આ પ્રમાણે કરે છે. સૌ પ્રથમ વાયુકુમાર દેવ આવીને તે સમવસરણની ભૂમિ શુદ્ધ કરે છે. પછી મેઘકુમાર દેવ સુગંધી જળનો છંટકાવ કરે છે. એ ભૂમિ ઉપર ભવનપતિ દેવ તથા જ્યોતિષ દેવ પહેલો રજત, બીજો સુવર્ણ અને ત્રીજો રત્નનો ગઢ બનાવીને સમવસરણની રચના કરે છે. તે કોટ (ગઢ)ની મધ્યમાં અષ્ટ પ્રાતિહાર્યથી યુક્ત ભગવાન બિરાજમાન થઈને ધર્મોપદેશ આપે છે.

આચાર્યશ્રીએ ભાવગુણોને દ્રવ્યરૂપથી નિર્મિત ગઢમાં ઢાળવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે. સ્થૂળ (ગઢ) પદાર્થમાં ગુણાત્મક (કાંતિ,પ્રતાપ,કીર્તિ) તત્ત્વની સ્થાપના કરી છે. પ્રભુની કાંતિ, પ્રભાવ અને યશ-ત્રણેય પરિવર્તિત થઈને ગુણોના ગઢ બની ગયા છે. સમવસરણના ત્રણેય ગઢ ભાવથી ગુણાત્મક છે અને દ્રવ્યથી હીરા-માણેક તથા સોના-ચાંદીથી નિર્મિત છે.

અહીં ત્રણ લોકનો અર્થ માત્ર ભૌતિક ત્રણ લોક નથી. ત્રણ લોકના નિવાસી દેવ, મનુષ્ય, તિર્યંચ લોકના પ્રતિનિધિ છે, અને પુરુષાકાર ત્રણ લોકના મુખ્ય અંગ મન, વચન, અને કાયા છે. સમસ્ત વિશ્વ

આ ત્રણ યોગમાં બદ્ધ છે. ત્રિકાલ પણ ત્રિજગતનું પરિચાયક છે, અને આખું વિશ્વ ત્રિગુણ- તમો, રજ અને સત્વથી પ્રતિબંધિત છે.

આચાર્યશ્રીને લાગે છે કે સમવસરણના ત્રણ ગઢ ધાતુઓ (માણેક, સોનું, રૂપું)ના નથી પણ ગુણોના ગઢ છે. ભૌતિક દૃષ્ટિએ તો ધાતુ નજરે આવે છે, પરંતુ કવિ જેવા ભક્ત (સિદ્ધસેન દિવાકરસૂરિ)ને તો ગુણ જ ગુણ નજરે આવે છે. ભૌતિક રચના મનુષ્યના અહંકારને હણે છે અને ગુણરચના તેની ભક્તિને પ્રજ્વલિત કરે છે. એટલે તો આ શ્લોકમાં કહ્યું કે, **अभितो विभासि** - પ્રભુ! દ્રવ્ય અને ભાવ બન્ને રીતે આપ શોભી રહ્યા છો.

આ શ્લોકમાં ત્રણ-ત્રણ કરીને ૧૨ અવલંબન છે અને તે ૧૨ અવલંબનોને પરસ્પર વિશેષણ-વિશેષ્ય ભાવોથી સંકલિત કર્યા છેઃ

(૧) ત્રણ જગત- ઊર્ધ્વલોક, મધ્યલોક, અધોલોક

(૨) ત્રણ ભાવગુણ - કાંતિ, પ્રતાપ, યશ

(૩) ત્રણ દ્રવ્ય - માણેક, સોનું, ચાંદી

(૪) ત્રણ ગઢ - પહેલો (બાહ્ય, મોટો, ચાંદી) મધ્ય, ત્રીજો (અંદર, માણેક).

પ્રભુની કાંતિ તેમની શુભ લેશ્યાની પરિચાયક છે. શુક્લ લેશ્યામાં શુદ્ધ ભાવોનો અને સ્ફટિકનો સમ્મિલિત પ્રકાશ છે. એટલે કાંતિ એ અરિહંતભાવનું ઉદ્‌ઘાટિત રૂપ છે, પરમ શુકલ લેશ્યાનો પ્રભાવ છે.

પ્રતાપ પરાભવ શુભ નામકર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે. પરમાત્માની સામે પ્રતિપક્ષીનો અહંકાર સ્વયં શૂન્ય થઈ જાય છે, અને ઈન્દ્ર ઉપર પણ પરમાત્માનો પ્રભાવ પડે છે. પરાભવ પ્રાણીમાત્રને પ્રભાવિત કરીને શાંતિનો સંદેશ આપે છે. તેમના પ્રભાવથી વાઘ-બકરી એક સાથે બેસી શકે છે. વાઘ-સિંહની હિંસાસંજ્ઞા અને બકરીની ભયસંજ્ઞા બન્ને પાર્શ્વપ્રભુના પ્રતાપથી દૂર થાય છે. અને અભયભાવનો આહ્‌લાદ અનુભવે છે. પ્રભુને સમગ્ર વીર્યાંતરાયનો ક્ષય થઈ ગયો છે એટલે અનંત વીર્ય છે તથા પરમ પુણ્યનો ઉદય છે તેથી તેમનો પ્રતાપ ચરમસ્થિતિમાં પ્રકાશે છે.

પરમાત્માનો યશ યશકીર્તિ શુભ નામ કર્મનો ઉદય છે અને પ્રભુનું નામકર્મ ઉત્કૃષ્ટ સ્થિતિથી ઉદયમાન થાય છે. તીર્થંકર નામ કર્મના ઉદયથી કાંતિ, પ્રતાપ અને યશ અલૌકિક સ્થિતિમાં સર્વોત્તમ પરમાણુઓથી સમગ્ર લોકને પ્રભાવિત કરે છે. આ ત્રણેય ગુણો પૌદ્‌ગલિક પરમાણુઓ તથા આધ્યાત્મિક ક્ષાયિક ભાવોનો સ્વાભાવિક સહયોગ છે. **ભક્તામર સ્તોત્ર**ના ૧૨ માં શ્લોકમાં માનતુંગાચાર્યજી કહે છેઃ

**यैः शान्त रागरूचिभिः परमाणुभिस्त्वं...**

ત્યાં શાંતભાવ આધ્યાત્મિક છે અને ઉત્તમ પરમાણુ ભૌતિક છે.

પ્રભુ **अभितः** શોભાયમાન થઈ રહ્યા છે. પ્રત્યેક દર્શકને લાગે છે કે પરમાત્મા સ્વયં તેને જોઈ રહ્યા છે. **अभितः** - ચારે દિશાઓનો નિર્દેશ કરે છે અને પ્રભુના ચૌમુખી દર્શન થાય છે.

આ ત્રિગઢ કેવળ મહિમા પ્રદર્શક રચના નથી. તેમાં માણિક્યરૂપ શ્રેષ્ઠભાવ, હેમરૂપ મધ્યભાવ અને રજતરૂપ સાધારણ ભાવ છે. ત્રણેય ભાવોથી ભરેલું વિશ્વ ત્રિગઢના રૂપમાં દેવાધિદેવના ચરણોમાં ઉપસ્થિત છે. ત્રિગઢ ઉભયપ્રકાશી છે. જેવી જેની બુદ્ધિ છે તે પ્રકારે તેને માટે પ્રતિબોધનું નિમિત્ત છે. પરમાત્મા સ્વયં પણ ત્રણ સ્વરૂપમાં અભિવ્યક્ત છેઃ કેવળજ્ઞાન માણેક છે, પ્રભુનો દેહદ્રવ્ય કંચનરૂપ હેમ છે અને તેમનો બાહ્ય વૈભવ રજતરૂપે ચમકે છે.

કર્મક્ષેત્રમાં વિકાસ કરતો સાધક ક્રમશઃ ત્રણ ભૂમિકા પાર કરે છેઃ (૧) સામાન્ય પુણ્યોદયથી જીવ ધર્મને અનુકૂળ થઈ રજતભાવને પ્રાપ્ત કરે છે. અર્થાત્ ધર્મ, નિયમ, વ્રતોનું પાલન કરીને પ્રાથમિક ભૂમિકાએ પહોંચે છે, જે રજત સમાન છે. (૨) પુણ્યભોગ ત્યાગી વિરકિતથી મધ્યમભૂમિકામાં આવે છે, જે સુવર્ણમયી છે. (૩) તેથી પણ આગળ વધીને ભાવશુદ્ધિ અને ધ્યાનથી ઉત્તમ ભૂમિકાએ પહોંચીને

**(અનુસંધાન પાના નં. ૮ પર)**

## ભારતીય ગુરુ પરંપરાના સંદર્ભે
# સદ્ગુરુ : સંસ્કૃતિના આધારસ્તંભ

**ગુણવંત બરવાળિયા**

શૈશવકાળમાં બાળકની માતા જ તેની ગુરુ હોય છે. મા ઘરના પરિસરમાં રહીને પોતાના બાળકને શિક્ષણ અને સંસ્કારનું સિંચન કરે છે, પરંતુ વિશ્વના વિશાળ ફલક પર તેની વિકાસયાત્રા માટે તે માતા પોતાના સ્તરની વ્યક્તિને શોધે છે અને તે માસ્તર. આમ, જીવનમાં માના સ્તર પર જો કોઈ પણ હોય તો તે છે માસ્તર... એટલે વિદ્યાગુરુ.

પોતાના બાળકના જ્ઞાનની ક્ષિતિજના વિસ્તાર માટે મા પોતાનું બાળક શિક્ષકને સોંપી દે છે. પ્રથમ માતા, શિક્ષક અને પછી જીવનમાં વિદ્યાગુરુનો પ્રવેશ થાય છે.

ગુ = અંધકાર, રૂ = દૂર કરનાર.

અવિદ્યાનો અંધકાર દૂર કરનાર, જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પાથરી, મુક્તિનું મંગલ પ્રવેશદ્વાર જે ચીંધે તે સદ્ગુરુ છે. જેમને સત્નો સાક્ષાત્કાર થયો છે એવા સદ્ગુરુને ભારતવર્ષનાં શાસ્ત્રોએ બ્રહ્મા, વિષ્ણુ, મહેશની ઉપમા આપી નવાજ્યા છે, કેમ કે જીવનમાં સદ્ગુણોના સર્જક ગુરુને બ્રહ્મા ગણ્યા છે, સદ્ગુણના પોષક શ્રી વિષ્ણુ તુલ્ય ગણ્યા છે અને દોષોના વિનાશક મહાદેવ જેવા માન્યા છે. આ ત્રણ દેવોની ઉપમા યથાર્થ છે.

વિદ્યાગુરુ વિદ્યાદાન દ્વારા આપણા વ્યવહારિક જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે, જે જ્ઞાન નોકરી, ધંધા કે વ્યવસાય દ્વારા જીવનનિર્વાહ ચલાવવા ઉપયોગી થાય છે. વળી, ભૌતિક સુખ, સંપત્તિ, પ્રતિષ્ઠાનું ઉપાર્જન પણ તેના દ્વારા થઈ શકે છે. ઉપરાંત, વિદ્યાગુરુએ આરોપેલ ધર્મનીતિના સંસ્કારો આપણામાં રહેલી સુષુપ્ત ચેતનાને જાગૃત કરવાનું કાર્ય કરે છે. આમ, વિદ્યાગુરુ માનવીનો આખો ભવ સુધારે છે. પુરુષાર્થ અને પુણ્યના યોગથી ભૌતિક સમૃદ્ધિ સંપન્ન થઈ હોય તો તે સમૃદ્ધિને કઈ રીતે ભોગવવી, તેનો વિવેક ધર્મગુરુ જ શીખવી શકે અને ભૌતિક સમૃદ્ધિ વિના પણ, ખૂબ જ પ્રસન્નતાથી કઈ રીતે જીવી શકાય તે વિદ્યા તો માત્ર ધર્મગુરુ દ્વારા જ પામી શકાય. ભારતીય ગુરુપરંપરામાં હજારો વર્ષથી ભક્તો-શિષ્યોના હૃદયમાં ગુરુમહિમાનું ગાન, રટણ અને જાપનું અસ્ખલિત સાતત્ય છે.

**गुरुर्ब्रह्मा गुरुर्विष्णु गुरुर्देवो महेश्वरः ।**
**गुरुः साक्षात् परब्रह्म तस्मै श्री गुरुवे नमः ॥**

આ સંસ્કૃતિએ ગુરુનો પરમતત્ત્વરૂપે સ્વીકાર કર્યો છે. આધ્યાત્મિક તત્ત્વના રહસ્યો પામવા માટે માત્ર આ ભવ જ નહિ, પરંતુ ભવપરંપરા સુધારવા માટે જીવનમાં ધર્મગુરુનું મહત્ત્વ અનન્ય છે.

**બિના નયન પાવે નહીં, બિના નયન કી બાત;**
**સેવે સદ્ગુરુકે ચરન, સો પાવે સાક્ષાત્.**
**બૂઝી ચહત જો પ્યાસ કો, હૈ બૂઝન કી રીત;**
**પાવે નહિ ગુરુગમ બિના, એહી અનાદિ સ્થિત.**

આપણા વિદ્વાન વ્યાખ્યાતા ડૉ. પૂજ્ય મહાસતી તરુલતાજીએ 'હું આત્મા છું' માં યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રની આ મહાન રચનાને અદ્ભુત રીતે સમજાવતાં કહ્યું છે કે, 'બિના નયન'ની વાત એટલે જે અનુભવ ઈન્દ્રિયોથી થઈ શકતો નથી, ઈન્દ્રિયાતીત છે એવો આત્માનુભવ. આપણા ચર્મચક્ષુઓ જગતના સર્વ રૂપી પદાર્થો જોઈ શકે છે, પણ અરૂપી એવો આત્મા આ નયનોમાં સમાતો નથી. તેને જોવો, જાણવો હોય તો અંતરચક્ષુ ઉઘાડવાં પડશે. અંતરનો થયેલો ઉઘાડ, અંતરની અનુભવદશાની પ્રાપ્તિની તીવ્ર લગન જ આત્માનો સાક્ષાત્કાર કરાવી શકે, પણ એ લગન લગાડે કોણ? બ્રહ્મજ્ઞાનનો ભોમિયો કે જેમણે પોતે આત્માનુભવ કરી લીધો છે. માટે હે માનવ! આત્માનુભવી સદ્ગુરુના ચરણોમાં ચાલ્યો જા. તેમના ચરણનું ગ્રહણ કરવાથી પરમાનંદને પામી શકાશે.

સંત કબીરજીએ પણ સદ્ગુરુને જીવનમાં પ્રથમ સ્થાને મૂક્યા - પ્રસ્થાપ્યા છેઃ-

**ગુરુ ગોવિંદ દોઉ ખડે, કિસકે લાગું પાય?**
**બલિહારી ગુરુ આપની, ગોવિંદ દિયો બતાય.**

આમ, સહુ સંતોએ એકીઅવાજે સદ્‌ગુરુના શરણને સ્વીકાર્યું છે. સદ્‌ગુરુ વિના સાધનામાર્ગે વિકાસ થઈ શકતો નથી. ગુણપૂજક જૈન પરંપરામાં વિશુદ્ધિની દૃષ્ટિએ સિદ્ધભગવંતનું સ્થાન ઊંચું છે. પરંતુ નમસ્કાર મહામંત્રમાં પહેલા નમસ્કાર અરિહંત પ્રભુને અને પછી સિદ્ધ પ્રભુને કરીએ છીએ, કારણકે આપણને સિદ્ધનું સ્વરૂપ સમજાવનાર જો કોઈ હોય તો તે ઉપકારી અરિહંત ભગવાન છે. મહાન સદ્‌ગુરુરૂપે જો અરિહંત ભગવાને સિદ્ધનું સ્વરૂપ ન બતાવ્યું હોત તો આપણે જાણી શક્યા ન હોત અને એવી સિદ્ધદશાની પ્રાપ્તિનો પુરુષાર્થ કરવા કોઈ જીવ પ્રેરાયો પણ ન હોત. આમ, પ્રત્યેક જીવ પુરુષાર્થ કરીને પરમાત્મા થઈ શકે છે એ બતાવનાર અરિહંત પ્રભુને સિદ્ધભગવંત કરતાં પણ પ્રથમ સ્થાન આપ્યું છે.

વર્તમાનમાં ગુરુની અનિવાર્યતા છે, કારણ, આ કાળમાં આ ક્ષેત્રે અરિહંતદેવ આપણી વચ્ચે સદેહે નથી ત્યારે આપણા માટે જો કોઈ સચોટ અને સબળ અવલંબન હોય તો તે માત્ર એક જ છે અને તે છે સદ્‌ગુરુ. જિનેશ્વરે શાસ્ત્ર પ્રરૂપ્યા, ગુરુ ગણધર તથા તેમની શિષ્ય પરંપરાએ એ ઉપદેશ સૂત્ર-સિદ્ધાંતને આગમરૂપે ગૂંથ્યા. આમ, સદ્‌ગુરુને કારણે આપણને આગમરૂપી અમૂલ્ય વારસો મળ્યો. શાસ્ત્રોમાં માર્ગ બતાવ્યો છે, મર્મ બતાવ્યો નથી. મર્મ તો સદ્‌ગુરુના અંતરમાં પડ્યો છે. ગુરુ આપણા દોષ જોઈ આપણને જાગૃત કરે, જ્યાં ભૂલીએ ત્યાં ફરી ગણવાની પ્રેરણા આપે. પરમહિતકારી મિત્ર, કરુણાનિધાન સદ્‌ગુરુ હિતબુદ્ધિએ શામ, દામ, દંડ, ભેદરૂપ નીતિ આચરીને પણ સાધકને સાચા રસ્તે ચડાવે. ગુરુ શિલ્પી છે. શિલામાંથી નકામો ભાગ દૂર કરી શિલ્પી સુંદર મૂર્તિ બનાવે તેમ ગુરુ શિષ્યના દુર્ગુણો દૂર કરીને તેને જીવનસૌંદર્ય બક્ષે છે.

જ્ઞાન તો પ્રત્યેક માનવીના આત્માનો પ્રથમ ગુણ છે, પરંતુ જ્ઞાનાવરણીય કર્મથી આત્મા જ્યાં સુધી લેપાયેલો છે ત્યાં સુધી તેને સમ્યક્‌જ્ઞાનની પ્રાપ્તિ નથી. આ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય ગુરુના ઉપદેશ વિના શક્ય નથી.

**"અહિલ્યા થઈને સૂતું છે, અમારું જ્ઞાન અંતરમાં,**
**ગુરુ! મમ રામ થઈ આવો, તમારા સ્પર્શ ઝંખું છું."**

આમ, સદ્‌ગુરુના સ્પર્શમાત્રથી જ્ઞાન પ્રગટ થવાની માર્મિક વાત કવિએ કહી છે. કબીરજીએ તો સદ્‌ગુરુને જ્ઞાનરૂપી લોચન ઉઘાડનાર કહ્યા છે.

**સદ્‌ગુરુકી મહિમા અનંત, અનંત કિયા ઉપકાર,**
**લોચન અનંત ઉઘાડિયા, અનંત દિખાવણહાર.**

આવા સદ્‌ગુરુ મેળવવા માટે આપણને અંતરના અતલ ઊંડાણમાંથી જિજ્ઞાસા ઝંખના જાગવી જોઈએ. ગુરુપ્રાપ્તિની અભિલાષા રોમરોમમાંથી પ્રગટ થવી જોઈએ. સહરાના રણમાં પ્રવાસ કરતાં પ્રવાસીને તરસ લાગે ત્યારે શીતળ જળ માટે કેવી ઉત્કૃષ્ટ ઈચ્છા થાય છે, એ જ રીતે...

**સદ્‌ગુરુ!**
**તમોને ઝંખું છું પ્રખર સહરાની તરસથી...**

સદ્‌ગુરુ જેવા મહાન રત્નને જીરવી શકે તેવી પાત્રતા પણ કેળવવી જોઈએ. આ તો સિંહણના દૂધ જેવી વાત છે. વિનય, હિતશિક્ષાની પાત્રતા અને ગુરુ પ્રત્યે આદર, અતૂટ શ્રદ્ધા, આદર્શ શિષ્યના ગુણો છે. આવા આદર્શ શિષ્ય માટે સદ્‌ગુરુનું શરણું કલ્પવૃક્ષની શીતળ છાંયા સમાન છે. જ્ઞાનીઓએ કહ્યું છે કે કુગુરુ કાગળની કે પથ્થરની નાવ જેવા હોય છે. કાગળની નાવ જેવા ગુરુ પોતે ડૂબે ને બીજાને ડૂબાડે, પથ્થરની નાવ જેવા ગુરુ પોતે ડૂબે ને બીજાને પણ ડૂબાડે, જ્યારે સદ્‌ગુરુ કાષ્ઠની નાવ જેવા હોય છે, જે પોતે તરે અને બીજાને પણ તારે છે. જ્ઞાનીઓએ ગુરુને પનિહારી સમાન અને સોનાની ખાણના ખાણીયારૂપે કહ્યા છે.

કૂવામાં પાણી ઘણું છે. તરસ્યો પ્રવાસી કાંઠે ઊભો છે. પાણીના દર્શનથી તેની તૃષા તૃપ્ત થવાની નથી. પનિહારી દોરડું સિંચી ઘડામાં પાણી ભરી બહાર લાવે, તેને કપડા વડે ગાળી પ્રવાસીની તૃષા તૃપ્ત કરે છે, તેમ શાસ્ત્રનું જ્ઞાન કૂવાના પાણી જેવું છે. ગુરુ તેનું ચિંતન-મનન-પરિશીલન કરી આપણે યોગ્ય બનાવી આપે છે અને આપણી જ્ઞાનપિપાસાને તૃપ્ત કરે છે. જેમ પનિહારી કોઈ પણ તરસ્યા વટેમાર્ગુની નાત, જાત-પાતના ભેદ વગર તૃષા તૃપ્ત કરે છે. તેવા જ છે કરુણાવંત જ્ઞાની ગુરુજન.

વળી, સોનાની ખાણમાં માટી મિશ્રિત

સોનાના પુરુષાર્થ દ્વારા અનેક પ્રક્રિયાથી ચોવીસ કેરેટની શુદ્ધ સોનાની લગડી ખાણીયા બનાવે છે, તેમ જ્ઞાની ગુરુજન શાસ્ત્રનાં અગાધ રહસ્યોને સરળ ભાષામાં આપણી સમક્ષ રજૂ કરી મોક્ષનો માર્ગ સુલભ કરી આપે છે. સદ્‌ગુરુના અંતરમાં અખૂટ અનુકંપાનું ઝરણું વહેતું હોય છે. તેથી સંસ્કાર અને સાચી સમજણ ગુરુ પાસેથી મળે છે. અધ્યાત્મજ્ઞાન અને જીવનમાં ઉચ્ચ મૂલ્યો ગુરુ દ્વારા સાંપડે છે. આપણી આર્યસંસ્કૃતિમાં ગુરુને પ્રભુના પ્રતિનિધિ અને ધર્મસંસ્કૃતિના સંરક્ષક, આધારસ્તંભ અને પોષક માનવામાં આવ્યા છે. સદ્‌વિદ્યા, બ્રહ્મવિદ્યા ને સદ્‌ગુણો ગુરુ પાસેથી જ પ્રાપ્ત થાય છે. નમ્રતા, સેવાભાવ, વિનય ને વિવેક એ બધું ગુરુકૃપાથી જ પ્રાપ્ત થાય છે.

દેવ, ગુરુ અને ધર્મ આ ત્રણે તત્ત્વો પરમમંગલકારી છે. આ ત્રણ તત્ત્વો તારક છે, પરંતુ આમાં ગુરુનું મહત્ત્વ અવર્ણનીય છે. ત્રણેમાં ગુરુનું સ્થાન એટલા માટે સર્વોપરી છે કે દેવ અને ધર્મતત્ત્વની સમજણ કરાવનાર ગુરુ જ છે. ગુરુ ભવ્ય જીવોને બોધ આપે છે. ગુરુના માર્ગદર્શન અને સદ્‌બોધનાં સ્પંદનો જ જ્ઞાનપ્રાગટ્ય માટે ઉપકારી છે. ગુરુથી જ સમ્યક્ પંથની પ્રાપ્તિ થાય છે. ગુરુથી જ સમસ્યાનું સમાધાન થાય છે. ગુરુની આરાધના તારે છે ને પાર ઉતારે છે. ગુરુરૂપી નાવમાં બેસીને જ સંસારસાગર તરી શકાય છે. સંસારના સમુદ્રમાં તોફાન આવે અને જીવનનૌકા જ્યારે તેમાં અટવાઈ જાય ત્યારે ખૂબ પ્રયત્ન કરવા છતાં ખરાબે ચડેલી નાવ કિનારા તરફ જઈ શકતી નથી ત્યારે મૂંઝાયેલા શિષ્યના હૃદયમાંથી પોકાર ઊઠે છે. -

**"હું તો હલેસાં મારતો થાકી ગયો છું હે ગુરુ!**
**નાવિક બનીને આવજો આ જીવનનૈયા તારવા."**

સાચા હૃદયના આ પુકારથી ગુરુ અવશ્ય માર્ગ બતાવે છે. ગુરુ કુંભાર જેવા છે. જેમ કુંભાર ઘડાનું ઘડતર કરે તેમ ગુરુ શિષ્યનું ઘડતર કરે છે. બહારથી ભલે ટપલા મારે, પણ અંદરથી મૃદુ હાથના સ્પર્શથી ઉષ્માભર્યો ટેકો આપે છે. કુંભાર જેમ વધારાની માટી દૂર કરી ઘડાને સુંદર ઘાટ આપે છે, તેમ ગુરુ શિષ્યની ભૂલો, ઊણપ, ક્ષતિઓને દૂર કરી યોગ્યતા બક્ષે છે. બહારથી ગુરુનું સખત કે કડક અનુશાસન હોય, પરંતુ અંદરથી શિષ્ય પ્રતિ દયાવાન ગુરુ મૃદુભાવ રાખે છે. કબીર સાચું જ કહે છેઃ

**'યહ તન વિષકી બેલડી,**
**ગુરુ અમૃત કી ખાણ;**
**શીશ દીયે જો ગુરુ મીલે,**
**તો ભી સસ્તા જાન.'**

'હું તો વિષય-કષાયોના ઝેરથી ભરેલ છું. ગુરુ તો સદ્‌ગુણોની અમૃતખાણ છે. મસ્તક અર્પણ કરવાથી પણ જો ગુરુ મળે તો હું ન્યાલ થઈ જાઉં.' ભારતીય સંતો, ભજનિકો, અને દાર્શનિક કવિઓએ ગુરુમહિમાનાં ગીતો ગાયાં છે. રવિભાણ સંપ્રદાયના સંતો, મહાપંથી સંતો, પરબ પરંપરાના સંતો દાસી જીવણ, લક્ષ્મીસાહેબ સ્વામિનારાયણ સંપ્રદાયના નિષ્કુળાનંદસ્વામી, શંકરાચાર્યની વિવેકચૂડામણિ, કાશ્મીરની કવિ લલેશ્વરીની રચનાઓ, ગંગાસતી, હોથી, દેવાયત, ડુંગરપરી, નરસિંહ, મીરા, ધરમદાસ, સંતકવિ અખો, નાનકવાણી અને પ્રીતમદાસે ભરપૂર ગુરુગુણ ગાયા છે.

જૈન શ્રાવક કવિઓ અને જૈન આચાર્યોની રચનાઓ ગુરુગુણદર્શન કરાવે છે. શ્રાવક કવિ ઋષભદાસ, પૂ. આનંદઘનજી, ઉપાધ્યાય યશોવિજયજી, આ. સમયસુંદર, યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરજી, જ્ઞાનવિમલસૂરિજીની સજ્ઝાયો, શ્રી ચિદાનંદજી, પાર્શ્વચંદ્રસૂરિ, કમલસુંદર ગણી ઉદયગિરિના યોગેશ્વર જગજીવનસ્વામી, મુનિ સંતબાલજી, પરમ દાર્શનિક જયંતમુનિએ પોતાની રચનાઓમાં ગુરુમહિમા ગાયો છે. સાધનાના દરેક તબક્કામાં ગુરુ, શિષ્યો અને ભક્તોના સહાયક બને છે. ગુરુ અહંકાર દૂર કરાવી પાત્રતા પ્રગટાવે છે. ગુરુ આપણા જીવનમાં વિનયધર્મનું આરોપણ કરે છે અને સાધના માટે લીધેલા સાધન અંગે માર્ગદર્શન આપે છે. ગુરુઆજ્ઞાથી લીધેલ સાધનથી સાધ્ય સુધી પહોંચવામાં સરળતા રહે છે.

દાર્શનિક સંદર્ભે ગુરુદક્ષિણા વિશે ચિંતન કરવા જેવું છે. શિષ્યે હૃદયમાં એવા ભાવ પ્રગટ કરવા જોઈએ કે, 'જે કાંઈ મને મળ્યું છે તે ગુરુકૃપાએ જ મળ્યું છે, માટે સર્વ ગુરુનું જ છે તો હું તેમને ગુરુદક્ષિણા આપનાર કોણ ? ગુરુને અર્પણ થયા પછી

**(અનુસંધાન પાના નં. ૨૧ પર)**

# જીવનમાં ગુરુનું મહત્ત્વ

**પારૂલબેન બી. ગાંધી**

ગુરુનું મહત્ત્વ જીવનમાં અપરંપાર રહેલું છે. ઉન્માર્ગથી જે પાછા વાળી સન્માર્ગે ચડાવી, સાચા-ખોટાની પરખ કરાવે તે ગુરુ. આવા ગુરુને જો ગાઇડ બનાવી દઇએ તો જીવનની સાઇડ બદલાઇ જશે, એટલે જ કોઇકે કહ્યું છે ને કે,

**"સો સો સૂરજ ઊગે ભલે, ને ચંદા ઊગે હજાર,**
**ચંદા સૂરજ હો ભલે પણ ગુરુ વિણ ઘોર અંધકાર."**

જેવી રીતે ભયાનક જંગલમાં ભૂલા પડેલા માનવીને ભોમિયો મળી જાય તો હેમખેમ બહાર કાઢી સુરક્ષિત જગ્યાએ પહોંચાડે છે, દીવાદાંડી સ્ટીમરોને કિનારાનો સંકેત આપી દિશાસૂચન કરે છે તેવી જ રીતે ભવાટવીમાં ભટકતા આપણા આત્માને ગુરુદેવ જ્ઞાનરૂપી પ્રકાશ આપી અંધકારમાંથી બહાર લાવે છે. અરે ! ગુરુ જ આપણા તારણહાર રહેલ છે કારણ કે જીવ ઊર્ધ્વગામી બને તો તેને દિશા દેખાડનાર ગુરુ જ રહેલા હોય છે. ભગવાન અને ગુરુ એ બેમાંથી કોનો આપણા પર વધારે ઉપકાર ? એ પ્રશ્નનો ઉત્તર પણ નિઃશંક રીતે એ જ આપી શકાય કે - ગુરુ કારણ કે આપણને ભગવાન સુધી પહોંચાડનાર તો ગુરુ જ છે ને !

આપણને પરમાત્મા બનવાની પ્રેરણા આપનાર ગુરુ ભગવંત જ રહેલા છે, પછી ભલેને તે આત્મા ગમે તેવો પાપી કે દુરાચારી હોય. સદ્‌ગુરુનો સંગ તેને એક એવી ઊંચાઇએ પહોંચાડી દે છે કે તે અનેક લોકોના પૂજનીય અને વંદનીય બની જાય છે. કથીરમાંથી કંચન, આત્મામાંથી પરમાત્મા, પાપીમાંથી પવિત્ર બની જાય છે. સદ્‌ગુરુ પાપી પ્રત્યે ઘૃણા ન કરતાં પાપ પ્રત્યે ઘૃણા કરે છે અને તેથી પાપને જ મૂળમાંથી દૂર કરવા પ્રયત્ન કરે છે.

ગુરુ જ આપણને ભવસાગરમાંથી તારનાર છે, ઊગારનાર છે. એવા તો કેટલાય દૃષ્ટાંતો આપણા શાસ્ત્રોમાં સુવર્ણાક્ષરે લખાયા છે. પરદેશી જેવો નાસ્તિક, પાપી અને અધર્મી રાજા કે જે રોજ કેટલાયે નિર્દોષ જીવોની હત્યા કરી તેનાં લોહીથી પોતાના હાથ રંગતો એવો પાપી પણ કેશીસ્વામીના સંગથી પાવન બની ગયો, છકાયને અભયદાન આપતો થઇ ગયો. ગુરુગમથી સત્ય સમજાતા તેણે પ્રાણની પણ પરવા ન કરી અને ધર્મપાલન માટે પ્રાણ ત્યજી દીધા તે ગુરુદેવનો જ પ્રતાપ છે ને ? તેવી જ રીતે દઢ-પ્રહારી જેવા ચોરને પણ અહિંસક સંત બનાવનાર ગુરુભગવંત જ રહેલા છે. અર્જુનમાળી કે જે રોજના ૭ જીવોની હત્યા કરતો, તેવા હિંસક માનવીને પણ મહાવીરસ્વામી જેવા તીર્થંકરનો ભેટો થતા મોક્ષાભિલાષી તો બન્યા જ પણ છકાયનાં રક્ષક બન્યા. સુધર્માસ્વામીની એક જ દેશનાએ જંબુસ્વામી સંયમ લેવા તૈયાર થઇ ગયા, એટલું જ નહિ સાથે પ્રભવ ચોર અને તેના ૫૦૦ સાથીઓને પણ તારી દીધા.

આ રીતે જોઇએ તો ગુરુનું મહત્ત્વ ઘણું જ રહેલું છે. ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી, આશ્રય વગરનાંને રહેઠાણ, કપડાં વગરનાંને વસ્ત્ર અને બીમારને દવા આપનાર તો આ જગતમાં ઘણાં મળશે, પરંતુ જીવનની મલિનતા દૂર કરનાર, વ્યસનીને નિર્વ્યસની બનાવનાર, સાચી શિખામણ આપનાર, હિંસકોનો હિંસાભાવ ઘટાડનાર અને મટાડનાર, દુરાચારીને સદાચારી બનાવનાર, અહંકારીને વિનયી તથા ભોગીને સંયમી બનાવનાર, પોતે કષ્ટ વેઠીને પણ બીજાને સન્માર્ગે ચડાવનાર વિરલ વિભૂતિ ગુરુ સિવાય કોઇ હોઇ જ ન શકે, માટે જ કોઇએ કહ્યું છે ને કે,

"ગુરુદેવ છે મહાઉપકારી, ભૂલ્યા ના ભૂલાય,
ગુણો એ વિશાળ વડલાના, કલમે ના અંકાય."

આ બધા પરથી એટલું તો ચોક્કસ કહી શકાય કે ગુરુના પ્રભાવ અને પ્રેરણાથી જ પાપી અને પામર એવો જીવાત્મા પરમાત્મા બનવા માટે પ્રચંડ પુરુષાર્થ આદરે છે. જે જીવો ગુરુઆજ્ઞાનું મહત્ત્વ સમજે છે તે સંકટમાં પણ ઉગરી જાય છે. 'ગુરુઆજ્ઞા એ જ પ્રભુઆજ્ઞા' તેમ માનનારા અને તે પ્રમાણે વર્તનારા ભૌતિક દુઃખોથી તો મુક્ત બને જ છે પણ ભવરોગથી પણ મુક્તિ મેળવી લે છે. આમ, આપણને વિભાવમાંથી સ્વભાવમાં લાવનાર,

સંસારરૂપી દલદલમાંથી સિદ્ધગતિ તરફ પગરણ કરાવનાર, ૪ ગતિ ૨૪ દંડક અને ૮૪ લાખ જીવાયોનિમાં ભમતા જીવનું ભવભ્રમણ અટકાવી મોક્ષાકાંક્ષી બનાવનાર ગુરુ જ રહેલા છે. પ્રભુભક્તિનાં પાવક પંથે પ્રયાણ કરાવનાર ગુરુ જ રહેલા છે.

અંતમાં એક જ વાક્ય કહીશ, જેમાં બધાનો સાર આવી જાય છે, તે છે-

"માતા જન્મ દેતી હૈ જીવન નહિ,
ગુરુ જીવન દેતે હૈ જન્મ નહિ."

ગુરુના કેટલાક ગુણો અને કર્તૃત્વ પરથી તેમનું મહત્ત્વ આપણે જોઈએ તો...

(૧) ડૂબતાને તારે, પડતાને ઝાલે, સૂતેલાને જગાડે તેનું નામ ગુરુ.

(૨) જેના રાગમાં પણ વિરાગ હોય અને જેના કોપમાં પણ કલ્યાણ હોય તેનું નામ ગુરુ.

(૩) ધર્મનો મર્મ સમજાવી, અધ્યાત્મના જામ પીવડાવી, આત્માનું ઉત્થાન કરે તે ગુરુ.

(૪) બળતાને બચાવે, વેદનાને વાળે, સત્ય સમજાવે, ડૂબતી નૈયાને તારે તે ગુરુ.

(૫) જીવનમાં પરિવર્તન લાવે, ભક્તિની જાદુગરી શીખવાડે, સમ્યગ્ શ્રદ્ધાનું પાન કરાવે તે ગુરુ.

(૬) જેમના સાન્નિધ્યમાં શાંતિ, શબ્દમાં સિદ્ધતા અને મુખેથી પ્રગટતો પ્રત્યેક શબ્દ મંત્ર હોય તે ગુરુ.

(૭) જે કલ્યાણની કૂંચી બતાવે, ક્ષણે ક્ષણે જીવનને જીવંત બનાવે, સંસારની અસારતા સમજાવે તે ગુરુ.

(૮) જેમનું સ્મરણ સમાધિ સર્જે, દુઃખના કારણો દૂર કરે, ચરણમાં હોય તેને ચિંતાથી મુક્ત કરે તે ગુરુ.

(૯) જ્યાં હળવા થવાય, સ્વાર્થ વગરનો સંબંધ, કહ્યા વિના પણ સાંભળે, જેને હૈયું ભગવાન માને તે ગુરુ.

(૧૦) વેરાન રણમાં મીઠી વીરડી, અવળીને સવળી કરનાર, જીવનને જ્યોતિર્મય બનાવનાર ગુરુ.

(૧૧) જેની આંખ એટલે વાત્સલ્યનું મીઠું ઝરણું, જેઓનો એક જ ભાવ કે, હું તરું, બીજાને તારું તે ગુરુ.

(૧૨) જેના નયનોમાંથી અમી નીતરે, અંતરમાંથી અજવાળા પાથરી, ચારિત્રના ચાહક બનાવે તે ગુરુ.

આવા અનેકાનેક ગુણોનું સ્વામિત્વ ધરાવનાર ગુરુનો આ પૃથ્વીલોક પર મહાન ઉપકાર છે. સદ્‌ગુરુની પ્રેરણા, માર્ગદર્શન અને સત્સંગ વિના જીવનમાં સફળતા તો નથી જ મળતી પણ મોક્ષ પણ સેંકડો જોજન દૂર થઈ જાય છે. આથી જીવનમાં ગુરુનું મહત્ત્વ સમજી તેમના ચરણમાં સમર્પિત બની જીવન સફળ બનાવીએ એ જ અભ્યર્થના.

## પુસ્તક સમાલોચના : - મિતેશભાઈ એ. શાહ

(આ વિભાગ માટે પુસ્તક કે ગ્રંથની બે નકલ મોકલવા વિનંતી છે.)

(૧) **પુસ્તકનું નામ :** સહજ સિદ્ધિ ભાગ-૨ (રાજવાણી) **સ્વાધ્યાયકાર :** બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈ શાહ
**આવૃત્તિ :** પ્રથમ **મૂલ્ય :** આત્મકલ્યાણ **પાના :** ૪૩૪ **પ્રકાશન વર્ષ :** ૨૦૨૨

**પ્રકાશક :** સહજાત્મસ્વરૂપ પરમગુરુ ટ્રસ્ટ C/o. શ્રી નરેશભાઈ સી. શાહ, શ્રી પ્રકાશભાઈ સી. શાહ (ટ્રસ્ટીશ્રી), ૧૧, અશ્વમેઘ સોસાયટી નં. ૭, આસોપાલવ પાર્ટીપ્લોટ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫ ફો.નં. (૦૭૯) ૨૬૭૬૦૧૭૧૮ (મો) ૯૮૨૫૦૨૭૦૭૨

**પ્રાપ્તિસ્થાન :** શ્રી ધારિણીબેન, અમદાવાદ (મો) ૯૪૨૮૬૧૨૨૦૫

આકર્ષક મુખપૃષ્ઠ, પાકું બાઈન્ડિંગ તેમજ સારા કાગળનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક-૩૭, ૬૨, ૨૦૫, ૨૪૧, ૨૫૪, ૩૦૧, ૩૯૨, ૪૦૩, ૪૪૭, ૪૪૯, ૫૦૬, ૫૩૯, ૫૭૦, ૮૩૩ વગેરેના આધારે બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈના થયેલા સ્વાધ્યાય પ્રસ્તુત કરવામાં આવ્યા છે. પૂજ્યશ્રીએ ચારેય અનુયોગના આધારે વચનામૃત પત્રાંકોનું સુંદર વિવચન કર્યું છે. મુમુક્ષુ-સાધકોએ આ પુસ્તક અવશ્ય વાંચવા જેવું છે.

# સ્મરણીય સદ્ગુરુ

**ભાનુબેન ડી. શાહ**

હર પળ, હર ક્ષણ, હર સમય, સ્મૃતિમાં રહે સદા સદ્ગુરુ,
શિષ્યનો આત્મોદ્ધાર ઇચ્છે, સુકૃત્ય કરવા મથી રહે પૂરું.... ૧
ગુરુ વિના જ્ઞાન શૂન્ય, ગુરુ જ્ઞાનનિધિ, ગુરુ જ્ઞાનનું મૂળ,
હિત કરે નિજ શિક્ષાર્થીનું, જ્ઞનમય કરીને, હરે દુઃખ-શૂળ .... ૨
કોટિ ભવના પાપને પ્રજાળે ગુરુ, પાપને પુણ્યમાં કરે પ્રબળ,
ગુરુને શ્રદ્ધા-ભક્તિ-આસ્થા પૂર્ણ ગાઇએ, મનડું થાયે નિર્મળ... ૩
કષાયોને કપાવે, મહામોહને મારે, વિભાવોનું વમન કરાવે,
તૃષ્ણાના પૂરમાં તણાવા ન દે, ભવસાગર મહીંથી કિનારો અપાવે.... ૪
સદ્ગુરુ પદ સર્વોચ્ચ છે, અરિહંત, સિદ્ધ, મુનિઓને સમાવનારું,
ગુરુના ચરણની રજને ઉપાસીએ, સુચરિતથી સુપ્રતિમા સર્જનારું.... ૫
ચંચલ, તરલ, ચલિત મનને સ્થિર કરે, ત્યાગ વિરાગના ઉપદેશ આપે,
વીતરાગતા, નિર્લેપતા, નિઃસ્પૃહતા, સદ્ધર્મને જીવનમાં દઢ સ્થાપે... ૬
રાગ-દ્વેષ અજ્ઞાન, કર્મબંધની ગ્રંથિ, છેદી ભેદીને નિર્ગ્રંથ બનાવે,
સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, આત્માના ગુણગ્રહણની મહત્તા સમજાવે.. ૭
જન્મરમણના ચકરાવા છોડાવે, કરે કર્મમુક્ત, મોક્ષને અપાવે,
અજ્ઞાન-અંધાર દૂર કરીને, આત્માની ઉજ્જવળ જ્યોત પ્રગટાવે... ૯
અધ્યાત્મ ક્ષેત્ર- "માત્ર હું આત્મા છું દેહ સ્ત્રી પુત્ર નહીં" તે જપાવે,
આત્માજ મારો રત્ન ચિંતામણિ, નહીં કોઇ ઉત્તમ તે ધૂન રચાવે... ૧૦
ગુરુ તમે રહેજો સદૈવ અમારા, અમથી કદી દૂર ન જજો,
પારસમણિ છો તમે, લોહ જેવું વ્યક્તિત્વ, સુવર્ણ કરતા રહેજો.. ૧૧
પૂર્ણિમા તો નિમિત્ત છે તમને વિશેષ દિને, પૂજવાનું વંદવાનું, નમવાનું,
હર દિવસ અમ પૂર્ણિમાજ હોય, સદ્ગુરુને હરદમ યાદ કરવાનું... ૧૨
ગુરુ છે આત્મજ્ઞાની મુનિ, સહજ સ્વરૂપી, આત્મકાર, ચૈતન્યધાર,
આ અસાર સંસારમાં આત્માર્થીને કળાય, સદ્ગુરુમાંજ સત્ત્વ સાર.. ૧૩
સદ્ગુરુનું સ્થાન છે અમર, અજેય, આત્માર્થીના આત્મામાંય,
તમારી આશ્રયભક્તિથી પ્રાપ્ત કરશું, આત્માને નિજ સ્વરૂપમાંય.. ૧૪
પંચમકાળમાં અવતાર લઇને કર્યો તમે, સાધક પર મહાઉપકાર,
આત્મા-ઇચ્છુક આરાધક કરશે, તમ કૃતજ્ઞતાનો પ્રેમે સ્વીકાર.. ૧૫

# જીવન સુધાકર : દિવાળી પુસ્તિકા

## વિ. સં. ૨૦૭૯

(૧) કવર સાથે **'જીવન સુધાકર'** ગુજરાતી પુસ્તિકાની પડતર કિંમત એક નંગના રૂા. ૧૦/- (દશ રૂપિયા પૂરા) રાખેલ છે.

(૨) નામ-સરનામું છાપવા માટે ઓછામાં ઓછો ૫૦૦ પુસ્તિકાઓનો ઓર્ડર હોવો જરૂરી છે. તેનો પ્રિન્ટીંગ ખર્ચ એક નંગના રૂા. ૧/- (અંકે એક પૂરા) ચૂકવવાના રહેશે.

(૩) ઓર્ડરફોર્મ મુજબ પુસ્તિકાની કિંમત તથા પ્રિન્ટિંગ ચાર્જ તેમજ પોસ્ટેજ ખર્ચની રકમ રૂબરૂ અથવા ઓનલાઈન પેમેન્ટ દ્વારા મોકલવાની રહેશે. **બેંકનું નામ વગેરે વિગત આ અંકના પાના નં. ૩ પર આપવામાં આવી છે. જેમનું પેમેન્ટ આવશે, તેમના ઓર્ડર જ સ્વીકારવામાં આવશે તેની ખાસ નોંધ લેવી.**

(૪) તા. ૧૫-૧૦-૨૦૨૨ સુધીમાં ઑર્ડરફોર્મ મોકલી આપવા વિનંતી છે. નામ અને સરનામું અંગ્રેજી કે ગુજરાતીમાં જે રીતે છાપવાનું હોય તે પ્રમાણે જ ફોર્મ ભરવું. **પુસ્તિકાના ઓર્ડર માટેના મુખ્ય સંપર્કસૂત્ર :- મેનેજરશ્રી વિજયભાઈ પટેલ, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા. (મો) ૯૩૨૭૦૯૦૩૯૩.**

## દિવાળી પુસ્તિકા માટેનું ઓર્ડરફોર્મ

**કેટલા નંગનો ઑર્ડર છે ? ____________ નામ છાપવાનું છે ? _______હા/_______ના**

**નામ/એડ્રેસ જે પ્રમાણે છાપવાનું હોય તેની વિગત આ બોક્સમાં બની શકે તો ટાઈપ કરીને આપો.**

**તમારું ઇ-મેલ એડ્રેસ :______________________________ ફોન: ________________**

**નીચેના સેવાભાવી મહાનુભાવો પાસેથી દિવાળી પુસ્તિકાઓ પ્રાપ્ત થઈ શકશે.**

**સંપર્કસૂત્રો :**

### અમદાવાદ

(૧) **શ્રી મુકેશભાઈ આર. શેઠ**
શેઠ સન્સ : ફોન : (ઓ) ૨૫૩૫૬૬૪૬
(ઘર) ૨૬૪૦૧૨૫૧
મો. ૯૮૨૫૫ ૧૮૮૦૦

(૨) **ડૉ. રાજેશભાઈ સોનેજી,** સોનેજી હૉસ્પિટલ
ફોન : ૨૫૩૨૩૪૫૪, ૯૮૨૪૦ ૪૭૬૨૧

(૩) **શ્રી જયેશભાઈ શાહ,** શાલિભદ્ર સ્ટેશનર્સ
ફોન : ૨૫૬૨૧૪૯૭, ૨૫૬૨૧૭૪૮
મો. ૯૯૦૯૦ ૦૬૦૪૮

### મુંબઈ

(૧) **શ્રી કાંતિભાઈ કારાણી** (રૂપમ ડ્રાયફ્રુટ્સ)
મોબાઈલ : ૯૦૦૪૦ ૪૪૪૦૫
ફોન:(૦૨૨)૨૮૮૨૯૨૪૯/૨૮૮૯૭૩૮૦

(૨) **શ્રી પુનિતભાઈ એસ. મહેતા**
C/o. મહેતા બ્રધર્સ એન્ડ કંપની
ફોન : (૦૨૨) ૨૨૬૭૪૯૪૦
મો. ૦-૯૮૨૦૪ ૦૦૨૬૭

(૩) **શ્રી નીતિનભાઈ પારેખ**
ફોન : (૦૨૨) ૨૪૦૭૬૨૦૦
મો. ૦-૯૮૨૦૩ ૨૯૨૭૭

**BANGLORE**

**શ્રી જયેશભાઈ જૈન** (સુજય એન્ટરપ્રાઈઝ)

ફોન : (૦૮૦) ૨૨૮૭૨૯૮૯,

મો. ૦-૯૩૪૧૦૪૧૮૪૭

૦-૯૯૪૫૮ ૨૨૮૫૬, ૦-૯૯૮૦૭ ૨૪૬૧૯

**CHENNAI**

**શ્રી કિરણભાઈ તુરખિયા**

મો. ૦-૯૮૪૦૧ ૮૯૧૦૪

**હિંમતનગર**

**શ્રી જયંતીભાઈ કે. શાહ**

ફોન : (૦૨૭૭૨) ૨૩૪૬૪૮, મો. ૯૩૭૭૪ ૬૭૯૫૬

**KOLKATA**

**શ્રી અશ્વિનભાઈ ભાનુભાઈ દેસાઈ**

૩૫-૧, જવાહરલાલ નહેરુ રોડ,

કૈલાસ બિલ્ડીંગ, ફ્લેટ નં. ૧૧એ, કોલકાતા.

મો. ૦-૯૩૩૧૦ ૮૫૮૪૯/૪૭

**લક્ષ્મીપુરા**

**શ્રી લાલજીભાઈ પટેલ** - ફોન : (૦૨૭૭૫) ૨૪૧૩૭૪

મો. ૯૯૨૪૭૪૨૨૭૫, ૭૬૯૮૨૮૪૭૪૫

**PUNE**

**શ્રી શૈલેષભાઈ પ્રતાપભાઈ મહેતા**

ફોન : (૦૨૦) ૨૪૪૫૪૪૬૪, ૦-૯૭૬૩૭૨૮૨૮૯

**રાજકોટ**

**શ્રી નરેન્દ્રભાઈ વૃજલાલ શાહ**

ફ્લેટ નં. ૨, કૃતિ ગોલ્ડ એપાર્ટમેન્ટ,

૪, બાલમુકુંદ પ્લોટ, નિરમલા કોન્વેન્ટ રોડ,

રાજકોટ. ફોન : (૦૨૮૧) ૨૫૮૫૧૯૦

મો. ૯૪૨૭૨ ૫૪૫૫૯

**રખિયાલ**

**શ્રી રામજીભાઈ પટેલ** (લોકનાદ શિક્ષણ સંકુલ)

ફોન : (૦૨૭૧૬) ૨૬૭૬૩૩, ૯૮૨૫૪૮૪૭૯૫

**સુરેન્દ્રનગર**

**શ્રી અપૂર્વભાઈ સુરેશભાઈ શેઠ**

વર્ધમાન મૂળજી એન્ડ સન્સ

ફોન : (૦૨૭૫૨) ૨૩૨૩૦૬, ૨૮૫૧૭૮

મો. ૯૮૨૫૩ ૫૫૯૨૧, ૯૪૨૬૭ ૫૫૧૬૬

**વડોદરા**

**શ્રીમતી શિલ્પાબેન પુલકિતભાઈ મહેતા**

C/o. ભારત ઉદ્યોગ હાટ

ફોન : (૦૨૬૫) ૨૪૨૬૭૯૭,

(ઘર) ૨૪૮૧૭૩૮, મો. ૯૩૭૬૨ ૧૬૨૬૬

**OVERSEAS**

**U. K. (0044)**

1. Mrs. Shrutiben Malde - Ph. 208-668-3057
2. Mr. Vinaybhai K. Shah
   Ph. 208-951-5424, 740-711-9456
3. Mr. Harshadbhai Sanghrajka
   Ph. 208-954-9632, 192-324-9898
   M. 0044-796-972-2109

**U.S.A. (001)**

4. Mr. Prafulbhai Lakhani
   Ph. 631-423-9647, (O) 516-679-1200
   M. 516-901-9368
5. Mr. Mahedrabhai Khandhar
   Ph. 714-894-2930, 714-376-5112
6. Mr. Birenbhai Pravinbhai Mehta
   Ph. 714-389-3672

**KENYA**

7. Mr. Manubhai S. Shah, Ph. 254-2375-1679

**CANADA (Toronto)**

8. Mr. Jyotindrabhai Soneji, Ph. 905-669-5318

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૨૪-૦૮-૨૦૨૨ થી ૩૧-૦૮-૨૦૨૨ | શ્રાવણ વદ-૧૨ થી ભાદ્રપદ સુદ-૪ | બુધવાર થી બુધવાર | શ્રી પર્યુષણ મહાપર્વ |
| ૩૧-૦૮-૨૦૨૨ થી ૦૯-૦૯-૨૦૨૨ | ભાદ્રપદ સુદ-૪ થી ભાદ્રપદ સુદ-૧૪ | બુધવાર થી શુક્રવાર | શ્રી દશલક્ષણ મહાપર્વ |
| ૧૦-૧૦-૨૦૨૨ | આસો વદ એકમ | સોમવાર | શ્રી આત્મસિદ્ધિ રચનાદિન અને પૂ. લઘુરાજ સ્વામી જન્મતિથિ |
| ૨૩-૧૦-૨૦૨૨ થી ૨૬-૧૦-૨૦૨૨ | આસો વદ તેરસ થી કારતક સુદ એકમ | રવિવાર થી બુધવાર | દીપાવલી આરાધના શિબિર |
| ૨૯-૧૦-૨૦૨૨ | કારતક સુદ પાંચમ | શનિવાર | જ્ઞાનપંચમી |
| ૦૮-૧૧-૨૦૨૨ | કારતક સુદ પૂનમ | મંગળવાર | પરમકૃપાળુદેવની જન્મજયંતિ |
| ૦૨-૧૨-૨૦૨૨ થી ૦૪-૧૨-૨૦૨૨ | | શુક્રવાર થી રવિવાર | ડિસેમ્બરની શિબિર |
| ૨૩-૧૨-૨૦૨૨ થી ૨૫-૧૨-૨૦૨૨ | | શુક્રવાર થી શનિવાર | યુવાશિબિર |

## સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળનું S.S.C. તથા H.S.C. નું પરિણામ ૧૦૦%

સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ ગુરુકુળ' નું આ વર્ષનું S.S.C. તથા H.S.C. નું પરિણામ ૧૦૦% આવેલ છે; જે બદલ ગુરુકુળ કમિટી, ગૃહપતિશ્રી મેહુલભાઈ પંડ્યા, ગૃહમાતશ્રી વૈશાલીબેન પંડ્યા તથા ઉત્તીર્ણ થનારા દરેક વિદ્યાર્થીને સંસ્થા અનેકશઃ ધન્યવાદ પાઠવે છે. પરિણામની વિગત નીચે મુજબ છે :

| અ.નં. | વિદ્યાર્થીનું નામ | ધોરણ | ટકા |
|---|---|---|---|
| ૧. | કલસરિયા વિકાસ એ. | ૧૨ | ૮૧.૩૨% |
| ૨. | સિસારા જયદીપ આર. | ૧૦ | ૭૧% |
| ૩. | સિસારા નીરવ ડી. | ૧૦ | ૬૬% |
| ૪. | પટેલ જૈમિન એસ. | ૧૦ | ૫૨.૬૬% |

## સંસ્થામાં પંચદિવસીય ઘનિષ્ઠ તત્ત્વચિંતન શિબિર સાનંદ સંપન્ન

મુમુક્ષુ ભાઈ-બહેનો તત્ત્વનું ચિંતન, મનન તથા નિદિધ્યાસન કરી શકે તેવા ઉદ્દેશથી સંસ્થામાં તા. ૧૫-૦૬-૨૦૨૨ થી તા. ૧૯-૦૬-૨૦૨૨ સુધી પંચદિવસીય ઘનિષ્ઠ તત્ત્વચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્યશ્રી આત્માનંદજીના યોગબળ અને આશીર્વાદથી શિબિર સફળતાપૂર્વક સંપન્ન થઈ. શિબિરનું સુંદર સંચાલન પ્રજ્ઞાવંત ટ્રસ્ટી આદ. શ્રી શરદભાઈ ડેલીવાળાએ કર્યું હતું. શિબિર દરમિયાન સંસ્થાના પ્રકાશનો પર ૫૦% ડિસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું હતું.

પૂજ્યશ્રી આત્માનંદજીના શિષ્ય, પ્રજ્ઞાવંત આદ. બા.બ્ર. સુરેશભૈયાએ શિબિર દરમિયાન પં. ટોડરમલજીકૃત ‘શ્રી મોક્ષમાર્ગપ્રકાશક’ (સાતમો અધિકાર) ના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે આત્માની શ્રદ્ધા-જ્ઞાન-અનુભવ કરવો તે મોક્ષમાર્ગ છે. અશુદ્ધ ‘હું’ ની નિવૃત્તિ અને શુદ્ધ ‘હું’ ની પ્રવૃત્તિ તેનું નામ મોક્ષમાર્ગ. આપણે શાંતિના ઉપાસક છીએ, વિષયોના નહિ. વિચારોની નિર્મળતા કરવા પ્રયત્ન કરવો. વિચારરહિત નહિ, વિકલ્પરહિત થવાનું છે. જે વિચાર થકી આત્મઅનુસંધાન કરીએ છીએ તે વિચાર પણ અંતે વિલીન થાય છે અને શુદ્ધાત્માનો અનુભવ થાય છે. વિચાર જ્ઞાનની પર્યાય છે, વિકલ્પ મોહનીય કર્મના ઉદયથી થાય છે. ચિંતન બદલાય છે, પ્રતીતિ સતત રહે છે. પ્રવૃત્તિ દરમિયાન વિષય-કષાયમાં મગ્ન રહીએ તો નિવૃત્તિ દરમિયાન અંતર્મુખતા ન થાય. સત્સાધનોનું સેવન કરીને રાગ-દ્વેષથી નિવૃત્ત થવાનું સાધકનું લક્ષ હોવું જોઈએ. જ્ઞાનીનું પ્રયોજન માત્ર વીતરાગતા છે. મનને વશ કરવાનો શ્રેષ્ઠ ઉપાય ગુરુઆજ્ઞા અનુસાર જીવન જીવવું તે છે. જે ગમતું નથી તેને ગમાડવું તેનું નામ મોક્ષમાર્ગ, નિશ્ચયાભાસી શાસ્ત્રાભ્યાસ, તપ, વ્રતાદિનો નિષેધ કરે છે. જે નિયમોમાં બંધાતા નથી તે મુમુક્ષુ નથી. અભિપ્રાય શ્રદ્ધા ગુણની પરિણતિ છે, જ્યારે પરિણામ ચારિત્ર ગુણની પર્યાય છે. કર્મબંધ મુખ્યત્વે પરિણામ અનુસાર થાય છે. નિયમ લીધા બાદ પ્રાણાંતે પણ ભંગ ન કરવો. પ્રતિજ્ઞાભંગના ભયથી પ્રતિજ્ઞા ન લેવી તે યોગ્ય નથી. જ્ઞાની ઉપાધિમાં પણ સમાધિનો લક્ષ રાખે છે. હું જ્ઞાયક છું, તેવો નિર્ણય કરવો.

પૂજ્ય બહેનશ્રીએ આશીર્વચન આપતા જણાવ્યું કે પ્રભુ-ગુરુનું અને તેઓની વાણીનું શરણ લઈ આત્મસ્વરૂપમાં સ્થિર થવાનું છે. સત્સંગમાં જે બોધ પ્રાપ્ત થયો તેનું અનુસરણ કરવા પ્રયત્ન કરવાનો છે. આત્માની પ્રાપ્તિમાં સ્વાધ્યાય, મૌન અને ધ્યાન મુખ્ય સાધનો છે. આ કાળમાં શ્રેષ્ઠ તપ સ્વાધ્યાય છે. સ્વાધ્યાયથી તત્ત્વનિર્ણય થાય, સંકલ્પ-વિકલ્પો ઘટે અને સહજતાથી ધ્યાનમાં સરકી જવાય. સ્વાધ્યાયથી બુદ્ધિ સૂક્ષ્મ બને, ભાવોની વિશુદ્ધિ થાય, શંકાનું સમાધાન થાય તેમજ હેય-જ્ઞેય-ઉપાદેયનો વિવેક પ્રગટે. **चित्तविक्षेप त्यागो ध्यानम् ।** (શ્રી સર્વાર્થસિદ્ધિ) સમસ્ત બાહ્ય જગત સાથેના વચનવ્યવહારથી વિરામ પામીને આત્માભિમુખ થવું તે મૌન છે, મૌનથી સંકલ્પ-વિકલ્પ ઓછા થાય, વાણીના આવેગો રોકાય, શાંતિ મળે, સત્યનું પાલન કરવામાં સરળતા રહે, ક્રોધનું શમન થાય, વાણી પ્રભાવશાળી બને, સુવિચારશક્તિ વધે તેમજ તન અને મનને વિશ્રાંતિ મળે છે.

## સંસ્થા સંચાલિત છાશકેન્દ્રોમાં છાશ-વિતરણમાં સહયોગ આપનારા સેવાભાવી મહાનુભાવોનું સંસ્થા દ્વારા અભિવાદન

આધ્યાત્મિક સાધના અને સત્શ્રુતનું પ્રકાશન એ સંસ્થાનું મુખ્ય ધ્યેય છે. તેની સાથે સાથે ગુરુકુળ સંચાલન, મેડિકલ સેન્ટર, રક્તદાન શિબિર, છાશકેન્દ્રો ચલાવવા, વિદ્યાર્થીઓ માટે ચોપડાવિતરણ જેવી સમાજોપયોગી અનેકવિધ પ્રવૃત્તિઓ સંસ્થા દ્વારા ચાલી રહી છે. આ માટે સંસ્થાના સેવાભાવી કાર્યકરો સતત પ્રયત્નશીલ રહે છે. સંસ્થા દ્વારા નિઃશુલ્ક છાશવિતરણ અંગે માહિતી આપતા સંસ્થાના ટ્રસ્ટી મહોદય આદ.

શ્રી ડૉ. રાજેશભાઈ સોનેજીએ જણાવ્યું કે લગભગ ૨૩ વર્ષ પહેલાં પૂજ્યશ્રીની પ્રેરણા અને આજ્ઞાથી સંસ્થા સંચાલિત છાશકેન્દ્રો દ્વારા જરૂરતમંદો માટે નિઃશુલ્ક છાશવિતરણનું કાર્ય સતત ચાલી રહ્યું છે. ચાલુ વર્ષે ૬૫ દિવસ છાશકેન્દ્રો દ્વારા છાશવિતરણ કરવામાં આવ્યું. આ માટે ૯૬ લિટર દૂધ રોજ મેળવવામાં આવતું. દરરોજ ૫૮૦ જેટલા પરિવારોને ૬૦૦ લિટર જેટલી છાશનું વિતરણ કરવામાં આવ્યું. સેવાભાવી સાધકો અને દાનવીર મહાનુભાવોના સહયોગથી છાશવિતરણનું કાર્ય સુપેરે પૂર્ણ થયું. છાશ વિતરણના શુભ કાર્યમાં મુખ્ય સહયોગ આદ. શ્રી શ્યામસુંદરજી ગુપ્તાનો સાંપડ્યો છે. તેઓ સેવાની પ્રબળ ભાવના ધરાવે છે. સંસ્થામાં પંખીઘરમાં દાણા-પાણી નાખવાની જવાબદારી પણ તેઓએ સ્વીકારી હતી. સવારના ૩.૩૦ વાગ્યાથી માંડીને ૭.૩૦ દરમિયાન તઓ છાશવિતરણની કાર્યવાહી ઉત્સાહપૂર્વક કરતા. તેઓએ પોતાના પરિવારજનોને પણ આપણી સંસ્થા સાથે જોડ્યા છે.

છાશવિતરણમાં સહયોગ આપનારા નીચેના સેવાભાવી મહાનુભાવોને શાલ ઓઢાડીને તેમજ કવર અને ગિફ્ટ આપીને સંસ્થા દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું:- (૧) શ્રી રતનભાઈ બાબુજી ઠાકોર (૨) શ્રી દશરથભાઈ પટેલ (૩) શ્રી દેવેન્દ્રભાઈ ગજ્જર (૪) શ્રી નટુભાઈ (૫) શ્રી રામભાઈ (૬) શ્રી વિષ્ણુભાઈ (૭) શ્રી ઇશ્વરભાઈ (૮) શ્રી વિનોદભાઈ ઠાકોર (૯) શ્રી બાબુભાઈ ઠાકોર (૧૦) શ્રી હીનાબેન ઠાકોર (૧૧) શ્રી રાહુલભાઈ (૧૨) શ્રી વિપુલભાઈ (૧૩) શ્રી કૃણાલભાઈ (૧૪) ભોજનાલય સ્ટાફ (૧૫) સંસ્થાના મુમુક્ષુઓ શ્રી કાંતિભાઈ તથા શ્રી શંકરભાઈ પટેલ.

આ ઉપરાંત સંસ્થાના ટ્રસ્ટી મહાનુભાવો આદ. ડૉ. રાજેશભાઈ સોનેજી, આદ. શ્રી બિપીનભાઈ મણિયાર, મેનેજરશ્રી વિજયભાઈ પટેલ તથા શ્રી ધવલભાઈએ આપેલા પ્રશંસનીય સહયોગ બદલ સંસ્થા દ્વારા તેઓને સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ.

## પૂ. સોભાગભાઈની ૧૨૫મી પુણ્યતિથિ નિમિત્તે સાયલા મુકામે વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો સાનંદ સંપન્ન

પૂ. સોભાગભાઈની ૧૨૫ મી પુણ્યતિથિ નિમિત્તે શ્રી રાજ-સોભાગ આશ્રમ, સાયલા મુકામે તા.૨૩-૬-૨૦૨૨ ના રોજ વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સાયલા આશ્રમ તરફથી મળેલા ભાવપૂર્ણ આમંત્રણને માન આપી આપણી સંસ્થામાંથી પૂજ્ય બહેનશ્રી, આદ બા.બ્ર.સુરેશભૈયા, આદ. બા.બ્ર. જનકદીદી, આદ.બા.બ્ર. અલકાદીદી, ટ્રસ્ટી મહોદયશ્રી બિપીનભાઈ મણિયાર સહિત મુમુક્ષુ ભાઈ-બહેનો સાયલા આશ્રમ ગયા હતા. સુરેશભૈયા, જનકદીદી તથા અલકાદીદીએ ભાવસભર ભક્તિ દ્વારા સૌના અંતરના તાર ઝંકૃત કરી દીધા હતા. સવારે સાયલા ગામમાં પૂજ્ય સોભાગભાઈના નિવાસસ્થાન 'વિશ્રાંતિધામ' તથા પૂ.બાપુજીના નિવાસસ્થાને સૌ દર્શનાર્થે પધાર્યા.

આદ. શ્રી સુધીરભાઈ મહેતાએ શ્રી વચનામૃતજીના આધારે શ્રી સોભાગભાઈના ગુણાનુવાદ કર્યા. અપૂર્વ આધ્યાત્મિકતા અને નિષ્કામ કર્મયોગના સંગમ સમા પૂજ્ય ભાઈશ્રી નલીનભાઈએ સ્વાધ્યાય આપતા જણાવ્યું કે શ્રી સોભાગભાઈ અને પરમકૃપાળુદેવનું પ્રથમ મિલન અદ્‌ભુત છે. તેઓની વચ્ચે ગુરુ-શિષ્ય સંબંધ સ્થપાયો. શ્રી સોભાગભાઈ કૃપાળુદેવ સાથે લગભગ ૫૬૦ દિવસ રહ્યા. બપોરે શ્રી હસુભાઈ સંઘવીએ 'જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું' વિષય પર મનનીય સ્વાધ્યાય આપ્યો. પૂજ્ય બહેનશ્રીએ આશીર્વચન અંતર્ગત પરમ વિનયનું માહાત્મ્ય સમજાવી કૃપાળુદેવના ચારેય ભક્તરત્નોના પરમ વિનય વિશે વાત કરી. બા.બ્ર. આદ. સુરેશભૈયાએ 'વિનયનું માહાત્મ્ય' વિષય પર ચિંતનાત્મક સ્વાધ્યાય આપ્યો.

## મુંબઈની ધર્મયાત્રા સાનંદ સંપન્ન

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજીના અંતેવાસી સુશિષ્ય, પ્રખર તત્ત્વચિંતક અને સ્વાધ્યાયકાર બા.બ્ર.આદ.શ્રી સુરેશભૈયાની ૧ જૂનથી ૬ જૂન (૬ દિવસ)ની મુંબઈની ધર્મયાત્રા ધર્મોલ્લાસમય વાતાવરણમાં સાનંદ સંપન્ન થઈ. મુંબઈ સ્થિત સંસ્થાના મુમુક્ષુ ભાઈ-બહેનો અને અન્ય ભાવિકોના સહયોગથી યાત્રા દરમિયાન પૂજા, ભક્તિ, ધર્મચર્ચા, સ્વાધ્યાય, સત્સંગથી સૌના ભાવ ઉલ્લસિત અને ઊર્ધ્વગામી રહ્યા.

યાત્રા દરમિયાન પાંચ જાહેર સ્વાધ્યાયનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો સંક્ષિપ્ત અહેવાલ નીચે મુજબ છેઃ-

**(૧) મલાડ ઉપાશ્રયઃ-** તા. ૧-૬-૨૦૨૨ના રોજ શ્રી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, મલાડ (વેસ્ટ) મુકામે બોટાદ સંપ્રદાયના ચાર મહાસતીજીઓની ઉપસ્થિતિમાં ઉપાશ્રયના હૉલમાં વિશાળ શ્રાવકસમુદાય સમક્ષ બા.બ્ર. સુરેશભૈયાએ 'ધર્મનું સ્વરૂપ' વિષય પર સુંદર છણાવટ કરીને ધર્મના સાચા સ્વરૂપની પ્રાપ્તિ કેવી રીતે થાય તે વિષે આકર્ષક રસપ્રદ શૈલીમાં સ્વાધ્યાય આપીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. સ્વાધ્યાય બાદ ઉપાશ્રયના પદાધિકારીઓ દ્વારા સંસ્થાના ભૂતપૂર્વ ટ્રસ્ટી આદ.શ્રી મનહરભાઈ જસવાણીનું અભિવાદન કરવામાં આવ્યું. સંસ્થાના ટ્રસ્ટી મહોદય આદ. શ્રી શરદભાઈ ડેલીવાળાએ આભારવિધિ કરી ધર્મયાત્રા વિશે માહિતી આપી હતી. દશા શ્રીમાળી નગર ઉપાશ્રયના પ્રમુખ શ્રી પ્રીતેશભાઈ ગોસલિયા તથા મલાડ મામલતદાર વાડી ઉપાશ્રયના પ્રમુખ શ્રી જયકાંતભાઈ હીરાણી તથા તેઓના કમિટિ મેમ્બર શ્રી હિતેન્દ્રભાઈ ડેલીવાળા તેમજ નિઃશુલ્ક સાઉન્ડ સિસ્ટમ પૂરી પાડનારા શ્રી હિતેશભાઈ વસાણીને સુંદર સાથ-સહકાર આપવા બદલ સંસ્થા વતી સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ.

**(૨) વાલકેશ્વરઃ-** તા. ૪-૬-૨૦૨૨ ના શનિવારના દિવસે સવારે ૧૦ વાગ્યે 'કમલા બંગલો' વાલકેશ્વર મુકામે આયોજિત સત્સંગમાં 'ધ્યાન' વિષય અંતર્ગત ધ્યાનના પ્રકારો - આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન હેય તેમજ ધર્મધ્યાન અને શુકલધ્યાન ઉપાદેય છે વગેરે અંગે ચિંતનાત્મક શૈલીમાં આદ. સુરેશભૈયાએ સ્વાધ્યાય આપ્યો તેમજ ધ્યાનનો પ્રયોગ પણ કરાવ્યો હતો.

આ બંગલો મુંબઈના જૈન સમાજના આગેવાન, દાનવીર મફતલાલ પરિવારનો છે. સમાજસેવામાં તેઓનું વિશિષ્ટ યોગદાન રહ્યું છે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલ, વાલકેશ્વર તરફથી પરમકૃપાળુદેવના પરમ ભક્ત, વચનામૃતના અભ્યાસી તથા માનવસેવાનો અભિગમ ધરાવતા આદ. શ્રી સુરેશભાઈ શાહના પ્રેમપરિશ્રમથી કરવામાં આવ્યું હતું. સ્વાધ્યાય બાદ આપણી સંસ્થાના પ્રમુખ આદ. શ્રી નીતિનભાઈ પારેખનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ પહેલાં આદ. શ્રી મફતકાકાના સુપુત્ર શ્રી અશ્વિનભાઈ તથા શ્રીમતી દર્શનાબેનના નિવાસસ્થાને આદ. બા.બ્ર. સુરેશભૈયા સહિત મુમુક્ષુઓ પધાર્યા હતા. સૌનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

**(૩) શ્રી સ્વામિનારાયણ મંદિર, પવઈઃ-** તા. ૪-૬-૨૦૨૨ નાં શનિવારના રાત્રે ૦૮.૦૦ વાગ્યે શ્રી સ્વામિનારાયણ મંદિર, પવઈ મુકામે આદ. સુરેશભૈયાનો સ્વાધ્યાય રાખવામાં આવ્યો હતો. તેઓશ્રીએ શ્રવણ, મનન, ચિંતન અને નિદિધ્યાસન દ્વારા આત્માનુભૂતિ તરફ કેવી રીતે જવાય તે વિશે તત્ત્વસભર માહિતી આપી હતી.

આ મંદિર યોગીજી અને શાસ્ત્રીજી મહારાજના શિષ્ય શ્રી દાદુભાઈ (કાકાજી) એ બંધાવેલ છે. સ્વાધ્યાય બાદ મંદિરના પદાધિકારીઓએ ભાવપૂર્વક આભારવિધિ કરીને ફરી પધારવા આમંત્રણ આપ્યું હતું. સંસ્થાના ટ્રસ્ટી શ્રી શરદભાઈ ડેલીવાળાએ કોબા સંસ્થાની માહિતી આપીને સત્સંગ અર્થે પધારવા

નિમંત્રણ આપ્યું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન આદ. શ્રી સુરેશભાઈ શાહે કર્યું હતું.

(૪) **શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, ઘાટકોપરઃ**- તા. ૫-૬-૨૦૨૨ના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યે શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, ઘાટકોપર, મુકામે બા.બ્ર.સુરેશભૈયાએ વચનામૃતજીના આધારે મનનીય સ્વાધ્યાય આપ્યો હતો. તેઓશ્રીએ પરમકૃપાળુદેવના વચનામૃત 'હું સત્ચિદાનંદ પરમાત્મા છું.' ના આધારે આત્માના સ્વરૂપની પ્રાપ્તિ કેવી રીતે થાય તે અંગે વિશદ ચર્ચા કરી હતી. વિશાળ સંખ્યામાં મુમુક્ષુઓએ સ્વાધ્યાયનો લાભ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન કરવામાં સંસ્થાના પ્રમુખ આદ. શ્રી નીતિનભાઈએ જ્ઞાનમંદિરના ટ્રસ્ટીઓ શ્રી કિશોરભાઈ વગેરે સાથે મળીને વિશેષ પ્રેમપરિશ્રમ લીધો હતો. શ્રી કિશોરભાઈએ બા.બ્ર.સુરેશજીને અવારનવાર પધારીને સ્વાધ્યાયનો લાભ આપવા અનુરોધ કર્યો હતો.

(૫) **સુધર્મા ફાઉન્ડેશન, ખાર :**- તા. ૫-૬-૨૦૨૨ના રોજ સુધર્મા ફાઉન્ડેશન, ખારના સાધકવિશેષ આદ. મુરબ્બી શ્રી સુસ્મિતાબેનના પ્રેમપરિશ્રમથી આદ.શ્રી દેવચંદભાઈ ભોજાણીના નિવાસસ્થાને આદ. ભૈયાજીના સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી દેવચંદભાઈ ભોજાણી, સમસ્ત પરિવારે સાથિયા, તોરણ, દીપ દ્વારા સૌનું ભાવભીનું સ્વાગત કર્યું. 'સુસ્વાગતમ્' ના ભોજાણી પરિવારના વાજિંત્રના નાદ સાથે ભક્તિપદ તેમજ મુમુક્ષુગણ સાથે ભાવદીપના લક્ષ્ય સાથે દ્રવ્યદીપ પ્રગટ્યાં. વચનામૃતજીના આધારે આદ. સુરેશભૈયાએ સ્વાધ્યાય કરાવ્યો. ત્યારબાદ સૌને ધ્યાનનો અભ્યાસ કરાવ્યો. સ્વામિવાત્સલ્ય અને સંઘપૂજન બાદ શ્રી કિરણભાઈ/શ્રી વર્ષાબેને મુમુક્ષુઓના પાવન પગલાં અર્થે પોતાના ગૃહાંગણે આમંત્ર્યા હતા.

નીચેના મુમુક્ષુઓના નિવાસસ્થાને વિશેષ ધર્મવાર્તા, સત્સંગ અને ભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતોઃ-

**(A) શ્રી દર્શનભાઈ જશવાણી, મલાડઃ**- તા. ૧-૬-૨૦૨૨ના રોજ શ્રી દર્શનભાઈ જશવાણીના નિવાસસ્થાને પરમકૃપાળુદેવ રચિત 'બિના નયન પાવે નહીં' પદના આધારે સ્વાધ્યાય આપતાં બા.બ્ર. સુરેશભૈયાએ જણાવ્યું કે અંતરચક્ષુ દ્વારા પરમાત્માના દર્શન કરી શકાય. શ્રી દર્શનભાઈ જશવાણી તરફથી સાંજે ચૌવિહારની વ્યવસ્થા તેમજ પરિવાર દીઠ પ્રભાવના કરવામાં આવી હતી.

**(B) શ્રી પંકજભાઈ શાહ, (બોરીવલી) :**- આપણી સંસ્થાના સેવાભાવી ટ્રસ્ટી મહાનુભાવ આદ.શ્રી પંકજભાઈ શાહના નિવાસસ્થાને સ્વાધ્યાય આપતાં સુરેશભૈયાએ જણાવ્યું કે ભૂતકાળને ભૂલીને, ભવિષ્યની ચિંતાઓને છોડીને વર્તમાનને આનંદપૂર્વક માણો. શ્રી પંકજભાઈ તરફથી સૌ માટે સાંજે ચૌવિહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

**(C) શ્રી શરદભાઈ ડેલીવાળા, બોરીવલીઃ**- તા.૩-૬-૨૦૨૨ના રોજ પ્રજ્ઞાવંત ટ્રસ્ટી મહાનુભાવ આદ. શ્રી શરદભાઈ/ શ્રી ઈલાબેન ડેલીવાળાના નિવાસસ્થાને આદ. સુરેશભૈયાએ વચનામૃત પત્રાંક-૪૦ ના આધારે તત્ત્વ પામવાની પાત્રતા અંગે માનનીય સ્વાધ્યાય આપ્યો. સ્વાધ્યાય બાદ શ્રી શરદભાઈ ડેલીવાલા પરિવાર તરફથી સૌને આઈસ્ક્રીમ આપવામાં આવ્યો તેમજ ડ્રાયફ્રુટના બોક્ષની પ્રભાવના કરવામાં આવી હતી.

**(D) શ્રી ઊર્વેશભાઈ/ શ્વેતાબેન શાહ, બોરીવલીઃ**- આદ. શ્રી ઊર્વેશભાઈ/શ્વેતાબેન શાહના નિવાસસ્થાને સુરેશભૈયાએ સાત મોટા વ્યાસનો અને સાત અભક્ષ્ય પદાર્થો વિશે વિસ્તૃત સમજૂતી આપી હતી. ધર્મચર્ચાને અંતે બાળકો પૂજા શાહ, વિરાગ મણિયાર, કિર્તન શાહ, ગૌતમ શાહ તેમજ ઉપસ્થિત મુમુક્ષુ ભાઈ-બહેનોએ સપ્ત વ્યસન ત્યાગ અને સાત અભક્ષ્ય પદાર્થોના ત્યાગના પરચક્ખાણ લીધા હતા. શ્વેતાબેનના નિવાસસ્થાને સાંજે ચૌવિહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

**(E) ડૉ. મિહિરભાઈ, ઘાટકોપરઃ**- ડૉ. મિહિરભાઈ પરિવારે શ્રી ભૈયાજી તથા મુમુક્ષુઓનું ભાવભીનું સ્વાગત કરેલ. તેઓના ઘરે આદ. ભૈયાજી દ્વારા સુંદર ધર્મચર્ચા તથા તત્ત્વવિચારણા કરવામાં આવેલ. બધા

મુમુક્ષુઓ માટે ચૌવિહારની વ્યવસ્થા હતી.

**(F) શ્રી કિંતનભાઈ મણિયાર, કાંદીવલીઃ-** સેવાભાવી મુમુક્ષુ શ્રી કિંતનભાઈ મણિયારના નિવાસસ્થાને ભક્તિપદો બાદ 'જીવનમાં ધર્મનું મહત્ત્વ' વિષયના આધારે યુવાવર્ગમાં આત્મજાગૃતિ વધે તે અંગે સુરેશભૈયાએ મનનીય સ્વાધ્યાય આપ્યો. શ્રી કિંતનભાઈ પરિવાર તરફથી બપોરના ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

**(G) શ્રી નીતિનભાઈ પારેખ, માટુંગાઃ-** સંસ્થાના પ્રમુખ આદ. શ્રી નીતિનભાઈ પારેખના નિવાસસ્થાને સિદ્ધપૂજા રાખવામાં આવી હતી. સુરેશભૈયાએ સિદ્ધપૂજાનું માહાત્મ્ય અને ભાવાર્થ સમજાવ્યા હતા. શ્રી નીતિનભાઈ પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

**(H) શ્રી અશોકભાઈ પી. શાહ, દાદરઃ-** સાધકવિશેષ આદ. શ્રી અશોકભાઈ શાહના નિવાસસ્થાને સુરેશભૈયા સાથે ધર્મચર્ચા કરવામાં આવી. સાંજે સૌ માટે ચૌવિહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

**(I) શ્રી અરવિંદભાઈ કારાણી, બોરીવલીઃ-** સંસ્થાને સમર્પિત સેવાભાવી સાધક શ્રી અરવિંદભાઈ કારાણીના નિવાસસ્થાને 'જિંદગી સુધાર બંદે...' પદના આધારે સ્વાધ્યાય આપતા બા.બ્ર. સુરેશજીએ જણાવ્યું કે જીવનપર્યંત સાધના કરવાની છે. સદ્ગુરુના શરણમાં જઈ, જીવનને સમર્પિત કરીને તેઓની આજ્ઞા પ્રમાણે સાધના કરવાથી આત્મતત્ત્વની પ્રાપ્તિ થાય છે.

**(J) શ્રી શિરીષભાઈ વી. શાહ, મરીનલાઈન્સઃ-** ભક્તિપ્રધાન મુમુક્ષુ મુરબ્બી આદ. શ્રી શિરીષભાઈ વી. શાહના નિવાસસ્થાને પૂજ્ય બહેનશ્રી બા.બ્ર. સુરેશભૈયા અને મુમુક્ષુઓના સાન્નિધ્યમાં ભાવવાહી અંતરના તારને ઝંકૃત કરતા ભક્તિપદો દ્વારા વિશુદ્ધિને પ્રાપ્ત કરી.

**(K) શ્રી શિશિરભાઈ/ શ્રી સમીરભાઈ મહેતા, વાલકેશ્વરઃ-** શ્રી શાંતિલાલ સી. મહેતા પરિવારના સદસ્યો શ્રી શિશિરભાઈ, શ્રી સમીરભાઈ, શ્રી સુવાસભાઈ સમસ્ત પરિવારે સૌનું ભાવભીનું સ્વાગત કર્યું. આ પરિવારનો વાત્સલ્યભાવ, ભક્તિભાવ પ્રશંસનીય છે. તેઓશ્રીએ પૂજ્ય સાહેબજીને ભાવપૂર્વક યાદ કર્યા અને પૂજ્ય બહેનશ્રી તથા આદ. સુરેશભૈયા સાથે ધર્મચર્ચા કરી.

**(L) શ્રી નવીનભાઈ શાહ, મલાડઃ-** સેવાભાવી તથા દાનવીર મુમુક્ષુવિશેષ આદ. શ્રી નવીનભાઈ શાહના નિવાસસ્થાને આદ. સુરેશભૈયાએ વચનામૃત પત્રાંક-૩૦૧ ના આધારે સ્વાધ્યાય આપ્યો હતો. શ્રી નવીનભાઈના પૌત્રીઓએ ભાવવાહી ભક્તિપદોનો લાભ આપ્યો હતો.

**(M) શ્રી અરુણભાઈ બગડિયા, ઘાટકોપરઃ-** સંસ્થાના સેવાભાવી અને સમર્પિત મુમુક્ષુવિશેષ આદ. શ્રી અરુણભાઈ બગડિયા તા. ૪-૬-૨૦૨૨ના રાત્રે સ્વામિનારાયણ મંદિર, પવઈ સુરેશભૈયાને લેવા માટે ગયા. શ્રી મેહુલભાઈ અરુણભાઈ બગડિયાના નિવાસસ્થાને સુરેશભૈયા સાથે ધર્મવાર્તા થઈ. રાત્રે વિશ્રાંતિ બાદ તા.૫-૬-૨૦૨૨ના રોજ બપોરે ભોજન બાદ સુરેશભૈયાએ પ્રસ્થાન કર્યું.

**(N) શ્રી સુશીલાબેન કારાણીઃ-** શ્રી સુશીલાબેન કારાણી સહ પરિવારે આદ. ભૈયાજી તથા મુમુક્ષુઓનું ભાવભીનું સ્વાગત કર્યું. શ્રી વર્ધમાન પ્રભુની ભાવપૂજા કરી, અને ભક્તિપદો લીધાં. પ્રાસંગિક સત્સંગનો કાર્યક્રમ યોજાયો. સૌ માટે નવકારશીની વ્યવસ્થા કરવામાં આવી.

આ ઉપરાંત નીચેના મુમુક્ષુ ભાઈ-બહેનોના નિવાસ સ્થાને મુલાકાત-ભક્તિ-ધર્મચર્ચા યોજાયા હતા. (૧) શ્રી નયનાબેન શાહ, (૨)શ્રી વિમળાબેન ડેલીવાળા, (૩) શ્રી નીરવભાઈ.

યાત્રાને સર્વાંગ સફળ બનાવવા માટે વિશેષ પુરુષાર્થ કરનારા શ્રી નીતિનભાઈ પારેખ, શ્રી શરદભાઈ જશવાણી, શ્રી અરૂણભાઈ બગડિયા, શ્રી પંકજભાઈ શાહ, શ્રી ઈલાબેન ડેલીવાળા તેમજ કિંતનભાઈ

મણિયારને સંસ્થા તરફથી સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ. ઉપરાંત ધર્મયાત્રામાં કોઈપણ પ્રકારે સહયોગ આપનારા નામી-અનામી મુમુક્ષુ ભાઈ-બહેનોનો પણ અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

## ચિતરી ગામમાં શ્રી શાંતિવિધાન અને ભક્તિ-સત્સંગ અર્થે રાજસ્થાન ધર્મયાત્રા

પ.પૂ.પ્રજ્ઞાશ્રમણ મુનિશ્રી ચંદ્રગુપ્તજી તથા આદ. બા.બ્ર. અલકાદીદીની જન્મભૂમિ ચિતરી (રાજસ્થાન) માં તેમના મોટાભાઈ આદ. દીપેશભાઈએ પૂ. મુનિશ્રીના ૪૦માં અવતરણ દિવસ અને તેમના માતા-પિતાના (શ્રી શકુંતલાબેન તથા રાજેન્દ્રભાઈ શાહ) સાર્વજનિક દાંપત્ય જીવનની ૫૦મી વર્ષગાંઠના પ્રસંગે પ.પૂ. સાહેબજીના પરોક્ષ આશીર્વાદથી, પૂ.બેનશ્રી ડૉ. શર્મિષ્ઠાબેન સોનેજી તથા સમસ્ત ત્યાગીવૃંદના સાન્નિધ્યમાં દ્વિદિવસીય ધાર્મિક અનુષ્ઠાન શ્રી શાંતિ-વિધાન અને ભક્તિ-સત્સંગનું આયોજન કરવામાં આવ્યું. ભાવભર્યા આમંત્રણને માન આપીને પૂ. બેનશ્રી તથા અન્ય સાધકવૃંદે તા. ૧૦-૬-૨૦૨૨ થી ૧૧-૦૬-૨૦૨૨ ધર્મયાત્રા હેતુ કોબાથી પ્રસ્થાન કર્યું.

સર્વપ્રથમ તેમણે સાગવાડા નગરના યોગીન્દ્રગિરિ અતિશયક્ષેત્ર પર વિરાજમાન પ.પૂ. વૈજ્ઞાનિક ધર્માચાર્ય શ્રી કનકનંદિજી મહારાજના દર્શન અને સમાગમનો લાભ લીધો; જ્યાં પૂ. આચાર્યશ્રીએ અત્યંત વાત્સલ્યપૂર્વક આશીર્વાદ સહિત સત્‌સાહિત્ય આપ્યું. ત્યારબાદ શ્રી ઊર્મિલાબેન અને ઉમાકાન્તભાઈ વ્યાસ (બ્ર. કપિલભૈયા) ના નિવાસસ્થાને ભાવભક્તિપૂર્વક ભગવાન મહાવીર, પરમકૃપાળુદેવ તથા પૂ. સાહેબજીના સુંદર ચિત્રપટોની પ્રતિષ્ઠા કરવામાં આવી. તે દિવસે બપોરે ચિતરી ગામમાં શ્રી દિપેશભાઈ રાજેન્દ્રજી શાહ (બ્ર. અલકાદીદી) ના નિવાસસ્થાને પહોંચ્યા, જ્યાં તેમના કુટુંબીજનો તથા સાધર્મીસમુદાય દ્વારા ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું તથા ત્યાં પણ ભગવાન અને ગુરુભગવંતોના સુંદર ચિત્રપટોની પ્રતિષ્ઠા સાનંદ-સંપન્ન થઈ. તે જ દિવસે રાત્રિ કાર્યક્રમમાં સાંસ્કૃતિક કાર્યક્રમ સહ ત્યાગીવૃંદ દ્વારા ભક્તિ તથા સત્સંગમાં પૂ. બહેનશ્રી, આદ. બા.બ્ર. સુરેશભૈયાજી, આદ. બા.બ્ર. અલકાદીદી, આદ. બા.બ્ર. રાગિણીદીદી તથા આદ. બા.બ્ર. કપિલભૈયાએ સત્સંગ, ભક્તિ તથા ગુણાનુવાદના માધ્યમથી સૌને સંબોધિત કર્યા. કાર્યક્રમનું સંચાલન શ્રીપાયલબેન તથા આભારવિધિ શ્રી દીપેશભાઈ દ્વારા કરવામાં આવી.

બીજા દિવસે ૧૧ જૂન શનિવારે પૂ. મુનિશ્રીના જન્મજયંતિના શુભપ્રસંગે સવારે ૭ વાગ્યે શાંતિવિધાન બા.બ્ર. શ્રી અલકાદીદીના નેતૃત્વમાં પૂ. બેનશ્રી તથા સમસ્ત ત્યાગીવૃંદના સાન્નિધ્યમાં તથા અનેક સાધકોની ઉપસ્થિતિમાં વિવિધ સુંદર દ્રવ્યોસહ સંગીતમય વાતાવરણમાં સાનંદ સંપન્ન થયું.

સમસ્ત નગરવાસી તથા પરિવારજનો હર્ષોલ્લાસ સાથે વિધાનમાં સહભાગી થયા. ત્યારબાદ પૂ. મુનિશ્રીના ૪૦મા અવતરણ દિવસના ઉપલક્ષમાં ભક્તિપૂર્વક તેમના ગુરુભગવંતો સહિત તેઓશ્રીની ભક્તિપૂર્વક પૂજા અર્ચના કરી.

આ સમસ્ત આયોજનના કર્ણધાર શ્રી મિનાક્ષીબેન તથા આ.શ્રી દીપેશભાઈની દેવ-ગુરુ ભક્તિ તથા શ્રવણકુમાર જેવી માતૃ-પિતૃ ભક્તિની અભિવ્યક્તિ અત્યંત અનુમોદનીય, અભિનંદનીય તથા પ્રેરણાદાયી છે. આ પાવન પ્રસંગના ઉપલક્ષે આદ. દીપેશભાઈએ તેમના માતા-પિતાની પ્રેરણાથી 'દિવ્યધ્વનિ' ના અંક માટે રૂા. ૨૧૦૦૦/- નું સંસ્થામાં યોગદાન આપ્યું. બપોરે ભોજન અને વિશ્રાન્તિ બાદ શ્રી મોહિતાબેન તથા શ્રી ભૂપેશભાઈના નિમંત્રણથી તેમના નિવાસસ્થાન પર સ્થિત શ્રી આદિનાથ ચૈત્યાલય, ચિતરીમાં દર્શનાર્થે ગયા. ત્યારબાદ ચિતરી ગામથી ભાવભીની વિદાય લઈ રાત્રિવિશ્રામ શ્રી ગોપાલભાઈ નટવરલાલ પાટીદાર (કોટડા) આદ. ભૈયાજીના ઘરે કર્યો. ૧૨ જૂન વહેલી સવારે કોટડાથી કોબા તરફ પ્રસ્થાન કર્યું.

## પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇના માર્ગદર્શન હેઠળ ચાર સાધ્વીજીઓને પ્રાપ્ત થયેલી ડોક્ટરેટની પદવી

જિનશાસનમાં એક મહત્ત્વની ઘટનાએ આકાર લીધો છે અને તે એ છે કે તાજેતરમાં એક સાથે ચાર જૈન સાધ્વીઓને ડૉ. કુમારપાળ દેસાઈના માર્ગદર્શન હેઠળ પી.એચ.ડી. ની પદવી પ્રાપ્ત થઇ છે. આ અગાઉ સાધ્વીજી સમેત વીસથી વધુ વિદ્યાર્થીઓએ ડૉ. કુમારપાળ દેસાઇના માર્ગદર્શન હેઠળ પી.એચ.ડી. ની પદવી મેળવી છે અને તેઓ ગુજરાતી સાહિત્ય, પત્રકારત્વ, શાંતિ-સંશોધન, ગાંધીદર્શન અને જૈનદર્શન એમ પાંચ વિષયોમાં પી.એચ.ડી. ગાઈડ હોવાનું માન ધરાવતા હતા. હાલમાં લાડનૂ યુનિવર્સિટીના પ્રોફેસર એમરિટ્સ તરીકે ચાર સાધ્વીજીઓએ એક સાથે પી.એચ.ડી. ની પદવી પ્રાપ્ત કરી છે; જેમાં તપાગચ્છના શ્રી ભક્તિસૂરિ સંપ્રદાયના પૂજ્ય આચાર્ય વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્ય ગચ્છાધિપતિ શ્રી વિજયશાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજના સમુદાયના પ.પૂ. નિર્વેદરત્નાશ્રીજી મહારાજના બંને શિષ્યાઓએ પી.એચ.ડી.ની પદવી મેળવી છે. એમ.કોમ. ની પદવી મેળવ્યા બાદ સંયમજીવન ગ્રહણ કરનાર સાધ્વી દર્શનનિધિશ્રીજી મહારાજ સાહેબે 'જૈન ધર્મદર્શનમેં ધ્યાન-વિષયક વિવેચન (પિંડસ્થ-પદસ્થ-રૂપસ્થ-રૂપાતીત કે સંદર્ભ મેં)' એ વિષય પર વિસ્તૃત મહાનિબંધ લખીને આ પદવી પ્રાપ્ત કરી છે, તો સાધ્વી કાવ્યનિધિશ્રીજી મહારાજે 'જૈન ધર્મદર્શનમાં કાયોત્સર્ગ કા સ્વરૂપ વિવેચન' એ વિષય પર મહાનિબંધ લખીને પરમાત્માની સાધનાના મુખ્ય કેન્દ્ર સમા કાયોત્સર્ગ વિશે વ્યાપક અભ્યાસ કર્યો છે. એમ.બી.એ. નો અભ્યાસ કર્યા પછી માતા-પિતાના ધર્મસંસ્કાર અને એમના આશિષ સાથે સંયમમાર્ગ ગ્રહણ કરનાર સાધ્વી કાવ્યનિધિશ્રીજીએ કાયોત્સર્ગની સાધનાપદ્ધતિ, એનું સ્વરૂપ, અષ્ટાંગયોગના સંદર્ભમાં કાયોત્સર્ગ, કાયોત્સર્ગી સાધકો અને વર્તમાન સમયમાં કાયોત્સર્ગની આવશ્યકતા પર વૈજ્ઞાનિક દૃષ્ટિએ મહાનિબંધમાં વિસ્તૃત કામ કર્યું છે. તો ગચ્છાધિપતિ આચાર્ય નિત્યસેનસુરિશ્વરજી મહારાજના અમિતદ્રષ્ટાશ્રીજી મહારાજ સાહેબના શિષ્યા સાધ્વી વિરાગદ્રષ્ટાશ્રીજીએ 'આચાર્ય જયંતસેનસૂરિ મહારાજના ગદ્ય-પદ્ય સાહિત્ય મેં અધ્યાત્મવાદ' એ વિષય પર રાષ્ટ્રસંત આચાર્યશ્રીના સાહિત્યસર્જન, કાવ્યસાહિત્ય, આગમ સાહિત્ય, ઇતિહાસ અને શાસન પ્રભાવનાનાં કાર્યો જેવા વિષયો પર કાર્ય કર્યું છે. તો લીંબડી અજરામર સંપ્રદાયના ગચ્છાધિપતિ આચાર્ય ગુરુશ્રી ભાવચંદ્રસ્વામી તથા મહાસતી અમરતલાલજીના શિષ્યા સાધ્વી પ્રિયંવદા મહાસતીજીએ 'અપરિગ્રહ કા સિદ્ધાંત ઔર વર્તમાન સમય મેં ઉસકી ઉપયોગિતા' એ વિશે વિસ્તૃત મહાનિબંધ લખ્યો છે અને એમાં અપરિગ્રહની સાધના, ઉપાસના, આરાધના, એ વિશેની વિવિધ વિચારધારાઓ તેમજ વર્તમાન સમયના ઉપભોગતાવાદના પરિણામે પર્યાવરણનો વિનાશ અને સામૂહિક બેકારી જેવા દૂરગામી પ્રભાવોની પણ ચર્ચા કરી છે. વળી મહાવીર સ્વામી, હેમચંદ્રાચાર્ય, મહાત્મા ગાંધી, ઓશો રજનીશ, આચાર્ય મહાપ્રજ્ઞ, પુણિયા શ્રાવક, આનંદ શ્રાવક વગેરેએ દર્શાવેલા અપરિગ્રહના સિદ્ધાંતોની સાથે બૌદ્ધ, ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મના સિદ્ધાંતમાં આલેખાયેલા અપરિગ્રહની વાત કરી છે. આમ, ચાર સાધ્વીજીઓને એમની ચારેક વર્ષની મહેનત બાદ ડોક્ટરેટની પદવી પ્રાપ્ત થઇ છે, તે એક માર્ગસૂચક ઘટના છે.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :-

**ગુરુકુળ :** (૧) શ્રી સુધર્મા ફાઉન્ડેશન, ખાર, મુંબઈ — રૂા. ૨૩,૦૦૦/-
હસ્તે : શ્રી સુસ્મિતાબેન (ધર્મયાત્રા)

| | | | |
|---|---|---|---|
| | (૨) | શ્રી ભરત તારાચંદ ઉદાણી (જીવદયા) | રૂા. ૧૨,૪૦૦/- |
| | (૩) | શ્રી ઉર્વેશ એન. શાહ, મુંબઈ (સાધક-ઉત્કર્ષ) | રૂા. ૧૦,૦૦૦/- |
| | (૪) | શ્રી જ્યોતીન્દ્રભાઈ દોશી, રાજકોટ (વિદ્યાર્થીઓ માટે ૫૦૦ ફૂલસ્કેપ ચોપડા) | રૂા. ૧૦,૦૦૦/- |
| **ધર્મયાત્રા, મુંબઈ :** | (૧) | શ્રી પુનિતભાઈ શિરીષભાઈ મહેતા, મુંબઈ | રૂા. ૨૧,૦૦૦/- |
| | (૨) | શ્રી પારુ શરદભાઈ જશવાણી, મુંબઈ હસ્તે : શ્રી દર્શનભાઈ જશવાણી | રૂા. ૧૧,૦૦૦/- |
| **સંત વૈયાવચ્ચ :** | (૧) | શ્રી તિલક, મનન જૈન, દિલ્હી | રૂા. ૧૦,૦૦૦/- |
| **સંસ્થાની નવી ગાડી :** | (૧) | શ્રી મહેન્દ્રભાઈ એસ. મહેતા, પૂના | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| **ગુરુકુળ :** | | | |
| **પુસ્તક પ્રકાશન :** | (૧) | શ્રી ક્રિષ્ના બકુલભાઈ ચૌધરી, ચોરીવાડ (ભોજનાલય) | રૂા. ૧૦,૦૦૦/- |
| **વરિષ્ઠ મુમુક્ષુ સહાય :** | (૧) | શ્રી સરોજબેન વિપીનભાઈ શાહ, USA (સાધકઉત્કર્ષ, જીવદયા) હસ્તે : શ્રી વીણાબેન મહેન્દ્રભાઈ ખંધાર | રૂા. ૧૦,૦૦૦/- |

## વૈરાગ્ય સમાચાર



**[૧] અમદાવાદ :** આપણી સંસ્થામાં પ્રસંગોપાત પધારીને સત્સંગનો લાભ લેતાં **મુકેશભાઈ રસિકલાલ શાહ**નું તા. ૦૨-૦૬-૨૦૨૨ ના રોજ ૬૮ વર્ષની વયે દેહાવસાન થયું છે. માતા-પિતા માટે શ્રવણ સમાન મુકેશભાઈએ સી. એન. વિદ્યાલયમાં અભ્યાસ કરી એલ.એલ.બી. (એડ્વોકેટ) અને સી.એ. ની ઉચ્ચ ડીગ્રી પ્રાપ્ત કરી હતી. તેઓશ્રીએ પિતાજીની સાથે ઇન્કમટેક્ષ કન્સલ્ટન્સીના વ્યવસાયને આગળ વધાર્યો.

બાળપણથીજ તેઓ શાંત, સરળ અને પ્રેમાળ પ્રકૃતિના હતા. માતાપિતા તરફથી મળેલા ધાર્મિક સંસ્કારોને જીવનમાં આત્મસાત્ કરીને તેઓશ્રી જિંદગીના અંતિમ શ્વાસ સુધી અનેક ધાર્મિક કાર્યોમાં કાર્યરત રહ્યા હતા. અનેક દેરાસરોમાં પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરવામાં તેમજ દેરાસર બંધાવડાવવામાં તેઓએ ખૂબ પ્રેમપરિશ્રમ લીધો હતો. તેઓ ધાર્મિકતાના પ્રતીક સમા શ્રાવક હતા. અનેક સાધુ ભગવંતો સાથે તેઓનો આત્મીયતાનો નાતો રહ્યો હતો. કોબા મુકામે પ્રતિષ્ઠા ઉત્સવ, ખનનવિધિથી માંડીને પ્રાણપ્રતિષ્ઠા સુધીના દરેક કાર્યોમાં રાષ્ટ્રસંત આચાર્યશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી તથા તેઓના શિષ્યગણના માર્ગદર્શન હેઠળ દેરાસર બંધાવાનું કાર્ય સ્વહસ્તે સિદ્ધ કર્યું.

તેઓ આપણી સંસ્થા તેમજ ડૉ. સોનેજી પરિવાર સાથે લગભગ ૪૫ વર્ષથી જોડાયેલા હતા. પૂજ્ય આત્માનંદજી પ્રત્યે આદ. શ્રી રસિકભાઈને ખૂબ અહોભાવ હતો. શ્રી રસિકભાઈએ (સ્વ. મુકેશભાઈના પિતાશ્રી) થોડા સમય માટે આપણી સંસ્થાના ટ્રસ્ટી તરીકેની સેવાઓ આપી હતી અને તે વખતે સંસ્થાનું ઓરીજિનલ ટ્રસ્ટ ડીડ બનાવવામાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેઓશ્રીનું જીવન સાદુ, સરળ તથા ઉચ્ચ વિચારોથી સભર હતું, પોતાના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના વ્યવસાયમાં તેઓ નીતિસંપન્ન તથા સાચા માર્ગદર્શક હતા, જેનો ડૉ. રાજેશભાઈ સોનેજીએ અનુભવ કર્યો છે. તેઓના માતુશ્રી સ્વ. મંજુલાબેન સદ્ગુણસંપન્ન અને ધર્મપ્રેમી હતા. તેઓ અવારનવાર કોબા પધારીને સત્સંગનો લાભ લેતા હતા. તેઓશ્રીના ધર્મપત્ની મિન્ટીબેન સહિત સમગ્ર પરિવાર સદ્ગુણસંપન્ન, ધર્મપ્રેમી તથા પરોપકારી રહ્યો છે. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે અને આગામી થોડા ભવોમાં તેઓ પરમપદને પામે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને પ્રાર્થના છે.

## પૂ. સોભાગભાઈની ૧૨૫મી પુણ્યતિથિ નિમિત્તે સાયલા આશ્રમમાં યોજાયેલ ભક્તિ વેળાએ
(તા. ૨૩-૦૬-૨૦૨૨)





## સંસ્થામાં યોજાયેલ પંચ દિવસીય ઘનિષ્ઠ તત્ત્વચિંતન શિબિર વેળાએ
(તા. ૧૫-૦૬-૨૦૨૨ થી ૧૯-૦૬-૨૦૨૨)



આચાર્યશ્રી કનકનંદિજીના દર્શનાર્થે, સાગવાડા



આદ. બા.બ્ર. કપિલભૈયાના નિવાસસ્થાને ચિત્રપટાદિની સ્થાપના વેળાએ



ચીતરી ગામમાં શ્રી શાંતિવિધાન, ભક્તિ-સત્સંગ



આદ. શ્રી દીપેશભાઈના ઘરે ચિત્રપટની સ્થાપના

Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : L-5-131-GAMC-309/2021-2023
issued by SSP Ahmedabad Valid upto 31-12-2023 - Publication Date 15th of every month



# સંસ્થા સંચાલિત છાશકેન્દ્રોમાં છાશ-વિતરણમાં સહયોગ આપનારા સેવાભાવી મહાનુભાવોનું સંસ્થા દ્વારા અભિવાદન

## આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

૧ 'દિવ્યધ્વનિ' જુલાઈ - ૨૦૨૨ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ
**સ્વ. મધુકાંતાબેન રમણિકલાલ શેઠના આત્મસ્મરણાર્થે**
હસ્તે : શ્રી મુકેશભાઈ શેઠ પરિવાર, અમદાવાદ
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

૨ 'દિવ્યધ્વનિ' જુલાઈ - ૨૦૨૨ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ
**શ્રી કોબાતીર્થ મુમુક્ષુમંડળ, દિલ્હી**
હસ્તે : શ્રીમતી નિધિબેન દીપકભાઈ જૈન
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

**Printed & Published by** Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
**Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra** - Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat).
Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. **Editor :** Shri Mitesh A. Shah

To,